પાના ૮ , કિંમત ૩.૨, તા. ૧૯-૧૧-૨૦૨૬-ગુરૂવાર, સુરત

સાંધ્ય દૈનિક

પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૨૮૮ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

અમેરિકાના ખેડૂતોની મદદ માટે ચીનમાં ટ્રમ્પની ટહેલ

અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે જિનપિંગને પોતાના ખાસ મિત્ર ગણાવ્યાં : ટૂંક સમયમાં ત્રણ ટોચના નેતાઓની ઐતિહાસિક બેઠક

નવી દિલ્હી, તા.૧૯

અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે ચીનના રાષ્ટ્રપતિ જિનપિંગને અમેરિકી ખેડૂતોના હિતમાં વધુ સોયાબીન ખરીદવાની અપીલ કરી છે. ટ્રમ્પે કહ્યું કે ચીનમાં કૃષિ ઉત્પાદનોની માંગ ઘણી વધારે છે અને તેણે અમેરિકાના ખેડૂતો પાસેથી વધુ ખરીદી કરવી જોઈએ. ટ્રમ્પે જિનપિંગને પોતાના ખાસ મિત્ર ગણાવ્યા છે.


બંને નેતાઓની મુલાકાત બાદ હવે થોડા જ સમયમાં ટ્રમ્પ, જિનપિંગ અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચે ઐતિહાસિક બેઠક યોજાવાની છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન આજે પહેલીવાર એકસાથે બેઠક કરશે. આ ત્રિપક્ષીય બેઠક ચીનના શેનઝેનમાં યોજાઈ રહેલી એશિયા-પેસિફિક આર્થિક સહયોગ (APEC) સમિટ દરમિયાન થશે.

બેઠકમાં ઈરાન યુદ્ધ, યુક્રેન યુદ્ધ સહિતના ૫ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા થશે. આ પહેલાં બુધવારે ત્રણેય નેતાઓ APEC સમિટના સ્વાગત સમારંભમાં પણ એકસાથે જોવા મળ્યા હતા.

અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને ચીનના રાષ્ટ્રપતિ જિનપિંગ વચ્ચેની દ્વિપક્ષીય બેઠક લગભગ ૧ કલાક સુધી ચાલી. આ પહેલાં બુધવારે પણ બંને નેતાઓએ લગભગ ૨ કલાક સુધી વાતચીત કરી હતી.

અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું કે અમેરિકા અને ચીન બંને ઈચ્છે છે કે હોર્મુઝ સ્ટ્રેટમાંથી તેલ અને ગેસનો પુરવઠો કોઈપણ અડચણ વિના ચાલુ રહે. બંને દેશો એ પણ ઈચ્છે છે કે ઈરાન પરમાણુ હથિયાર ન બનાવી શકે.



તેમણે કહ્યું કે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે અન્ય ઘણા મુદ્દાઓ પર પણ મળીને કામ કરવાની સંભાવના છે. તેમાં અમેરિકામાં ફેન્ટેનાઇલ નામની નશીલી દવાની સમસ્યાને ખતમ કરવાનો મુદ્દો પણ સામેલ છે.

ટ્રમ્પે કહ્યું કે ઘણા લોકોને શંકા હતી કે આ મુલાકાતથી કંઈક મળશે કે નહીં, પરંતુ તેમને પૂરો વિશ્વાસ છે કે આ વાતચીતથી કંઈક ને કંઈક પરિણામ જરૂર આવશે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે તેઓ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે યુક્રેન યુદ્ધ બંધ કરવા અંગે ચર્ચા કરશે. ત્યારબાદ તેઓ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને શી જિનપિંગ સાથે પહેલીવાર યોજાનારી ત્રિપક્ષીય બેઠકમાં પણ આ મુદ્દે વાત કરશે.

સાઉદીની રાજધાની રિયાધ પર હુતી વિદ્રોહીઓનો હુમલો

સાઉદીએ યમન પર કરેલા વળતા હુમલામાં ત્રણનાં મોત

નવી દિલ્હી, તા. ૧૯

સના. હૂતી વિદ્રોહીઓએ સૌદી અરેબિયાની રાજધાની રિયાધ સ્થિત એક એરપોર્ટ અને નાણાકીય કેન્દ્ર પર મોટા પાયે મિસાઈલ હુમલાનો દાવો કર્યો છે. વળી, જૂથે આરોપ લગાવ્યો કે મધ્ય યમનમાં સૌદી અરેબિયાના હવાઈ હુમલાઓમાં એક બાળક સહિત ત્રણ લોકોનાં મોત થયાં અને પાંચ અન્ય ઘાયલ થયા.

સમાચાર એજન્સી શિન્હુઆના અનુસાર, હૂતી સૈન્ય પ્રવક્તા યાહ્યા સરીયાએ બુધવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' (X) પર જારી કરેલા નિવેદનમાં કહ્યું કે સંગઠને રિયાધના કિંગ ખાલિદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અને એક નાણાકીય કેન્દ્ર પર મોટી સંખ્યામાં ક્રૂઝ મિસાઈલો દાગી. તેમણે તેને યમનમાં નાગરિક ઠીકાનો પર સૌદી હુમલાઓના જવાબમાં કરવામાં આવેલી કાર્યવાહીણ ગણાવી. આના પહેલાં સરીયાએ અન્ય એક નિવેદનમાં દાવો કર્યો હતો કે પાછલા ૨૪ કલાક

અનુસંધાન પાના ૭ પર

બંગાળની ખાડીમાં સર્જાયેલુ ભયાનક વાવાઝોડું ઉત્તર દિશા તરફ આગળ વધ્યું

આવતી કાલે બપોરે વાવાઝોડું અક્વાન નરસાપુર અને પુરી વચ્ચેના દરિયા તટે ટકરાશે

નવી દિલ્હી, તા. ૧૯

બંગાળની ખાડીમાં સર્જાયેલું ભીષણ ચક્રવાતી વાવાઝોડું 'અક્વાન' (Akwan) ઝડપથી તટીય વિસ્તારો તરફ આગળ વધી રહ્યું છે. ભારતીય હવામાન વિભાગ (IMD)ના તાજા અપડેટ અનુસાર, આ ચક્રવાતી વાવાઝોડું આગામી ૨૦ નવેમ્બરની બપોર સુધીમાં ઉત્તર આંધ્રપ્રદેશ, યનમ અને દક્ષિણ ઓડિશાના તટીય ક્ષેત્રો ખાસ કરીને નરસાપુર અને પુરી વચ્ચે તટને પાર (લેન્ડફોલ) કરી શકે છે. સંભવિત જોખમને ધ્યાનમાં રાખીને હવામાન વિભાગે તટીય રાજ્યો માટે એલર્ટ જારી કરી દીધું છે. ૫ કિમી પ્રતિ કલાકની ગતિથી આગળ વધી રહ્યું છે વાવાઝોડું.

હવામાન વિભાગના બુલેટિન મુજબ, ૧૮ નવેમ્બરની રાત્રે ૧૧:૩૦ વાગ્યા સુધી ચક્રવાત 'અક્વાન' પશ્ચિમ-મધ્ય બંગાળની ખાડીમાં કેન્દ્રિત હતું. તેનાપછીના છ કલાક દરમિયાન તે ૫ કિલોમીટર પ્રતિ કલાકની રફ્તારથી ઉત્તર દિશા તરફ આગળ વધ્યું છે.તાજા આકલન સમયે આ વાવાઝોડું આંધ્રપ્રદેશના નરસાપુરથી લગભગ ૪૮૦ કિલોમીટર દક્ષિણ-પૂર્વ, તમિલનાડુના ચેન્નાઈથી ૫૬૦ કિલોમીટર પૂર્વ તથા ઓડિશાના પુરીથી લગભગ ૬૬૦ કિલોમીટર દક્ષિણમાં સ્થિત હતું. હવામાન વિભાગે અનુમાન વ્યક્ત કર્યું છે કે વાવાઝોડું આગળ ઉત્તર-ઉત્તર પશ્ચિમ દિશા તરફ આગળ વધશે. હવામાન વિભાગે સ્પષ્ટ કર્યું છે કે ૨૦ નવેમ્બરની બપોરે જ્યારે ચક્રવાત 'અક્વાન' તટ સાથે ટકરાશે, તે સમયે સતત ફૂંકાતા પવનોની મહત્તમ ગતિ ૯૦ થી ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાક રહેવાની સંભાવના છે. આની સાથે જ, પવનના તેજ જોંકા (ગસ્ટિંગ) ની રફ્તાર ૧૧૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે, જેનાથી તટીય વિસ્તારોમાં જનજીવન પ્રભાવિત થવાની આશંકા છે.

ભારતમાં લોકશાહી ખતરામાં હોવાનો રાહુલ ગાંધીનો દાવો

શિકાગો યુનિવર્સિટીમાં સંબોધન કરતા રાહુલ ગાંધી

નવી દિલ્હી,તા.૧૯

ભારત આર્થિક પાયમાલીના આરે હોવાનો આરોપ મુકનાર રાહુલ ગાંધીએ સરકાર પર વધુ એક પ્રહાર કર્યો છે અને ચૂંટણીનો બહિષ્કાર કરવાને બદલે લોકશાહીને બચાવવા સતત લડતા રહેવાનું જાહેર કર્યું છે.

વિરોધપક્ષ બીન લોકતાંત્રીક ભારતને સ્વીકારવા તૈયાર નહિં હોવાનું જાહેર કરતા લોકસભાનાં વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ કહ્યુ કે વિરોધપક્ષ ચૂંટણી લડવાનું જારી રાખશે અને સતા પક્ષ દ્વારા થતી ચૂંટણી ગરબડની પોલ ખોલશે.તેઓએ એવો તર્ક રજુ કર્યો હતો કે ચૂંટણીનાં બહિષ્કારની ચૂંટણી સિસ્ટમ-કાયદેસરતા નબળી પડી જશે.

કોલંબીયા બાદ રાહુલ ગાંધી ઈલિનોઈસમાં શિકાગો યુનિવર્સીટીમાં પહોંચ્યા હતા અને ઈરાન યુદ્ધ તથા દુનિયામાં ભારતની ભૂમિકા વિષય પર સંબોધન કર્યું હતું. તેઓએ એવો વિશ્વાસ વ્યકત

અનુસંધાન પાના ૭ પર

ગુજરાતનો આદિવાસી સમાજ: ગૌરવશાળી વારસા સાથે વિકાસના પથ પર અગ્રેસર

"જનજાતીય ગૌરવ હજારો વર્ષોથી ભારતની ચેતનાનું અભિન્ન અંગ છે. જ્યારે પણ રાષ્ટ્રના સન્માન, સ્વાભિમાન અને સ્વતંત્રતા પર પ્રશ્નો ઊભા થયા છે, ત્યારે જનજાતીય સમુદાય સૌથી આગળ આવીને ઊભો રહ્યો છે."

-શ્રી નરેન્દ્ર મોદી, માનનીય વડાપ્રધાનશ્રી

ધરતી આબા ભગવાન બિરસા મુંડાની જન્મજયંતી એટલે કે ૧૫ નવેમ્બરનો દિવસ ભારતના ઇતિહાસમાં એક વિશેષ સ્થાન ધરાવે છે. જનજાતીય સમુદાયના સ્વાભિમાનની રક્ષા માટે પોતાનું જીવન સમર્પિત કરનાર સ્વાતંત્ર્ય સેનાની બિરસા મુંડા ફક્ત એક નાયક જ નહીં, પરંતુ આદિજાતિ અસ્મિતાના પણ પ્રતીક છે.

જનજાતીય સમાજના ઉત્થાન અને તે સમાજના નાયકોના યોગદાનને માન્યતા આપવાના ઉદ્દેશથી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૨૧માં દર વર્ષે ભગવાન બિરસા મુંડાની જયંતી એટલે કે ૧૫ નવેમ્બરના દિવસને 'જનજાતીય ગૌરવ



દિવસ' તરીકે ઉજવવાનો નિર્ણય લીધો. આદિવાસી નાયકોના યોગદાનને શ્રદ્ધાંજલિ આપવા અને જનજાતીય અસ્મિતાની ઉજવણી કરવાના ઉદ્દેશ્યથી ગુજરાત સરકારે ૧૨ થી ૧૮ નવેમ્બર દરમિયાન રાજ્યભરમાં 'જનજાતીય ગૌરવ સપ્તાહ' ની ઉજવણી કરી.



ગુજરાત માટે આ અવસર વિશેષ મહત્વ ધરાવે છે. ગુજરાત પોતાની વિશિષ્ટ જનજાતીય સંસ્કૃતિ અને પરંપરાઓની સાથે-સાથે આદિવાસી સમુદાયને વિકાસના મુખ્ય પ્રવાહ સાથે જોડવા માટે પણ જાણીતું છે. અંબાજીથી ઉમરગામ સુધીના પૂર્વ પટ્ટામાં રાજ્યનો મોટાભાગનો આદિજાતિ સમુદાય વસે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના પોતાના કાર્યકાળ દરમિયાન જનજાતીય સમુદાયના સર્વાંગી વિકાસ માટે 'વનબંધુ કલ્યાણ યોજના' શરૂ કેરી હતી. આ યોજનાએ ફક્ત રાજ્યના આદિવાસી સમુદાયની સામાજિક-આર્થિક સ્થિતિમાં પરિવર્તન લાવવાનું જ કામ નથી કર્યું, પરંતુ હાંસિયામાં ધકેલાઇ ગયેલા આદિવાસી સમુદાયના ઉત્થાન માટે એક મોડલ તરીકે દેશને નવો માર્ગ પણ ચીંધ્યો છે. આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં જનજાતીય સમુદાયના કલ્યાણની આ યાત્રા નવી ઉંચાઇઓ સર કરી રહી છે.

કૃષિ અને આજીવિકા

ગુજરાત સરકાર આદિવાસી પરિવારોની આવકમાં વધારો થાય અને તેમના જીવનધોરણમાં સુધારો થાય તે માટે નક્કર પ્રયાસો કરી રહી છે. કૃષિ ક્ષેત્રે આદિવાસી ખેડૂતોને સશક્ત બનાવવા માટે મંડપ સહાયતા યોજના, ફળાઉ રોપા સહાય વિતરણ યોજના અને કૃષિ યાંત્રિકીકરણ યોજના સહિતની વિવિધ યોજનાઓ સફળતાપૂર્વક અમલમાં મૂકવામાં આવી છે. આદિવાસી યુવાનોને ગુણવત્તાયુક્ત અને રોજગારલક્ષી તાલીમ આપવા માટે છેલ્લાં પાંચ વર્ષમાં ?૬૧.૯૫ કરોડના ખર્ચે કુલ ૨૦,૧૫૯ આદિવાસી યુવક-યુવતીઓને તાલીમ આપવામાં આવી છે, જેમાંથી ૧૫,૪૮૫ યુવાનોને રોજગારી પ્રાપ્ત થઈ છે. નાનો-મોટો વ્યવસાય શરૂ કરવા કે સ્વરોજગાર માટે અમલમાં મૂકાયેલી માનવ ગરિમા યોજના હેઠળ ૬૫૭૯.૩૫ લાખના ખર્ચે કુલ ૩૫,૦૪૮ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે.

આરોગ્ય, આવાસ અને સામાજિક સુરક્ષાનું મજબૂત કવચ

રાજ્ય સરકારે આરોગ્ય ક્ષેત્રે મહત્વપૂર્ણ પગલું ભરતાં મફત તબીબી સહાય યોજના અંતર્ગત ટીબી, કેન્સર, સિકલ સેલ અને થેલેસેમિયા જેવી ગંભીર બીમારીઓથી પીડાતા ૬૫,૮૮૯ લાભાર્થીઓને ?૧૦૦.૨૭ કરોડની સહાય પૂરી પાડી છે.

તે જ રીતે, આદિવાસી કુટુંબોના ઘરનું ઘર બનાવવાના સપનાને સાકાર કરતી વ્યક્તિગત ધોરણે આવાસ યોજના તેમજ હળપતિ આવાસ યોજના અંતર્ગત છેલ્લાં પાંચ વર્ષમાં ?૩૯૩.૬૫ કરોડના ખર્ચે ૩૧,૧૩૫ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. કુંવરબાઈનું મામેરું યોજના અંતર્ગત પાત્ર દીકરીઓના લગ્ન પ્રસંગે સહાય પૂરી પાડવા માટે ગુજરાત સરકાર દ્વારા છેલ્લાં પાંચ વર્ષમાં ?૪૯.૦૨ કરોડના ખર્ચે ૪૦,૬૪૬ લાભાર્થીઓને આર્થિક સહાય આપવામાં આવી છે. મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના હેઠળ ૧૧ સરહદી જિલ્લાઓમાં પાયાની સુવિધાઓના વિકાસ માટે ?૪૩૨.૯૭ કરોડના ખર્ચે કુલ ૪,૬૫૪ વિકાસકાર્યો હાથ ધરવામાં આવ્યા છે.

ખાસ નબળા આદિજાતિ જૂથો સુધી વિકાસની પહોંચ

કેન્દ્ર સરકારની પહેલોના માધ્યમથી આદિવાસી સમુદાયોના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન મળ્યું છે. 'પીએમ જનમન' અભિયાન અંતર્ગત ગુજરાતના પાંચ ખાસ નબળા આદિજાતિ જૂથો (PVTG) – કાથોડી, કોટવાલિયા, પઢાર, સિદ્દી અને કોલઘાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સમુદાયો અને તેમના વિસ્તારોમાં પાયાની સુવિધાઓની અછત દૂર કરવાના હેતુથી વર્ષ ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬માં ?૧૭૫.૩૨ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

આ જ રીતે 'ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન' હેઠળ રાજ્યના ૨૧ જિલ્લાના ૧૦૨ તાલુકાઓનાં કુલ ૪,૨૬૫ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેનો ઉદ્દેશ સામાજિક માળખાકીય સુવિધાઓ, આરોગ્ય, શિક્ષણ અને આજીવિકાનાં ક્ષેત્રોમાં તમામ પાત્ર લાભાર્થીઓને યોજનાકીય લાભો પૂરા પાડીને આદિવાસી ગામોનો સર્વાંગી અને ટકાઉ વિકાસ પ્રાપ્ત કરવાનો છે. આ માટે વર્ષ ૨૦૨૫-૨૬માં ?૮૭.૮૩ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

જનજાતીય કલ્યાણ યોજના: આગામી પાંચ વર્ષ માટે ?૨ લાખ કરોડની જોગવાઈ

વિકાસની આ અભૂતપૂર્વ યાત્રાને આગળ વધારતાં રાજ્ય સરકારે આદિવાસી સમુદાયના વિકાસ માટે વર્ષ ૨૦૨૬-૨૭થી ૨૦૩૦-૩૧ માટે ?૨ લાખ કરોડની જોગવાઈ સાથે 'જનજાતીય કલ્યાણ યોજના' શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. વર્ષ ૨૦૨૬-૨૭માં જ આદિજાતિ વિકાસ વિભાગ અને અન્ય વિભાગોના માધ્યમથી કુલ ?૩૫,૭૮૨.૦૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.ભગવાન બિરસા મુંડાએ જે સન્માન, સમાનતા અને સ્વાભિમાનનું સ્વપ્ન જોયું હતું, તે આજે ગુજરાતની ધરતી પર સાકાર થઈ રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાતનો આદિવાસી સમુદાય શિક્ષણ, આરોગ્ય, રોજગાર અને આત્મનિર્ભરતાના માર્ગે સતત પ્રગતિ કરી રહ્યો છે.

શિક્ષણના માધ્યમથી લખાઈ રહી છે પરિવર્તનની નવી ગાથા

શિક્ષણ કોઈપણ સમાજના ઉત્થાન માટેનું સૌથી સશક્ત માધ્યમ છે, અને તેથી ગુજરાત સરકારે તેના પર જ સૌથી વધુ ભાર મૂક્યો છે. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન શિષ્યવૃત્તિ, ગણવેશ, ભોજન, શૈક્ષણિક સામગ્રી, સાયકલ અને આવાસી શિક્ષણ જેવી સુવિધાઓના વ્યાપક વિસ્તરણ દ્વારા શિક્ષણની પહોંચ વધુ સુદૃઢ બનાવવામાં આવી છે. રાજ્ય સરકારની પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત દર વર્ષે આશરે ૧૩ લાખ આદિવાસી વિદ્યાર્થીઓના બેંક ખાતામાં ડૂમ્ મારફતે સીધી શિષ્યવૃત્તિ જમા કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ દરમિયાન આ યોજના હેઠળ ?૪૩૮.૨૭ કરોડના ખર્ચે કુલ ૫૮.૩૮ લાખ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. તેવી જ રીતે, ભારત સરકારની પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત આ જ સમયગાળા દરમિયાન ?૧૮૪.૫૧ કરોડના ખર્ચે ૫.૩૭ લાખ વિદ્યાર્થીઓને, જ્યારે પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત ?૨,૭૮૬.૩૪ કરોડના ખર્ચે ૧૧.૩૯ લાખ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત, આદિજાતિ વિદ્યાર્થિનીઓને રાજ્ય સરકારની વિશેષ પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ આવકમર્યાદાને ધ્યાનમાં લીધા વિના સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ દરમિયાન આ યોજના હેઠળ ?૪૨૦.૨૭ કરોડના ખર્ચે ૩૨,૨૨૬ વિદ્યાર્થિનીઓને આવરી લેવામાં આવી છે.

ગણવેશ સહાય યોજના અંતર્ગત ?૪૮૨.૧૬ કરોડના ખર્ચે ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતા આશરે ૫૮.૨૦ લાખ વિદ્યાર્થીઓને ગણવેશની ત્રણ જોડી માટે સહાય પૂરી પાડવામાં આવી છે. ફૂડબિલ સહાય યોજના હેઠળ કોલેજને સંલગ્ન છાત્રાલયોમાં રહીને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના ભોજન ખર્ચ માટે સહાય આપવામાં આવે છે, જે અંતર્ગત ?૨૬૬.૩૫ કરોડના ખર્ચે કુલ ૧.૮૩ લાખ વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે. મેડિકલ, એન્જિનિયરિંગ અને ડિપ્લોમાના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓને શૈક્ષણિક સાધનોની ખરીદી માટે સહાય આપવામાં આવે છે, જે હેઠળ ?૪૫૪.૮૮ લાખના ખર્ચે કુલ ૮,૪૯૧ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. દીકરીઓના શિક્ષણની વિશેષ ચિંતા કરીને રાજ્ય સરકારે 'વિદ્યા સાધના યોજના' અંતર્ગત ?૮૦.૩૪ કરોડના ખર્ચે ૧.૭૬ લાખ આદિવાસી દીકરીઓને શાળાએ આવવા-જવા માટે સાયકલ સહાય પૂરી પાડી છે, જ્યારે 'ટેલેન્ટ પૂલ વાઉચર યોજના' હેઠળ ?૫,૫૨૧.૭૮ લાખના ખર્ચે કુલ ૯,૧૩૧ વિદ્યાર્થિનીઓને લાભ આપવામાં આવ્યો છે. આદિવાસી બાળકોના પોષણ અને આરોગ્યને ધ્યાનમાં રાખીને 'દૂધ સંજીવની યોજના' હેઠળ ?૫૫૩ કરોડના ખર્ચે ૩૮.૫૪ લાખ બાળકોને ૨૦૦ મિલીલીટર ફ્લેવર્ડ દૂધ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. રાજ્યની આ જ વિચારધારાનો વિસ્તાર આવાસી શિક્ષણ સંસ્થાઓમાં પણ જોવા મળે છે. રાજ્યની ૬૬૩ આશ્રમશાળાઓમાં ધોરણ ૧ થી ૧૨ સુધીના આશરે ૧.૧૧ લાખ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક આવાસ, ભોજન અને શિક્ષણની સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે. ૭૬ આદર્શ નિવાસી શાળાઓ દ્વારા છેલ્લા પાંચ વર્ષ દરમિયાન ?૫૩૪.૦૬ કરોડના ખર્ચે કુલ ૪૯,૨૫૪ વિદ્યાર્થીઓને લાભાન્વિત કરવામાં આવ્યા છે. તેવી જ રીતે, ૧૭૬ સરકારી છાત્રાલયોમાં ?૫૨૩.૩૦ કરોડના ખર્ચે ૮૪,૦૨૧ વિદ્યાર્થીઓને, જ્યારે ૮૯૫ સરકારી અનુદાનિત છાત્રાલયોમાં ?૫૯૩.૩૦ કરોડના ખર્ચે આ સમયગાળા દરમિયાન આશરે ૨.૫૬ લાખ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. વધુમાં, રાજ્યમાં કાર્યરત ૫૬ એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ, ૪૩ ગર્લ્સ લિટરસી રેસિડેન્શિયલ સ્કૂલ અને ૧૨ મોડેલ સ્કૂલ સહિત કુલ ૧૧૧ શાળાઓમાં આશરે ૩૭,૩૩૮ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. ગુજરાત સ્ટેટ ટ્રાઇબલ એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત શાળાઓમાં વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ દરમિયાન ?૧,૩૩૯.૬૭ કરોડના ખર્ચે કુલ ૧.૧૭ લાખ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણની સાથે નિઃશુલ્ક આવાસ અને ભોજનની સુવિધા પૂરી પાડવામાં આવી છે.સૌથી મહત્વપૂર્ણ બદલાવ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે જોવા મળે છે. છેલ્લા પાંચ વર્ષોમાં આદર્શ નિવાસી શાળાઓ અને ગુજરાત સ્ટેટ ટ્રાઇબલ એજ્યુકેશન સોસાયટીની શૈક્ષણિક સંસ્થાઓમાંથી અભ્યાસ પૂર્ણ કરનારા વિદ્યાર્થીઓ પૈકી ૨૩૬ વિદ્યાર્થીઓએ MBBS, ૧૪૦એ ડેન્ટલ, ૧૭૧એ હોમિયોપેથી, ૭૯એ આયુર્વેદ, ૬૬એ ફિઝિયોથેરાપી, ૨૫૭એ ફાર્મસી, ૨,૧૨૦એ નર્સિંગ અને ૭૮૯ વિદ્યાર્થીઓએ એન્જિનિયરિંગના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવ્યો છે. આ આંકડાઓ માત્ર શૈક્ષણિક સિદ્ધિઓ જ નહીં, પરંતુ આદિવાસી યુવાનોમાં આવી રહેલા આત્મવિશ્વાસના પણ સૂચક છે, જેના થકી પરંપરાગત મર્યાદાઓને પાર કરીને આદિવાસી યુવા પેઢી હવે આધુનિક વ્યવસાયલક્ષી ક્ષેત્રોમાં પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી રહી છે.

ગુજરાત સરકારે આદિવાસી યુવાનોના ઉચ્ચ શિક્ષણના સપનાંઓને નવી પાંખો આપી છે. વિદેશ અભ્યાસ માટે લોન યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષોમાં ?૨૧૬૯.૨૦ લાખના ખર્ચે કુલ ૧૬૨ આદિવાસી વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ શિક્ષણ માટે ?૧૫ લાખની મર્યાદામાં ૪ ટકાના વ્યાજદરે લોન આપવામાં આવી છે. આ ઉપરાંત, પાયલટ તાલીમ યોજના અને વકીલ સહાય યોજના મારફતે આદિવાસી યુવાનો માટે ઉચ્ચ શિક્ષણનો માર્ગ સરળ બનાવવામાં આવ્યો છે.

વનબંધુ કલ્યાણ યોજના: આદિવાસીઓના જીવનમાં વિકાસનું અજવાળું

૨૭ ફેબ્રુઆરી, ૨૦૦૭ના રોજ ગુજરાતમાં આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસ માટે 'વનબંધુ કલ્યાણ યોજના' નો એક વિશિષ્ટ મિશન તરીકે પ્રારંભ કરવામાં આવ્યો. આ યોજનાના કેન્દ્રમાં રોજગાર, શિક્ષણની ગુણવત્તા, આર્થિક વિકાસ, આરોગ્ય, સહુ માટે આવાસ, પીવાનું પાણી, સિંચાઈ, બારમાસી રસ્તાઓ, વીજળી અને શહેરી વિકાસ જેવા દસ મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા હતા. પહેલી વનબંધુ કલ્યાણ યોજના વર્ષ ૨૦૦૭-૦૮ થી ૨૦૨૦-૨૧ સુધી ચાલી હતી, જે હેઠળ કુલ ?૧.૦૬ લાખ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. પહેલી વનબંધુ કલ્યાણ યોજનાની સફળતા બાદ વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ના સમયગાળા માટે ?૧ લાખ કરોડની 'વનબંધુ કલ્યાણ યોજના-૨' શરૂ કરવામાં આવી. આ તબક્કામાં રોજગારલક્ષી કાર્યક્રમોનો લાભ મેળવતા પરિવારોનો લક્ષ્યાંક ૫ લાખથી વધારીને ૧૦ લાખ કરવામાં આવ્યો હતો. આ બાબત દર્શાવે છે કે, હવે વિકાસની પરિકલ્પના માત્ર પાયાની સુવિધાઓ પૂરી પાડવા પૂરતી મર્યાદિત નથી રહી, પરંતુ પરિવારોની આવકમાં વૃદ્ધિ અને રોજગારીની નવી તકોના સર્જન પર પણ વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

મ્યુનિ. કમિ. બેનિવાલ દ્વારા કનકપુર ઝોનની સમીક્ષા બેઠક તથા રેલવે ઓવરબ્રિજના બાંધકામ સ્થળની મુલાકાત





સુરત, તા.૧૯

સુરત મહાનગરપાલિકાના માનનીય મ્યુનિસિપલ કમિશનર શ્રી રાજકુમાર બેનિવાલ દ્વારા કનકપુર ઝોન કચેરી ખાતે ઝોનની કામગીરી અંગે સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. આ બેઠક દરમિયાન ઝોન હેઠળ હાથ ધરવામાં આવતી વિવિધ કામગીરીની સમીક્ષા કરી હતી તેમજ કામગીરીની ગુણવત્તામાં વધુ સુધારો લાવવા અંગે જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપ્યા હતા.

ત્યારબાદ માનનીય કમિશનરશ્રીએ સિદ્ધાર્થનગર નજીક ડિંડોલી અને ભેસ્તાન વિસ્તારને જોડતા નિર્માણાધીન રેલવે ઓવરબ્રિજની સાઇટની મુલાકાત લીધી હતી. સ્થળ પર ચાલી રહેલી બાંધકામ કામગીરીનું નિરીક્ષણ કરી સંબંધિત અધિકારીઓ પાસેથી પ્રગતિ અંગે વિગતો મેળવી હતી. તેમજ કામગીરીમાં ગુણવત્તા જળવાઈ રહે અને પ્રોજેક્ટ સમયસર પૂર્ણ થાય તે દિશામાં જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપ્યું હતું. આ મુલાકાત દરમિયાન ઝોન ના સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા

કીમમાં આંબેડકરની પ્રતિમા પર ભગવો ધ્વજ ફરકાવવાને લઈને વિવાદ

અનુસૂચિત જાતિ સમુદાયે કલેક્ટરને આવેદનપત્ર આપ્યું

સુરત, તા.૧૯

જિલ્લાના કીમ ગામમાં ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પર ભગવો ધ્વજ ફરકાવવાને લઈને વિવાદ વધુ તીવ્ર બન્યો છે. ગુજરાતભરમાંથી અનુસૂચિત જાતિ સમુદાયના પ્રતિનિધિઓ સુરત જિલ્લા કલેક્ટર કચેરીએ પહોંચ્યા અને રાજ્યપાલને આવેદનપત્ર આપ્યું. સમુદાયે પ્રતિમા પરથી ભગવો ધ્વજ તાત્કાલિક દૂર કરવા અને રાષ્ટ્રધ્વજ ફરીથી સ્થાપિત કરવા અને જવાબદારો સામે કડક કાનૂની કાર્યવાહી કરવાની માંગ કરી. સુરત શહેર કોંગ્રેસના ઉપપ્રમુખ હરીશભાઈ સૂર્યવંશીએ પણ આંબેડકર સમુદાયની માંગણીઓને ટેકો આપ્યો હતો. સમુદાયના પ્રતિનિધિઓનો આરોપ છે કે આ ઘટના દલિતો અને હિન્દુઓ વચ્ચે મતભેદ પેદા કરવાનો અને આંબેડકર સમુદાયની નકારાત્મક છબી બનાવવાનો પ્રયાસ છે. જોકે, આ આરોપોની સ્વતંત્ર રીતે પુષ્ટિ થઈ નથી.

સમુદાયે સ્પષ્ટતા કરી છે કે તેઓ આ મુદ્દા પર પાછળ નહીં હટે. પ્રદર્શનકારીઓ અને સમુદાયના નેતાઓએ પ્રતિમા પરથી ભગવો ધ્વજ દૂર કરવા અને રાષ્ટ્રધ્વજ બદલવાની માંગ કરી છે, તેમજ પ્રતિમા દૂર કરવા અંગે માર્ગ અને ગૃહનિર્માણ વિભાગ દ્વારા જારી કરાયેલા આદેશને તાત્કાલિક રદ કરવાની માંગ કરી છે. આ આવેદનપત્રમાં વહીવટીતંત્રને ચેતવણી આપવામાં આવી છે કે જો ૧૯ નવેમ્બરની રાત સુધીમાં આ મામલે સંતોષકારક અને કાનૂની કાર્યવાહી કરવામાં નહીં આવે, તો ગુજરાતભરના આંબેડકરવાદી સભ્યો ૨૦ નવેમ્બરના રોજ બપોરે ૧૨ વાગ્યે કીમમાં ભેગા થશે. સમુદાયના પ્રતિનિધિઓએ માંગ કરી છે કે વહીવટીતંત્ર યોગ્ય કાર્યવાહી કરે અને આ મામલે ન્યાય મળે. તેમણે ચેતવણી પણ આપી છે કે જો તેમને વહીવટીતંત્ર તરફથી ન્યાય નહીં મળે, તો તેઓ કલેક્ટર કચેરી સામે સામૂહિક આત્મદાહ કરવા મજબૂર થશે. આ ગંભીર ચેતવણીને ધ્યાનમાં રાખીને, વહીવટીતંત્રને સમયસર યોગ્ય કાર્યવાહી કરવા તાકીદ કરવામાં આવી છે.

આકાશ એજ્યુકેશન દ્વારા આકાશ ઇન્વિક્ટસ-એન્જિનિયરિંગ ૨.૦ લોન્ચ

વિદ્યાર્થીઓનું પ્રદર્શન વધુ ઉત્કૃષ્ટ બનાવશે જેઈઈ ઈકોસિસ્ટમ



સુરત, તા.૧૯

આકાશ એજ્યુકેશન સર્વિસેસ લિમિટેડ, જે ભારતના લીડિંગ ટેસ્ટ-પ્રિપરેશન પ્રોવાઇડર્સમાંનું એક છે, તેણે આકાશ ઇન્વિક્ટસ-એન્જિનિયરિંગ ૨.૦ દ્વારા પોતાના એન્જિનિયરિંગ પ્રિપરેશન ઇકોસિસ્ટમને મજબૂત બનાવવાની જાહેરાત કરી છે. આ એક નવું પરફોર્મન્સ-ડ્રિવન એકેડમિક આર્કિટેક્ચર છે, જે જેઈઈ Main, જેઈઈ Advanced અને State CETની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે સ્ટ્રક્ચર્ડ પાથવે બનાવવા માટે ડિઝાઇન કરવામાં આવ્યું છે. લોન્ચ પર બોલતા, આકાશ એજ્યુકેશનલ સર્વિસીસ લિમિટેડ (AESL) ના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી ચંદ્ર શેખર રેડ્ડી ગેરિસાએ જણાવ્યું હતું કે: "આકાશ ઇન્વિક્ટસ-એન્જિનિયરિંગ ૨.૦ નું નિર્માણ અમારા શ્રેષ્ઠ શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું છે, જેમને વર્ષોથી ટોચના રેન્ક મેળવવાનો દાયકાઓનો અનુભવ છે. તેમણે અમારા અભ્યાસક્રમનું પુનર્નિર્માણ કર્યું, અમારા પુસ્તકો ફરીથી લખ્યા અને અમારી પરીક્ષણ પદ્ધતિને શરૂઆતથી ફરીથી ડિઝાઇન કરી. અમે સૌપ્રથમ પસંદગીના કેન્દ્રો પર કાર્યક્રમ ચલાવ્યો, અને જેઈઈ ૨૦૨૬ માં પરિણામો નોંધપાત્ર રહ્યા છે. આજે, અમે ભારતની દરેક આકાશ શાખાના દરેક વિદ્યાર્થી માટે આકાશ ઇન્વિક્ટસ લાવી રહ્યા છીએ, જે અમારા હાલના વિદ્યાર્થીઓથી શરૂ થાય છે. અમારું માનવું છે કે આ સિસ્ટમ અમારા વિદ્યાર્થીઓને જેઈઈ એડવાન્સ્ડ, જેઈઈ મેઈન, BITSAT અને રાજ્ય એન્જિનિયરિંગ પરીક્ષાઓમાં તેમના શ્રેષ્ઠ શક્ય રેન્ક પ્રાપ્ત કરવામાં મદદ કરશે અને અમને વિશ્વાસ છે કે જેઈઈ ૨૦૨૭ અને ૨૦૨૮ આકાશના ઇતિહાસમાં શ્રેષ્ઠ પરિણામો હશે.

ડાક પરિક્ષેત્રના તમામ મંડળોના કાર્યની સમીક્ષા બેઠક યોજાઈ

સુરત ખાતે પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ ઉપસ્થિત રહ્યા

સુરત, તા.૧૯

ઈન્ડિયા પોસ્ટ જન-જન સુધી સેવાઓ પહોંચાડવાની પોતાની સમૃદ્ધ અને ગૌરવશાળી પરંપરાને જાળવી રાખીને ડિજિટલ યુગની બદલાતી જરૂરિયાતોને અનુરૂપ સતત અપગ્રેડ થઈ રહી છે. આધુનિક ટેક્નોલોજી અને ડિજિટલ નવીનતાઓના સમન્વયથી પોસ્ટલ સેવાઓને વધુ સુલભ, ઝડપી, સુવિધાજનક અને પારદર્શક બનાવવામાં આવી રહી છે, જેના પરિણામે શહેરી તેમજ ગ્રામીણ વિસ્તારોના નાગરિકોને લાભ મળી રહ્યો છે, ત્યારે સુરત સર્કિટ હાઉસ ખાતે પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવની અધ્યક્ષતામાં ગુજરાત સર્કલમાં નવરચિત સુરત ડાક પરિક્ષેત્ર અંતર્ગત પ્રથમ સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં ડોમેસ્ટિક મેઈલ, પાર્સલ, આંતરરાષ્ટ્રીય મેલ, બચત બેંક સેવાઓ, પોસ્ટલ જીવન વીમા અને ગ્રામીણ પોસ્ટલ જીવન વીમા, નાગરિકલક્ષી સેવાઓ જેવી કે આધાર, પાસપોર્ટ, ફિલેટેલી તેમજ ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકની કામગીરીનો રિવ્યુ કર્યો હતો. સુરત ડાક પરિક્ષેત્રને વર્ષ ૨૦૨૬-૨૭ માટે ફાળવવામાં આવેલા રૂ. ૧૮૭.૪૨ કરોડના લક્ષ્યાંકની સામે ઓક્ટોબર મહિના સુધીમાં આશરે રૂ. ૮૭ કરોડની રેવેન્યુ પ્રાપ્ત કરવામાં આવી છે, જે ગત વર્ષની સરખામણીએ ૨૫ ટકા વધુ છે. સમીક્ષા દરમિયાન ભવિષ્યની પ્રાથમિકતાઓને અનુરૂપ નિર્ધારિત લક્ષ્યાંકો સમયમર્યાદામાં હાંસલ કરવા તેમજ વ્યવસાયિક વૃદ્ધિ સુનિશ્ચિત કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો

અનુસંધાન પાના ૭ પર





કૃભકો અને ગેઇલ ઇન્ડિયા લિમિટેડ વચ્ચે એમઓયું

ગેસ આધારિત ખાતર પ્રોજેક્ટ સ્થાપવાની સંભાવનાઓ ચકાસવા માટે સમજૂતી કરાર

સુરત, તા.૧૯

કૃષક ભારતી કોઓપરેટીવ લિમિટેડ (કૃભકો) અને ગેઇલ (ઇન્ડિયા) લિમિટેડ વચ્ચે ૧૨ નવેમ્બર, ૨૦૨૬ના રોજ આંધ્રપ્રદેશ રાજ્યમાં ગેસ આધારિત ખાતર ઉત્પાદન પ્રોજેક્ટ સ્થાપવાની સંભાવનાઓ ચકાસવા માટે સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ અને માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ 'આત્મનિર્ભર ભારત' અભિયાનને વધુ મજબૂત બનાવવાના ઉદ્દેશ્ય સાથે આ સમજૂતી કરાર કરવામાં આવ્યો છે. આ પહેલનો મુખ્ય હેતુ ખાતર ઉત્પાદનમાં ભારતને આત્મનિર્ભર બનાવવાનો તથા દેશમાં યુરિયાની વધતી માંગને પહોંચી વળવાનો છે.

પ્રસ્તાવિત યુરિયા ઉત્પાદન એકમની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા ૧૨.૭૦ લાખ મેટ્રિક ટન (૧.૨૭ MMTPA) રાખવાનું આયોજન છે. આ પ્રોજેક્ટ આંધ્રપ્રદેશના શ્રીકાકુલમ જિલ્લાના મુલાપેટા ખાતે ગેઇલની શ્રીકાકુલમ–અંગુલ નેચરલ ગેસ પાઇપલાઇન (SAPL) નજીક સ્થાપવાનો પ્રસ્તાવ છે.

આ પ્રોજેક્ટ ગેઇલ અને કૃભકોના સંયુક્ત સાહસ (Joint Venture) દ્વારા અમલમાં મૂકવાની યોજના છે, જેમાં અંદાજે ?૧૩,૫૦૦ કરોડનું રોકાણ થવાની સંભાવના છે. આ સમજૂતી કરાર પર આંધ્રપ્રદેશના માનનીય મુખ્યમંત્રી શ્રી એન. ચંદ્રબાબુ નાયડુની ઉપસ્થિતિમાં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કૃભકો તરફથી શ્રી સુધાકર ચૌધરી, ચેરમેન; શ્રી એસ. એસ. યાદવ, મેનેજિંગ ડિરેક્ટર; શ્રી સી. એસ. આઝાદ, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર (ટેકનિકલ); શ્રી પી. ચંદ્ર મોહન, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને પ્લાન્ટ હેડ તેમજ અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ગેઇલ (ઇન્ડિયા) લિમિટેડના વરિષ્ઠ અધિકારીઓ અને આંધ્રપ્રદેશ ઇકોનોમિક ડેવલપમેન્ટ બોર્ડ (APEDB)ના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

દીકરાના શૈક્ષણિક દસ્તાવેજોનો દુરુપયોગ કરી અંકલેશ્વરમાં પેઢી શરૂ કરી GST કૌભાંડ આચર્યું

અંકલેશ્વર, તા.૧૯

સરકારી નોકરી મેળવવા માટે કરેલી અરજીઓ દરમિયાન રજૂ કરેલા શૈક્ષણિક દસ્તાવેજોનો દુરુપયોગ કરી યુવકના નામે અંકલેશ્વરમાં પેઢી શરૂ કરી GST કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. યુવકના નામે 'પ્રેમ એન્ટરપ્રાઇઝ' નામની પેઢી બનાવી તેના મારફતે ખરીદ-વેચાણના બિલો બનાવી GSTની ચોરી કરવામાં આવી હોવાનો આક્ષેપ યુવકના પિતાએ કર્યો છે. એટલું જ નહીં, યુવક વિદેશ અભ્યાસ માટે ગયો હોવા છતાં તેના બેંક ખાતામાં જમા થયેલી રૂ.૧૫ લાખની સરકારી લોનની રકમ પણ GST વિભાગ દ્વારા ખાતું સીઝ કરાતાં અટવાઈ ગઈ છે. પાટણના નાની સરાય ગામના ખોખરવાડામાં રહેતા ૬૪ વર્ષીય દિલીપભાઈ પરમાર અગાઉ મહેસાણામાં પરિવાર સાથે રહેતા હતા. તેમના નાના પુત્ર પ્રેમકુમાર દિલીપકુમાર નગરપતિ (પરમાર) સરકારી નોકરી મેળવવા માટે વિવિધ જગ્યાએ અરજીઓ કરતો હતો. આ દરમિયાન તેણે અભ્યાસને લગતા પ્રમાણપત્રો, માર્કશીટ અને અન્ય દસ્તાવેજો રજૂ કર્યા હતા. આ જ દસ્તાવેજોનો કોઈ અજાણ્યા શખ્સે દુરુપયોગ કરી પ્રેમકુમારના નામે GST નંબર મેળવી અંકલેશ્વરમાં 'પ્રેમ એન્ટરપ્રાઇઝ' નામની પેઢી શરૂ કરી હોવાનો આક્ષેપ છે. ફરિયાદ મુજબ, પ્રેમકુમારના નામે GST નંબર મેળવી આર-૨૦, સ્ક્વેર કોમ્પ્લેક્સ, જલધારા ચોકડી પાસે, વાલિયા રોડ, અંકલેશ્વર ખાતે પેઢી શરૂ કરવામાં આવી હતી. પેઢીના નામે ખરીદ-વેચાણના બિલો બનાવી સરકારી ટેક્સ ન ભરાતાં વડોદરા CGST વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. જૂન ૨૦૨૧માં પ્રથમ વખત CGST વિભાગનો પત્ર મળતાં પરિવારને સમગ્ર કૌભાંડની જાણ થઈ હતી. ત્યારબાદ પિતાએ અધિકારીઓ સમક્ષ રજૂઆત કરી હતી કે તેમના પુત્રના દસ્તાવેજોનો ઉપયોગ કરી કોઈ અન્ય વ્યક્તિએ આ કૃત્ય આચર્યું છે. દરમિયાન પ્રેમકુમારને લંડનમાં અભ્યાસ માટે પ્રવેશ અને વિઝા મળતાં તે ૨ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ વિદેશ ગયો હતો. ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગ દ્વારા વિદેશ અભ્યાસ માટે રૂ.૧૫ લાખની લોન મંજૂર થતાં રકમ તેના બેંક ખાતામાં જમા થઈ હતી. કોલેજની રૂ.૧૦ લાખની ફી ભરવાની હોવાથી પિતાએ ખાતામાંથી રૂ.૫ લાખ ઉપાડવાની કાર્યવાહી કરી ત્યારે બેંકે ખાતું CGST વિભાગ દ્વારા GST કાયદાની કલમ ૮૩ હેઠળ પ્રોવિઝનલ એટેચમેન્ટ કરવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું. આ અંગે તપાસ

અનુસંધાન પાના ૭ પર

નવી સિવિલ હોસ્પિટલ ખાતે તા. ૧૮ થી ૨૪ નવેમ્બર દરમિયાન 'વિશ્વ AMR જાગૃતિ સપ્તાહ'ની ઉજવણીનો પ્રારંભ

એન્ટિબાયોટિક્સના બિનજરૂરી ઉપયોગ સામે જનજાગૃતિ અભિયાન



સુરત, તા.૧૯

એન્ટિબાયોટિક્સ અને અન્ય સૂક્ષ્મજીવ વિરોધી દવાઓના બિનજરૂરી તથા અયોગ્ય ઉપયોગને કારણે બેક્ટેરિયા અને અન્ય સૂક્ષ્મજીવોમાં દવાઓ સામે પ્રતિકારક ક્ષમતા વધી રહી છે, જેના પરિણામે સામાન્ય ચેપ સામે પણ દવાઓની અસરકારકતા ઘટી રહી છે. આ ગંભીર સમસ્યા સામે સમાજમાં, દર્દીઓમાં અને તબીબી ક્ષેત્રે જાગૃતિ લાવવાના હેતુથી સમગ્ર વિશ્વની સાથે સરકારની સૂચના મુજબ સરકારી મેડિકલ કોલેજ અને નવી સિવિલ હોસ્પિટલ, સુરત દ્વારા તા. ૧૮ થી ૨૪ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન 'વિશ્વ AMR જાગૃતિ સપ્તાહ' ની ઉજવણીનો પ્રારંભ થયો હતો. આ વર્ષના અભિયાન અંતર્ગત "એક સ્વાસ્થ્ય, એક કાર્યવાહી: હમણાં જ છઈ અટકાવો" થીમ હેઠળ માનવ, પશુ અને પર્યાવરણના સ્વાસ્થ્યને જોડીને હોસ્પિટલ પરિસરમાં વિવિધ જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. તબીબી સ્ટાફ, વિદ્યાર્થીઓ અને સામાન્ય નાગરિકોમાં ડોક્ટરની સલાહ વિના એન્ટિબાયોટિક્સ ન લેવા અને ચેપ નિયંત્રણના નિયમોનું પાલન કરવા અંગે જાગૃતિ કેળવવાનો છે.

આ સપ્તાહના પ્રારંભે આજે નવી સિવિલ હોસ્પિટલના કિડની બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર ખાતે તબીબી અધિક્ષક ડો.પારૂલ વડગામાના હસ્તે અભિયાનનો પ્રારંભ થયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત તબીબો, નર્સિંગ સ્ટાફ અને કર્મચારીઓ દ્વારા

અનુસંધાન પાના ૭ પર

અંકલેશ્વર તાલુકાના ભાદી ગામે ક્રિકેટ મેચોનો ધમધમાટ

અંકલેશ્વર, તા.૧૯

અંકલેશ્વર તાલુકાના ભાદી ગામે ક્રિકેટપ્રેમીઓ માટે એક ઉત્તમ આયોજન જોવા મળી રહ્યું છે. ગામના સુંદર અને હરિયાળા મેદાન પર હાલ મેચિસ બોલથી ક્રિકેટ ટુર્નામેન્ટની પમી સિઝન ચાલી રહી છે, જેમાં વિશેષરૂપે ગામની જ ટીમો ઉત્સાહભેર ભાગ લઈ રહી છે.

ગામના સરપંચ જુનેદ વાડિયાના અંગત આ સુંદર ગ્રાઉન્ડ પર ઉત્તમ સ્તરે ક્રિકેટ સ્પર્ધાઓ યોજાય છે.

ક્રિકેટ મેચ દરમિયાન કોઈ વિવાદ ન થાય અને નિષ્પક્ષતા જળવાઈ રહે તે માટે બહારથી અનુભવી અને જાણકાર અમ્પાયરોને બોલાવવામાં આવ્યા છે.ખેલદિલીની ભાવના સાથે મેચો રમાય છે, જે અંકલેશ્વર તાલુકાના શ્રેષ્ઠ ગ્રાઉન્ડ્સમાં સ્થાન પામે છે.

અનુસંધાન પાના ૭ પર



એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે સંદર્ભે શાળા બહારના બાળકોનો સર્વે

સુરત, તા.૧૯

સમગ્ર શિક્ષા, સુરત દ્વારા જિલ્લામાં શાળા બહારના બાળકોનો વિશેષ સર્વે તા. ૧૬/૧૧/૨૦૨૬ થી તા. ૧૬/૧૨/૨૦૨૬ દરમિયાન હાથ ધરવામાં આવશે. આ સર્વેમાં ૬ થી ૧૮ વર્ષની વયજૂથના એવા તમામ બાળકોને આવરી લેવામાં આવશે, કે જેઓ પ્રાયમરી થી ધોરણ-૧૨ સુધીનું શિક્ષણ પૂર્ણ કરી શક્યા નથી, શાળા છોડી દીધી છે અથવા ક્યારેય શાળામાં ગયા જ નથી. દિવ્યાંગ બાળકોનો પણ આ સર્વેમાં ખાસ સમાવેશ કરવામાં આવશે. જિલ્લાના તમામ ગ્રામ્ય વિસ્તાર, શહેરી વિસ્તાર, ઈંટોના ભઠ્ઠા, શેરડી કટીંગ કેમ્પ, બાંધકામ સાઈટ, માઈગ્રેશન વિસ્તાર તેમજ માનવ વસ્તી ધરાવતા તમામ વિસ્તારોમાં સર્વે ટીમ દ્વારા ઘર-ઘર જઈને સર્વે કરવામાં આવશે. વાલીઓ અને ગ્રામજનોને અપીલ : ૧. આપના વિસ્તારમાં કોઈ બાળક શાળા બહાર હોય તો સર્વે ટીમને જાણ કરો. ૨. સર્વે ટીમ આવે ત્યારે સાચી માહિતી આપી સહકાર

અનુસંધાન પાના ૭ પર



સ્વચ્છ હવાવાળી જગ્યા પસંદ કરોઃ રસ્તા, ટ્રાફિક, બાંધકામ સ્થળો અને ધુમાડાના સ્ત્રોતોથી દૂર રહો. પ્રદૂષણ વધારે હોય ત્યારે બહાર જવાને બદલે સ્વચ્છ હવાવાળા ઓરડામાં જ અભ્યાસ કરો.આ રીતે શરૂઆત કરોઃ કોઈપણ પ્રકારનું જોર લગાવ્યા વિના આરામથી શ્વાસ લો. લાંબા સમય સુધી શ્વાસ રોકી રાખવા કે ઝડપથી શ્વાસ લેવાના અભ્યાસને ટાળવો.

પ્રદૂષણની ઋતુમાં પ્રાણાયામ કરો છો?

શ્વાસ લેવો એ જીવનની સૌથી સહજ પ્રક્રિયાઓમાંથી એક છે, પરંતુ જ્યારે હવામાં ધૂળ, ધુમાડો અને સૂક્ષ્મ પ્રદૂષણ ભળવા લાગે ત્યારે આ જ સહજ પ્રક્રિયા શ્વાસ માટે મોટો પડકાર બની શકે છે. ઓક્ટોબરનું બીજું પખવાડિયું ઉત્તર ભારતનાં ઘણાં શહેરોમાં બદલાતી ઋતુ, વાહનોના ધુમાડા અને પ્રદૂષણના અન્ય સ્ત્રોતોને કારણે હવાની ગુણવત્તા બાબતે ચિંતાનો સમય હોય છે. આવા સમયે સવારે બગીચાઓમાં યોગ કરતા લોકો હોય કે ઘરની અગાશી પર પ્રાણાયામનો અભ્યાસ કરતા લોકો, તેમની સામે એક મહત્ત્વપૂર્ણ પ્રશ્ન છે કે શું ઊંડા શ્વાસ લેવાનો અભ્યાસ પ્રદૂષણની અસરોથી બચાવી શકે છે? યોગને શરીર અને મનના સંતુલનનું એક અસરકારક માધ્યમ માનવામાં આવે છે. પ્રાણાયામ શ્વાસ પર નિયંત્રણ, એકાગ્રતા અને માનસિક શાંતિ કેળવવામાં મદદ કરી શકે છે. પરંતુ પ્રદૂષિત હવામાં પ્રાણાયામ કરવા અને સ્વચ્છ હવામાં તેનો અભ્યાસ કરવા વચ્ચેનો તફાવત સમજવો જરૂરી છે. પ્રાણાયામ શ્વાસ લેવાની પ્રક્રિયાને સાધવાનો અભ્યાસ છે, હવા શુદ્ધ કરવાનો નહીં. તેથી આ બાબતોનું ખાસ ધ્યાન રાખો.

ઉત્તર ભારતમાં ઓક્ટોબરના બીજા પખવાડિયાથી જ વાયુ પ્રદૂષણ નોંધપાત્ર રીતે વધવા લાગે છે. પીએમ ૨.૫ જેવા અતિસૂક્ષ્મ કણો પ્રાણાયામ કરતી વખતે શ્વસનતંત્રમાં ઊંડે સુધી જઈ શકે છે. આવા સંજોગોમાં પ્રદૂષિત હવામાં લાંબો સમય રહેવાથી હૃદય અને ફેફસાં સંબંધિત રોગોનું જોખમ વધી શકે છે. ઓઝોન, નાઇટ્રોજન ડાયોક્સાઇડ અને અન્ય પ્રદૂષકો પણ શ્વસનતંત્રને નુકસાન પહોંચાડી શકે છે. સામાન્ય પરિસ્થિતિઓમાં શ્વાસોચ્છવાસના અભ્યાસ દરમિયાન વ્યક્તિ પોતાના શ્વાસની ગતિ અથવા ઊંડાણ વધારી શકે છે. પરંતુ પ્રદૂષણ વધારે હોય ત્યારે ઝડપી કે ઊંડા શ્વાસ લેવાથી શરીરમાં પ્રદૂષકોના પ્રવેશનું પ્રમાણ પણ વધી શકે છે. જોકે આનો અર્થ એવો નથી કે દરેક ઊંડો શ્વાસ નુકસાનકારક છે. એનો અર્થ એ છે કે પ્રદૂષણનું સ્તર, કસરતની તીવ્રતા અને વ્યક્તિના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખવું જોઈએ. તેથી ફક્ત સૂર્યોદયના સમયને જ સ્વચ્છ હવાની ખાતરી માની લેવી પણ યોગ્ય નથી. કેટલીક જગ્યાએ સવારનું તાપમાન, પવનની ગતિ અને સ્થાનિક પ્રદૂષણના સ્ત્રોતોને કારણે પ્રદૂષણ વધારે હોય છે. આથી અભ્યાસનો યોગ્ય સમય નક્કી કરવા માટે સ્થાનિક વાયુ ગુણવત્તા સૂચકાંક એટલે કે એક્યૂઆઇ જોવો વધુ ઉપયોગી સાબિત થાય છે.

પ્રાણાયામની બધી પદ્ધતિઓ એક સરખી હોતી નથી. સહજ અને ધીમી ગતિએ શ્વાસ લેવાનો અભ્યાસ માનસિક શાંતિ તેમજ શ્વાસ પર નિયંત્રણ કેળવવામાં મદદ કરી શકે છે. આનાથી વિપરીત, કપાલભાતિ અને ભસ્ત્રિકા જેવા પ્રમાણમાં વધુ સક્રિય અભ્યાસોમાં શ્વાસ લેવાની કે છોડવાની ગતિ ઝડપી હોય છે. પ્રદૂષણના દિવસોમાં આ અભ્યાસો ખૂબ જોર લગાવીને કરવા અથવા ક્ષમતા કરતાં વધુ સમય શ્વાસ રોકી રાખવો જોખમી સાબિત થઈ શકે છે. જો હવાની ગુણવત્તા ખરાબ હોય, તો બહાર લાંબા સમય સુધી યોગ કરવાને બદલે સ્વચ્છ હવાવાળા ઓરડામાં હળવો અભ્યાસ કરવો વધુ સારો વિકલ્પ છે.

કોણે વધુ સાવચેત રહેવું જોઈએ

નાનાં બાળકો, વડીલો, અસ્થમા કે સીઓપીડીના દર્દીઓ તથા હૃદયરોગથી પીડાતા લોકોએ પ્રદૂષણ દરમિયાન વિશેષ સાવચેતી રાખવી જોઈએ. આવા લોકો માટે કસરતની તીવ્રતા અને જગ્યાની પસંદગી તેમની શારીરિક સ્થિતિ અનુસાર હોવી જોઈએ. જે લોકોને તાજેતરમાં હૃદય સંબંધિત સમસ્યા થઈ હોય કે સ્ટ્રોક પછી રિહેબિલિટેશન ચાલી રહ્યું હોય, તેમણે તબીબી સલાહ વિના અઘરા પ્રાણાયામ ન કરવા જોઈએ. જો અભ્યાસ દરમિયાન ખાંસી, શ્વાસમાં ઘરઘરાટી, છાતીમાં જકડન, ચક્કર આવવા કે અસામાન્ય રીતે શ્વાસ ફૂલવા લાગે, તો તરત જ અટકી જવું અને સુરક્ષિત જગ્યાએ પહોંચવું. ગંભીર શ્વાસની તકલીફ કે છાતીમાં દુખાવો થાય ત્યારે તાત્કાલિક તબીબી સહાય લેવી.

પ્રદૂષણના દિવસોમાં પ્રાણાયામના જરૂરી નિયમો

પહેલાં એક્યૂઆઇ તપાસોઃ હવાની ગુણવત્તાનો આંક ખરાબ હોય તો ખુલ્લામાં યોગ કરવા, દોડવા અને અતિ ભારે કસરત કરવાથી બચો. ભારતમાં સ્થાનિક એક્યૂઆઇ જાણવા માટે સીપીસીબીના સત્તાવાર પ્લેટફોર્મનો ઉપયોગ કરો.

સ્વચ્છ હવાવાળી જગ્યા પસંદ કરોઃ રસ્તા, ટ્રાફિક, બાંધકામ સ્થળો અને ધુમાડાના સ્ત્રોતોથી દૂર રહો. પ્રદૂષણ વધારે હોય ત્યારે બહાર જવાને બદલે સ્વચ્છ હવાવાળા ઓરડામાં જ અભ્યાસ કરો.

આ રીતે શરૂઆત કરોઃ કોઈપણ પ્રકારનું જોર લગાવ્યા વિના આરામથી શ્વાસ લો. લાંબા સમય સુધી શ્વાસ રોકી રાખવા કે ઝડપથી શ્વાસ લેવાના અભ્યાસને ટાળવો.

શરીરના સંકેતો ઓળખોઃ ખાંસી, શ્વાસમાં ઘરઘરાટી, ચક્કર આવવા કે છાતીમાં જકડન જેવું લાગે તો તરત જ અટકી જાઓ; લક્ષણો ગંભીર હોય તો તબીબી સહાય લો.

ક્યારે અભ્યાસ કરવાથી બચવુંઃ જો તમે અસ્થમાથી પીડાતા હોવ, હૃદયરોગ હોય કે સ્ટ્રોક પછી રિહેબિલિટેશન સ્થિતિમાં હોવ, તો પ્રાણાયામની પદ્ધતિ અને તેની તીવ્રતા અંગે તમારા ડોક્ટર અથવા યોગ નિષ્ણાતની સલાહ અવશ્ય લો.

પર્યાવરણની તબિયત સુધારે છે વાંસ

વાંસ ધરતીમાં સૌથી મોટો કુદરતી વાયુશોધક છે. ભલે મૂળરૂપે તે એક ઘાસનો છોડ ગણાતો હોય, પણ પોતાની કઠોર સંરચનાને કારણે તે ઝાડ હોવાનો આદર મેળવે છે. વાંસની અનેક પ્રજાતિઓની લાકડી એટલી કઠોર હોય છે કે તેનાં પર કુહાડી મારવામાં આવે તો કુહાડીની ધાર બુઠ્ઠી થઈ જાય છે. વાંસ લગભગ એક સમૂહમાં જ જોવા મળે છે અને તેની ગણતરી પણ એ જ રીતે થાય છે. જેને અમુક જગ્યાએ 'વાંસની કોઠી' પણ કહેવામાં આવે છે.

સામાન્યપણે વાંસની એક કોઠીમાં ૨૦ થી ૨૫થી માંડીને અનેક સેંકડો સુધીના વાંસ હોય છે. વાંસની એક કોઠી જે લગભગ ૪૦-૫૦ વાંસથી મળીને બની હોય, વર્ષમાં ઓછામાં ઓછા ૭૦ ટન ઓક્સિજનનું ઉત્પાદન કરે છે અને દર વર્ષે ૮૦ ટન કાર્બન ડાયોક્સાઈડને શોષી લે છે. પોતાની ઓક્સિજન બનાવવાની ક્ષમતા અને કાર્બન ડાયોક્સાઈડ શોષવાની ક્ષમતાને કારણે જ વાંસ અત્યારે 'ગ્લોબલ વૉર્મિંગ'ના યુગમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ સાબિત થયો છે.



ઓક્સિજન બનાવવાના આ વિશેષ ગુણને કારણે જ વાંસ પર્યાવરણનો સૌથી મોટો શુભચિંતક છે. સામાન્યપણે ૩૦ થી ૧૫૦ ફૂટ સુધી લાંબા અને પા ઈંચથી માંડીને એક ફૂટ સુધીની પહોળાઈ ધરાવનારા વાંસના ઝાડને જો કાપવામાં ન આવે તો એક પ્રાકૃતિકપણે લગભગ ૧૨૦ વર્ષ સુધી જીવિત રહે છે અને આખી ઉંમર દરમિયાન બીજાં ઝાડો અને ઝાડનાં સમુહના મુકાબલે ૩૫ ટકા સુધી વધુ ઓક્સિજન ઉપલબ્ધ કરાવે છે.

વાંસ એક એવું ઝાડ કે વનસ્પતિ છે, જેની વૃદ્ધિ ચમત્કારિક રીતે થાય છે. ઘણી વાર તો એક દિવસમાં એક થી ૧.૨ મીટર સુધી વધી જાય છે. દુનિયામાં વાંસની જે પ્રજાતિ સૌથી વધારે ઝડપથી વધે છે તે ઉષ્ણકટીબંધના વિશાળ વાંસ ડેન્ડ્રોકલામસ એસ્પર છે. તેની વૃદ્ધિ બીજાં ઝાડ-છોડવાના મુકાબલે પરેશાન કરી મૂકે એવી હોય છે. વાંસનું વૈજ્ઞાનિક નામ બંબુસા વાલ્ગારીસ છે.

વાંસ સામાન્યપણે ગાઢ જંગલમાં ઊગે છે, જ્યાં નીચલા સ્તરે સૂર્યપ્રકાશ હોતો નથી. દરેક છોડવાને જીવિત રહેવા માટે સૂર્યના પ્રકાશની જરૂર હોય છે, કેમ કે સૂર્યના પ્રકાશની હાજરીમાં જ તેઓ પોતાના લીલાં પાંદડાંમાં રહેલાં ક્લોરોફિલ તથા પાણીની મદદથી ગ્લુકોઝ ઉત્પન્ન કરે છે. આ પ્રક્રિયામાં એ કાર્બન ડાયોક્સાઈડ શોષે છે અને ઓક્સિજન છોડે છે. ઝાડ-છોડવાની ભોજન બનાવવાની પ્રક્રિયાને પ્રકાશ સંશ્લેષણ કહેવામાં આવે છે. દુનિયામાં વાંસનું સૌથી વધારે ઉત્પાદન ચીનમાં અને બીજા નંબરે ભારતમાં થાય છે. ભારતમાં દર વર્ષે લગભગ ૧.૩૫ કરોડ ટન વાંસનું ઉત્પાદન થાય છે.

આ અંગે દેશનું ઉત્તર પૂર્વી ક્ષેત્ર ખૂબ જ સંપન્ન છે. દેશમાંના વાંસના ઉત્પાદનના ૬૫ ટકા અને દુનિયાના લગભગ ૨૦ ટકા વાંસ અહીં ઉત્પન્ન થાય છે. રાજ્યની દૃષ્ટિએ જોઈએ તો ભારતમાં સૌથી વધારે વાંસનું ઉત્પાદન કરનારું રાજ્ય મિઝોરમ છે. અહીં લગભગ ૧.૫ કરોડ હેક્ટર ક્ષેત્રમાં વાંસની ખેતી થાય છે.

મિઝોરમ ઉપરાંત ભારતમાં વાંસનું ઉત્પાદન કરનારા રાજ્યોમાં અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ અને ત્રિપૂરા છે. દેશના બીજાં રાજ્યોમાં અને ક્ષેત્રોમાં વાંસનું ઉત્પાદન કરવામાં આવે છે, પણ સૌથી વધારે વાંસ ઉત્તર-પૂર્વ રાજ્યોમાં જ ઉત્પન્ન થાય છે.

ખેડૂતો માટે આર્થિક દૃષ્ટિથી પણ વાંસ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. એક વાંસની કિંમત સામાન્યપણે રૂ. ૧૦૦ થી ૨,૦૦૦ સુધી હોય છે. અલગ અલગ પ્રકારના વાંસની કિંમત અલગ અલગ હોય છે. વાંસથી સેંકડો વસ્તુઓ બને છે.

વાંસથી અફલાતુન ફર્નિચર બને છે. ખાવા માટેની પ્લેટ, પૂજા માટેની અગરબત્તી, સંગીતના સાધનોમાં વાંસળી, ઘરેલું કામ માટેના દાદર, આખા ને આખા મકાનો અને ડઝનેક જેટલાં સૌંદર્ય પ્રસાધનોની ચીજ વાંસમાંથી બને છે.

દેશમાં ભલે વાંસનું સૌથી વધારે ઉત્પાદન ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં થતું હોય, પણ તેની જુદી જુદી જાતની વાત કરીએ તો મધ્ય પ્રદેશમાં જબલપુરની આસપાસ સૌથી વધારે ૬૦ થી ૬૫ પ્રકારના વાંસનું ઉત્પાદન થાય છે.

આમાં ભારતીય પ્રજાતિના વાંસ તો હોય જ છે, પણ લેટિન અમેરિકા, ચીન, થાઈલેન્ડ, વિયેતનામ અને અમેરિકામાં ઉત્પન્ન થનારા વાંસની પ્રજાતિ પણ અહીં વિકસાવવામાં આવી છે. સામાન્યપણે વાંસ એકદમ કડક હોય છે, પણ કેટલાક વાંસની પ્રજાતિ ખૂબ જ મુલાયમ અને મીઠાં હોય છે. તેને કેટલાક જાનવર શોખથી ખાય છે. ભારતમાં હાથી અને ચીનમાં પાંડા સૌથી વધારે વાંસ ખાય છે. ભારતમાં માનવામાં આવે છે કે વાંસની ઉત્પત્તિ મહાકૌશલ વિસ્તારના ગોંડવાના ક્ષેત્રમાં થઈ છે. એમ કહેવાય છે કે અહીં ડાયનાસોરના જમાનામાં પણ વાંસ વિદ્યમાન હતા. ધારણા એ પણ છે કે બૌદ્ધ ધર્મને કારણે વાંસ ભારતથી વિદેશમાં ગયા, એટલે જ દુનિયાભરમાં ૧,૦૦૦ થી ૧,૫૦૦ પ્રકારના વાંસ હોવા છતાં તેનું જન્મસ્થળ ભારત જ હોવાનું માનવામાં આવે છે. હવે વાંસને ફોરેસ્ટ્રી જૂથમાંથી હટાવીને ઘાસની શ્રેણીમાં રાખવામાં આવ્યું છે. વાંસના વિકાસ અને તેનાં બહુઉદ્દેશીય ઉત્પાદનના વિસ્તૃત બજાર માટે નેશનલ વાંસ મિશન યોજના શરૂ કરવામાં આવી છે. તેનાં હેઠળ અનેક પ્રદેશોમાં ખેડૂતોને ૧૦૦ થી ૧૨૦ રૂપિયા સુધીની સબ્સિડી વાંસ દીઠ આપવામાં આવે છે. એક વાર વાંસ લગાવી દીધાં પછી ૭૦ વર્ષ સુધી તે કમાણીનું સાધન બની રહે છે.

એક એકરમાં ૩૩૦ વાંસના છોડ લગાવવામાં આવે છે અને સામાન્યપણે વાંસનો એક છોડ નર્સરીમાંથી ૪૦ થી ૫૦ રૂપિયામાં મળે છે. વ્યાવસાયિક રૂપથી ખેડૂતો માટે વાંસની સૌથી વધારે ફાયદાકારક પ્રજાતિ બૈંબુસા ટોલ્ડા અને બૈંબુસા ન્યૂટન હોય છે.

વાંસ વર્ષમાં ત્રણ મોસમમાં લગાવી શકાય છે. જાન્યુઆરી-ફેબ્રુઆરી, જુલાઈ-ઓગસ્ટ અને ઓક્ટોબર-નવેમ્બર. વાંસની ખેતી સામાન્યપણે આફતથી બચીને રહે છે. વાંસ કેવી રીતે દુનિયાના બધાં જ વિસ્તારોમાં લગાવી શકાય છે, એનું એક ઐતિહાસિક ઉદાહરણ એ છે કે એમ માનવામાં આવે છે કે જે હિરોશીમા અને નાગાસાકી અમેરિકાએ અણુબોમ્બ નાખીને બધી જ વનસ્પતિનો નાશ કરી નાખ્યો હતો તે જ જગ્યાએ વાંસ અણુબોમ્બ નાખવામાં આવ્યાના ૩૭મા દિને જ ઊગી આવ્યા હતા.

ક્યાં, ક્યારે અને કેવી રીતે ચાલવું

એક દિવસમાં કેટલું ચાલવાથી મહત્તમ ફાયદા મેળવી શકાય?

શું તમને એ જાણ છે કે તમે કઈ રીતે અને કેટલું ચાલો છો એનાં પરથી તમારા સ્વાસ્થ્યની જાણ થઈ શકે છે? જો તમે થોડાં ડગલાં ચાલવાથી થાકી જાઓ છો કે તમારો શ્વાસ ફૂલવા લાગે છે તો તમારે એક્સરસાઈઝની જરૂર છે. જેમને હૃદયરોગ હોય એવા રોગીઓ થોડાં ડગલાં ચાલ્યા પછી થાકી જાય છે.

આજનાં લોકો એટલે કે યુવાનો પોતાના સ્વાસ્થ્ય અંગે જાગરૂક થઈ ગયા છે. આ ફિટનેસના ટ્રેન્ડમાં કેટલાક ફિટનેસ ટ્રેકિંગ ડિવાઈસ પણ લોકપ્રિય થયા છે. આ ફિટનેસ ડિવાઈસ આપણને દરરોજ ૧૦,૦૦૦ ડગલાં ચાલવાની ભલામણ કરે છે, એટલે ઘણા એમ માનવા લાગ્યા છે કે આપણે દરરોજ ૧૦,૦૦૦ ડગલાં ચાલવું જોઈએ.આની શરૂઆત જાપાનમાં ૧૯૬૦માં થઈ હતી. ત્યારે ૧૦,૦૦૦ ડગલાંનો ટ્રેન્ડ ખૂબ જ લોકપ્રિય થયો હતો. ઘડિયાળ બનાવનારી એક કંપનીએ ૧૯૬૪માં થયેલાં ટોકિયો ઓલિમ્પિક્સ વખતે પૈડોમીટરનું નિર્માણ કર્યું હતું. આ સાધનનું નામ જાપનીઝ ભાષામાં રાખવામાં આવ્યું હતું જેનો અર્થ '૧૦,૦૦૦ ડગલાં મીટર' એવો થતો હતો. પણ હાલના સમયમાં વિજ્ઞાન ૧૦,૦૦૦ ડગલાં ચાલવાનું સૂચન કરતું નથી. અનેક લોકોના સ્વાસ્થ્ય માટે આટલું ચાલવું એ જોખમી બની શકે છે.એક સર્વેક્ષણમાં એ પણ જાણવા મળ્યું છે કે દરરોજ ૨,૦૦૦ ડગલાં ચાલવાથી તમે વહેલા આવનારા મૃત્યુને ટાળી શકો છો, જોકે, આ અકાળ મૃત્યુને તમે આઠથી ૧૧ ટકા સુધી જ ટાળી શકો છો. સાથે જ, ૨,૦૦૦ ડગલાંથી વધારે ચાલવાથી તમે કેન્સર કે હૃદયરોગના હુમલાથી પણ બચી શકો છો. કેન્સર અથવા હૃદયરોગ જેવી બીમારીઓનું જોખમ ઓછું કરી શકાય છે. બીજી બાજુ દરરોજ ૧૦,૦૦૦ ડગલાં ચાલવાનું કોઈપણ સ્ટડીમાં દર્શાવવામાં આવ્યું નથી.

ચાલવાના ફાયદા

—પગપાળા ચાલવાથી શરીરનું વજન ઓછું થાય છે અને સાથે જ તમારું વજન પ્રમાણસર રહે છે.

—રોજ ચાલવાથી કેન્સર, હાર્ટ એટેક, સ્ટ્રોક, બ્લડ પ્રેશર જેવી સમસ્યાઓથી રાહત મળે છે.

—ચાલવાથી તમારા હાડકાં મજબૂત થાય છે અને શરીરનું સંતુલન જળવાય છે.હૃદય રહેશે સ્વસ્થઃ સવાર—સાંજ ચાલવું એ હૃદય માટે ખૂબ જ ફાયદાકારક છે. જે લોકો નિયમિતરૂપે ચાલે છે, તેમને હૃદય સાથે જોડાયેલી બીમારીઓ ઓછી થાય છે. પગપાળા ચાલવાથી બ્લડ સર્ક્યુલેશન વધે છે અને શરીરમાંથી ખરાબ કોલેસ્ટ્રોલ ઘટે છે. ચાલવાથી બ્લડ પ્રેશર પણ ક્ધટ્રોલમાં રહે છે.ફેફસાં રહેશે મજબૂતઃ દરરોજ ચાલવાથી શરીરને ભરપૂર માત્રામાં ઓક્સિજન મળે છે. પગપાળા ચાલવાથી શરીરમાં ઓક્સિજનનું પ્રમાણ વધે છે, તેના કારણે ફેફસાં સ્વસ્થ અને મજબૂત બને છે.

પાંચનતંત્ર બનશે મજબૂતઃ ચાલવાથી પાચનતંત્ર સારી રીતે કામ કરે છે અને પેટ સાફ રહે છે. દરરોજ પગપાળા ચાલવાથી સારાં હોર્મોન્સ તૈયાર થાય છે, તેથી તમારું સ્વાસ્થ્ય સુધરે છે.મગજ પણ મજબૂત બનશેઃ પગપાળા ચાલવાથી મગજ પણ મજબૂત બને છે. ચાલવાથી માથામાં ફેરફાર થાય છે જેની સીધી અસર મગજ પર થાય છે. એક સંશોધનમાં એમ જણાવાયું છે કે ચાલવાથી મગજમાંના હોર્મોન વધે છે, તેના કારણે તણાવ ઓછો થાય છે.મગજ પણ મજબૂત બનશેઃ પગપાળા ચાલવાથી મગજ પણ મજબૂત બને છે. ચાલવાથી માથામાં ફેરફાર થાય છે જેની સીધી અસર મગજ પર થાય છે. એક સંશોધનમાં એમ જણાવાયું છે કે ચાલવાથી મગજમાંના હોર્મોન વધે છે, તેના કારણે તણાવ ઓછો થાય છે.



વજન પણ ઘટશેઃ દરરોજ ચાલવાથી વજનમાં ઝડપી ઘટાડો થાય છે. તમે જો દરરોજ પાંચ કિ.મી. ચાલો તો તમારે બીજી કોઈ જ કસરત કરવાની જરૂર નથી. હા! પણ જો તમે વજન ઘટાડવાના આશય સાથે ચાલવા જતા હો તો તમારે થોડું ઝડપથી ચાલવું જોઈએ.ડાયાબિટીસના દર્દીઓને ફાયદોઃ ચાલવાથી ડાયાબિટીસના દર્દીઓને ખૂબ જ ફાયદો થાય છે, તેના કારણે બ્લડ સુગરના સ્તરને નિયંત્રિત કરી શકાય છે. દરરોજ ૩૦ મિનિટ ચાલવાથી ડાયાબિટીસના દર્દીઓને ખૂબ જ ફાયદો થાય છે. તેના કારણે ગ્લુકોઝનું સ્તર ક્ધટ્રોલમાં રહે છે. ચાલવાની એક્સરસાઈઝને કારણે માંસપેશીઓ બ્લડ સુગરને શોષવાનું કાર્ય કરે છે. આ પ્રભાવ થોડા કલાકો કે થોડા કલાકો સુધી રહી શકે છે. એટલે જ નિયમિતપણે બ્લડ સુગર સ્તર નિયંત્રણમાં રાખવા માટે નિયમિતપણે ચાલવું જરૂરી છે.

નેશનલ હેલ્થ સર્વિસ (એનએચએસ) તરફથી જણાવવામાં આવ્યું છે કે એક દિવસમાં લગભગ ૧૫૦ મિનિટ કે અઢી કલાક વૉક કરવું જોઈએ. જો તમારા પાસે સમય ન હોય તો દરરોજ ૩૦ મિનિટ સુધી ચાલવું જ જોઈએ, જેથી તબિયત સાથે જોડાયેલી અનેક સમસ્યાઓથી છૂટકારો મેળવી શકાય.

ચાલવા માટે કેવી રીત અપનાવવી?

ચાલવાની પણ યોગ્ય રીત હોય તો જ તેના ફાયદા વધી શકે છે. એક જ ગતિમાં વૉક કરવી જોઈએ. પહેલાં પોતાનું માથું ઉપર રાખવું અને આગળની તરફ જોવાનું, પોતાની ગરદન, ખભા અને પીઠને આરામ આપો, પણ આગળની બાજુ ઝુકીને ન ચાલવું જોઈએ. તમારી પીઠને સીધી રાખવી અને એક જ ગતિએ ચાલવાનું રાખવું જોઈએ. થોડીવાર ઝડપથી અને પછી થાકી જાઓ ત્યારે ધીમેથી એ પ્રમાણે ચાલવું ન જોઈએ. એકધારી ગતિથી ચાલવાના અનેક ફાયદા છે.

ચાલવાનો યોગ્ય સમય

ચાલવા માટેનો યોગ્ય સમય વહેલી સવારનો અથવા સાંજનો છે. આ બંને સમયની પસંદગી એવી રીતે કરવી જોઈએ કે તમે ઝડપથી ચાલી શકો. આ બધી વાતનું ધ્યાન રાખવાથી ચાલવાના અનેક ફાયદા મળી શકે છે.

તંત્રી લેખ...-

ગુરૂવાર, તા.૧૯ નવેમ્બર ૨૦૨૬

રચનાત્મક સહયોગ વધારવા 'ક્વાડ' દેશોનો સંકલ્પ

ચીનનો જ્યાં લગાતાર વર્ચસ્વવાદી એજન્ડા અમલમાં હોય છે એ હિન્દ-પ્રશાંત ક્ષેત્રમાં બળ કે દબાણથી વર્તમાન પરિસ્થિતિ બદલવા સામે 'ક્વાડ' દેશોની ચેતવણીનો મતલબ સ્પષ્ટ છે કે, બીજિંગની વિસ્તારવાદી નીતિ અને કથિત દાદાગીરીને કોઇ ચલાવી લેશે નહીં. હકીકતમાં ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર વેપાર-વ્યવહાર ઉપરાંત સુરક્ષાની દ્દષ્ટિએ પણ ભારે વ્યૂહાત્મક મહત્ત્વ ધરાવે છે. ચીન આ ક્ષેત્રમાં વારંવાર ચંચુપાત કરીને પોતાની તલવાર વીંઝવાનો પ્રયત્ન કરતું રહ્યું છે. ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયાએ 'ચાર દેશો'એ આ ક્ષેત્રમાં કાયમી શાંતિ, સ્થિરતા અને મુક્ત વ્યવહાર જળવાયેલો રહે એ સુનિશ્ચિત કરવા વ્યૂહાત્મક સુરક્ષા મંચની રચના કરી છે જેને ચતુષ્કોણીય સુરક્ષા સંવાદ-કવાડ્રિલેટરલ સિક્યુરિટી ડાયલોગ-'કવાડ' તરીકે ઓળખવામાં આવે છે.

ફિલિપાઈન્સની રાજધાની મનીલામાં આયોજિત ક્વાડ શિખર સંમેલનના ઘોષણાપત્રમાં કોઇ દેશના નામોલ્લેખ વિના કેટલીક બાબતો સ્પષ્ટ કરવામાં આવી છે. એક તો ચારે દેશ અસ્થિરતા ઊભી કરતી એકપક્ષીય કાર્યવાહીનો સખત વિરોધ કરે છે, ઉપરાંત મનસ્વી રીતે નિકાસ પ્રતિબંધો લાદીને આર્થિક દબાણ ઊભું કરતી યુતિઓને પણ કોઇ સ્થાન ન હોવું જોઇએ. 'કવાડ' બેઠકમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ઉપરાંત ડોનાલ્ડ ટ્રમ્પની હાજરી આ સંગઠનની અગત્યતા દર્શાવે છે. થોડા વર્ષ પહેલાં હિન્દ-પ્રશાંત ક્ષેત્રમાં શાંતિ, સુરક્ષા અને સ્થિરતા પર ધ્યાન આપવાની જરૂરત જણાતાં ૨૦૦૭માં આ જ શહેર-મનીલામાં ચારે દેશના અધિકારીઓએ વિચાર-વિમર્શ કર્યો હતો, ત્યારબાદ દસ વર્ષ પછી ૨૦૧૭માં ફરીથી વાતચીતનો તંતુ સાધવામાં આવ્યો અને જ્યારે મનીલામાં ચારે દેશના રાષ્ટ્રાધ્યક્ષો મળ્યા તેનાથી એ પ્રમાણ મળ્યું છે કે, આ ક્ષેત્રની સુરક્ષા અને પોતાના હિતોના રક્ષણ માટે 'કવાડ' એકદમ ગંભીર છે.

અહીં એ નોંધનીય છે કે, ચીનને 'ક્વાડ'ની રચના અને પ્રવૃત્તિ પહેલેથી નાપસંદ છે. એ આ સંગઠનને પોતાના વિરોધની ઝુંબેશ હોવાનું માનતું રહ્યું છે. 'કવાડ'ની અધ્યક્ષતા ભારતે કરવાની હતી. ગયા વર્ષે જ ભારતે શિખર સંમેલનની યજમાનીનું આયોજન કર્યું હતું, પરંતુ ડોનાલ્ડ ટ્રમ્પ સત્તા સંભાળતાં જ ટેરિફ, પેટ્રોલ તેમજ શાંતિના નોબેલ એજન્ડા આગળ ધરીને ઈરાન યુદ્ધમાં પરોવાઈ ગયા હતા, એટલે 'ક્વાડ'ની બેઠક ઠેલાતી રહી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ક્વાડ સંગઠન માટે ખૂબ આશાવાદી જણાય છે. તેમણે આ સંગઠનને રચનાત્મક અને ભરોસામંદ લેખાવતાં કહ્યું કે, દરિયાઇ સુરક્ષા, વિશ્વસનીય સપ્લાય ચેઇન, નવી ટેક્નોલોજી અને આપત્તિ વ્યવસ્થાપન જેવાં ક્ષેત્રોમાં પરસ્પર સહયોગ વધારવાનો વ્યાપક અવકાશ છે.

આ બેઠકની પાશ્ચાદભૂમાં મોદીની ટ્રમ્પ સાથેની બેઠક મહત્ત્વપૂર્ણ રહી. ઘરઆંગણે મધ્યસત્ર ચૂંટણીમાં ડેમોક્રેટ્સના શાનદાર દેખાવથી ટ્રમ્પની તાકાત ક્ષીણ થઇ છે. મોદી પ્રત્યે તેમણે હંમેશની જેમ સ્પેશિયલ ટિપ્પણી કરીને તેમને મજબૂત નેતા લેખાવ્યા. ક્વાડની મનીલા શિખર બેઠક મહત્ત્વપૂર્ણ રહી. આ સંગઠન કોઇ દેશ પર દબાણ ઊભું કરવાથી દૂર રહીને પારસ્પરિક સહયોગ સાધીને રચનાત્મક ભૂમિકા નિભાવી રહ્યું છે. ચારે દેશો ચીન સાથેના પોતાના દ્વિપક્ષીય સંબંધોને અલગ રાખીને સામૂહિક હિતો પર ધ્યાન કેન્દ્રિત કરે એ જરૂરી છે.

ભાવવધારાનો પડકાર

વિશ્વના દેશો જ્યારે આર્થિક સંકટમાં આવી પડયા અને હોર્મુઝ ખાડીની લડાઈ લંબાતી ગઈ. ક્રૂડતેલ વાહક જહાજો અટકી પડયાં ત્યારે આર્થિક સંકટ વધુ ગંભીર બનવા લાગ્યું. ભારતમાં પણ ક્રૂડતેલની અછતના કારણે પેટ્રોલ-ડીઝલ અને ખાતરની તંગી અને ભાવવધારાની શક્યતા હતી. વિપક્ષી નેતાઓએ અછત-ભાવવધારો નિશ્ચિત હોવાનો પ્રચાર કરીને દેશમાં અરાજકતાને - આવકારતા હોય એવી છાપ પાડી હતી. આમ સંજોગો વિકટ અને વિરોધી હોવા છતાં આપણું અર્થતંત્ર સદ્ધર રહ્યું. સરકારની સમયસૂચકતા અને નીતિ નિર્ણયથી પેટ્રોલ - ડીઝલ અને ખાતરની અછત અથવા ભાવવધારો થયો નહીં.હવે સ્થિતિ બદલાઈ રહી છે. જીવનજરૂરી ચીજોના ભાવવધવાની શરૂઆત થઈ છે. આ માટે માત્ર ક્રૂડતેલ જવાબદાર નથી. અનાજ, શાકભાજી અને દૂધના ભાવ પણ વધી રહ્યા છે. કોરોના વખતથી કેન્દ્ર સરકારે સમાજના નબળા વર્ગોને વિનામૂલ્યે અનાજ આપવાની શરૂઆત કરી હતી જે હવે લંબાવવામાં આવી છે, પણ અનાજ - ઘઉં - ચોખા ઉપરાંત કઠોળ અને શાકભાજીનો પણ પ્રશ્ન છે.રિઝર્વ બેન્કનું અનુમાન છે કે, આવતા વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં માર્ચની આખરે ફુગાવો - ભાવવધારો છ ટકાથી ઘટવા લાગશે. રિઝર્વ બેન્કના આશાવાદ અને અનુમાન સાથે અર્થશાસ્ત્રીઓ સંમત નથી. તેમના મત મુજબ રિઝર્વ બેન્કે ગ્રાહક ભાવ આંકના વધારા માટે ચાર ટકાની પાળ બાંધી હતી તે ઓળંગીને છ ટકા ઉપર પહોંચી છે અને આગામી મહિનાઓમાં હોર્મુઝમાં યુદ્ધવિરામ થાય, ક્રૂડતેલનો પુરવઠો વધે તો પણ ભાવ ઘટવાની શક્યતા નથી. 'અલ નીનો'ની કુદરતી આપત્તિ - આક્રમણ અર્થતંત્રને હચમચાવી નાખશે એવું અનુમાન છે.કેન્દ્ર સરકાર ભાવ સ્થિતિ ઉપર નજર રાખી રહી છે. દાળ - કઠોળના ભાવ વધવા લાગતાં તાત્કાલિક સ્ટોકમર્યાદા જાહેર થઈ છે, જેથી સંગ્રહખોરી અને અછતના ભયથી ભાવવધારો થાય નહીં. વાસ્તવમાં આ ભાવવધારો પુરવઠાની ખેંચના કારણે થયો છે, તેથી રિઝર્વ બેન્ક વ્યાજદર વધારે તો પણ તેની ઊલટી અસર પડશે, એમ મનાય છે. આ સંજોગોમાં જરૂરી ચીજોનો પુરવઠો જળવાઈ રહે તે જરૂરી છે.

અનાજ ઉત્પાદન વધવા સાથે 'બફર સ્ટોક' રાખવાની શરૂઆત થઈ હતી, પણ હવે અનાજ કરતાં અન્ય સામગ્રી - દૂધ - શાકભાજીની અછત છે, દુષ્કાળ પછી હવે અલ નીનો ત્રાટકવાનો ભય છે. આ સંજોગોમાં માત્ર શેરો વધે, શેરબજારમાં ફૂલગુલાબી વાતાવરણ રહે તે પૂરતું નથી. સામાન્ય નાગરિકોના જીવનમાં ભાવાંકનું મહત્ત્વ વધુ છે. હવે આગામી વર્ષે ચૂંટણીની મોસમ છે, ત્યારે મોદી સરકાર સામે ભાવસપાટી અંકુશમાં રાખવાનો પડકાર છે.

આધુનિક સમયમાં પાતળી દેખાવવા માટે સ્પર્ધા કરાય છે પણ...

ક્રેશ ડાઇટિંગથી આરોગ્યને નુકસાન

આ સંજોગોમાં તેના બોલવા સામે વાંધો ના લઈ શકાય પણ ભારત-પાકિસ્તાનનાં લોકો વચ્ચે નફરત નથી ને જે કંઈ થાય છે

મહિલાનુ ફોક્સ ફિટનેસને લઈને કઇ રીતે છે તે બાબત હાલમાં કરવામાં આવેલા એક સર્વેથી સપાટી પર આવી છે. આ સર્વે ફિટનેસ બ્રાન્ડ માટે લોકપ્રિય કેલિફોર્નિયાની કંપની જીઓક્યુઆઈઆઈ દ્વારા ભારતમાં ફિટનેસ ગોલ અને એક્ટીવિટીજને લઈને કરવામાં આવ્યા બાદ કેટલીક નવી વિગત સપાટી પર આવી છે. સર્વે બાદ જાણવા મળ્યુ કે ફિટનેસના લક્ષ્યોમાં જ્યાં પુરૂષોનુ ધ્યાન મસલ ગેઈન કરવા એટલે કે બાઈસેપ્સ બનાવવામાં અને મહિલાઓનુ ધ્યાન વેટ મેનેજમેન્ટ પર કેન્દ્રિત રહે છે. આ સર્વે એક વર્ષની અંદર ૧૫થી ૬૫ વર્ષની વયના લોકોને આવરી લઈને કરવામાં આવ્યા બાદ તેના તારણ ખુબ રસપ્રદ રહ્યા છે. કોઈને પણ અને ખાસ કરીને યુવતિને જોઈને અમે સરળતાથી કહી દઈએ છીએ કે હવે શરીર વધી રહ્યુ છે અને ખાવા પર ધ્યાન રાખવાની જરૂર છે. ભઈ જુઓ પોતાના શરીર પર ધ્યાન આપો નહીતર યોગ્ય યુવક મળશે નહી. અમે તો પોતાની વાત કહીને નિકળી જઈએ છીએ એવુ પણ વિચારતા નથી કે અમે અજાણતા જ આ યુવતિને કેટલુ ટેન્શન આપીદીધુ છે. આ યુવતિને આ પ્રકારની અમારી સલાહ ટેન્શન ખુબ આપે છે. વિચારવા જેવી બાબત છે કે અમે જાડી યુવતિઓ માટે તેમનુ વજન એક અડચણ બનાવી ચુક્યા છીએ. યુવાનો માટે આવી કોઇ અડચણ નથી. જો યુવતિ સહેજ પણ જાડી થાય છે તો તમામ લોકો તેના વજનની ચિંતા કરવા લાગી જાય છે. પરંતુ સમજી લેવાની બાબત એ છે કે દરેક શરીરની એક અલગ જરૂરીયાત હોય છે. હાલના દિવસોમાં ઈન્ટરનેટ પર એક વધુ નવા ટ્રેન્ડની શરૂઆત થઇ રહી છે અને આ છે ઓનલાઈન ડાઈટ પ્લાન્સની અને અલગ અલગ પ્રકારના ડિટોક્સીફિકેશન અને વેટ કટર ડ્રિન્ક્સ. આવુ નથી કે આ પ્રકારના ડાઈટ પ્લાન બિલકુલ અયોગ્ય છે. અથવા તો તેમાં કેટલાક પ્રકારની ખામી છે પરંતુ સમજી લેવાની બાબત એ છે કે સામાન્ય લોકોને લઈને બનાવવામાં આવ્યા છે. આવી સ્થિતીમાં કોઈ એક માટે શુ યોગ્ય છે અને શુ નહી તે બાબત કઇ રીતે નક્કી કરી શકાય છે. દરેક શરીરના એક અલગ બાયો કેમિકલ એનાલેસિસ અલગ હોય



છે. જેમ કે કોઈનામાં એસિડ વધારે બને છે. આવી સ્થિતીમાં જો તે લિંબુ પાણીને ડાઈટમાં સામેલ કરી લે તો સમજી શકાય છે કે તેના શરીરમાં શુ થશે. દરેક ચીજ દરેક વ્યક્તિને સુટ કરતી નથી. લગ્નની સિઝન એટલે કે મૌજ મસ્તી અને ખુશીની લહેર. આ તમામની વચ્ચે કદાચ નવવધુનુ સપનુ એ હોય છે કે તે પોતાના આ ખાસ દિવસે દુનિયાની સૌથી ખુબસુરત વધુ તરીકે દેખાય. આ પ્રયાસમાં રંગ રૂપ નિખારવા માટે કવાયત છેલ્લા કેટલાક મહિનાથી શરૂ કરી દેવામાં આવે છે. ફેસપેક લગાવવાની શરૂઆત કરી દેવામાં આવે છે. આવી સ્થિતીમાં ખુબસુરત દેખાવવા માટે બ્યુટી સલુનની પણ ઓછી ચાંદી થતી નથી. પરંતુ આને સામાજિક દબાણ કહો કે પછી પોતાને વધુ સારી રીતે રજૂ કરવાની કવાયત હોય. તાજેતરના સમયમાં સ્લિમિંગ સેન્ટર્સમાં યુવતિઓની સંખ્યામા ઝડપથી વધારો થઈ રહ્યો છે. વેડિંગ સિઝનમાં એવી યુવતિઓ જેમના લગ્ન થઈ રહ્યા છે અથવા તો બે ત્રણ મહિનામાં થનાર છે તેમની સંખ્યા ૩૦થી ૫૦ ટકા સુધી વધી જાય છે. ફિટનેસની દ્રષ્ટિએ આ વાત કેટલી સારી છે તે બાબત તો પછીની છે.

આ પ્રકારની ક્રેશ ડાઈટિંગના કારણે કેટલીક વખત આરોગ્ય સાથે સંબંધિત સમસ્યા પણ આવી જાય છે. જેના કારમે શરીરમાં કેટલીક તકલીફ ઉભરી આવે છે. જેમાં હિમોગ્લોબિન ઘટવાની બાબત, વાળ ખરી પડવાની બાબત અને એનિમિયાની તકલીફનો સમાવેશ થાય છે. માત્ર એક દિવસ માટે વજન ઘટાડી દેવા માટેનુ લક્ષ્ય કઇ રીતે હોઇ શકે છે. ફિટનેસ તો જીવનભર ચાલનાર સાથી તરીકે છે. ખાસ બાબત એ પણ છે કે માત્ર યુવતિઓ જ આ પ્રકારના ટાર્ગેટ પોતાના પર લે છે. યુવકોને સમાજે કદાચ આ પ્રકારના પ્રેશર રાખવાથી મુક્તિ આપીછે. પાતળી થવા માટે યુવતિઓ એવા એવા પ્રકારના પ્રયોગ કરે છે કે કેટલીક વખત તો આરોગ્યની તકલીફ ઉભી થઈ જાય છે. પાતળી દેખાવવા માટેની હોડ કેટલીક વખત યુવતિઓને એવા પ્લાન બનાવવા તરફ દોરી જાય છે જેના કારણે મોટી સમસ્યાને આમંત્રણ મળી જાય છે.

અહીં કોઈ દરિયાઈ વિસ્તાર નથી. બલકે ટાપુની ચારે તરફે જળાશય છે,

એકાદ ઢળતી સાંજે તમે આ ટાપુ પર જવાનું પસંદ કરશો?

કહેવાય છે કે છોકરી ડૂબી એ વખતે એના હાથમાં એક ઢીંગલી હતી. બીજા કેટલાક કહે છે કે છોકરી ડૂબી એના બીજા દિવસે - બરાબર એ જ સ્થળેથી બરેરાને એક ઢીંગલી મળી.

અધૂરી ઈચ્છાઓ તમને શાંતિથી જીવવા નથી દેતી. માણસજાત સતત પોતાની જ અધૂરી ઈચ્છાઓ ની અગ્નિમાં બળતો રહે છે. એક તબક્કો એવોય આવે કે એને 'ઈચ્છા' શબ્દથી જ ભય લાગવા માંડે. આ લીટીઓમાં કદાચ તમને અતિશયોક્તિ લાગશે ,પણ વાતની સાબિતી જોઈતી હોય તો વિશ્વભરની હોરરકથાઓ વાંચી જાવ!

વિશ્વની દરેક ભાષાએ અતૃપ્ત આત્માઓની વાતો લખી છે. આવી વાર્તાઓમાં બીજા કોઈ પણ રંગો પુરાયેલા હોઈ શકે, પણ એ બધા વચ્ચે એક સર્વવ્યાપી-અનિવાર્ય રંગ તે માનવ મનની અતૃપ્તિનો! અને એટલે જ માણસજાત પોતાની અધૂરી ઈચ્છાઓનો બોજ તો વેંઢારે જ છે, પણ બીજાની અતૃપ્ત ઈચ્છાઓનો પણ એને ડર લાગે છે. રખે ને કોઈ અધૂરી ઈચ્છાએ ઉકલી જાય, અને પછી...

ડોલ્સ ટાપુ (જ્ઞ્ઞ્ક્ષ્દ્ઘ ક઼રી દ્વ્ઞ્ઞ્જ) મેક્સિકો સિટીની દક્ષિણમાં આવેલ નહેરો વચ્ચે આવેલો છે. અહીં કોઈ દરિયાઈ વિસ્તાર નથી. બલકે ટાપુની ચારે તરફે જળાશય છે, જેમાં કાશ્મીરમાં જોવા મળતી શિકારા જેવી હોડીઓ ફરતી જોવા મળે. આ જળાશયનો વિસ્તાર ચોતરફે જમીનથી ઘેરાયેલો છે. ટૂંકમાં આ કોઈ દુર્ગમ સ્થળ તો નથી. વર્ષે સંખ્યાબંધ પ્રવાસીઓ અહીં મોજથી હરવા-ફરવા આવે છે... અને અહીંનાં દૃશ્યો જોઈને છળી મરે છે!

ડોલ્સ આઈલૅન્ડ એના નામ મુજબ હજારો ડોલ્સ-ઢીંગલીઓથી ઊભરાય છે. અહીં વૃક્ષો સહિત જ્યાં જગ્યા દેખાય ત્યાં નાની-મોટી હજારો ઢીંગલીઓ જોવા મળે છે. ઘરમાં પડેલી એકલદોકલ ઢીંગલી તમને ક્યુટ લાગી શકે, પણ સાંજનું અંધારું ઘેરાઈ ગયા બાદ કોઈક નિર્જન ટાપુ પર કારણ વગર ઝૂલતી - લટકતી હજારો ઢીંગલીઓની આંખો તમને ટીકીટીકીને જોતી હોય તો તો તમે ભયથી ફાટી જ પડો ને!

બસ, આ ભયને કારણે જ ડોલ્સ આયલૅન્ડ વિશ્વભરના પ્રવાસીઓને આકર્ષે છે. આ જગ્યા ડાર્ક ટુરિઝમ માટે જાણીતી છે અને ૨૦૨૨માં એને 'ગિનેસ બુક ઑફ વર્લ્ડ રેકૉર્ડ્સ' દ્વારા વિશ્રૂવના સૌથી મોટા ઉંક્ષ્હીદ્ઘ દ્વ્ઞ્ઞ્જ ર્જ્ઞ્-ક્ષ્રીર્જ્ઞ્હજ તરીકે માન્યતા મળી છે.

શરૂઆતમાં જેની વાત કરી, એ અધૂરી રહી ગયેલી ઈચ્છાનો ડર અહીં પણ કામ કરી ગયો છે. ૨૦મી સદીની મધ્યમાં - લગભગ ૧૯૫૦ના દશક દરમિયાન ડોન જુલિયન સાન્ટાના બરેરા નામનો ખેડૂત અહીં વસવાટ કરતો. આપણે એને માત્ર બરેરા તરીકે સંબોધિત કરીશું. આ બરેરાભાઈ કદાચ સ્વભાવે એકલવાયા હશે. એટલે આખા ટાપુ પર એ માણસ એકલો જ વસતો. બરેરા સાથે જે બન્યું, એ જ આ ટાપુનો ઈતિહાસ છે.

થયું એવું કે એક દિવસ બરેરાએ નજીકની કૅનાલમાં એક નાનકડી છોકરીને ડૂબતા જોઈ. એ બહુ મથ્યો છતાં બાળકી પાણીમાં ગૂંગળાઈને મૃત્યુ પામી. કેટલાક માને છે કે બરેરાએ છોકરીને જોઈ એ પહેલાં જ એ ડૂબીને મૃત્યુ પામેલી. બરેરાએ છોકરીની અંત્યેષ્ટિ કરી, પણ અહીંથી પેલી અધૂરા અરમાન અને ઈચ્છાવાળી વાત શરૂ થાય છે.

કહેવાય છે કે છોકરી ડૂબી એ વખતે એના હાથમાં એક ઢીંગલી હતી. બીજા કેટલાક કહે છે કે છોકરી ડૂબી એના બીજા દિવસે - બરાબર એ જ સ્થળેથી બરેરાને એક ઢીંગલી મળી. બેમાંથી જે વાત સાચી હોય તે, પણ બરેરાએ છોકરીનો જીવ ઢીંગલીમાં ન રહી જાય - ઢીંગલી સાથે રમવાની એની ઈચ્છા અધૂરી ન રહી જાય એ માટે થઈને પેલી ઢીંગલીને એક ઝાડ પર ટાંગી અને છોકરીના આત્માની શાંતિ માટે ઈશ્વરને પ્રાર્થના કરી.

પણ પછી તો આ સિલસિલો ચાલતો જ રહ્યો. બરેરાને બીજે દિવસેય એક ડોલ મળી. બરેરાને થયું કે કદાચ પેલી બાળકીનો આત્મા અવગતે જઈને આ ટાપુ પર ભટકી રહ્યો છે! એટલે છોકરીના આત્માની સદ્ગતિ માટે અને અન્ય દુષ્ટ આત્માઓને ટાપુથી દૂર રાખવા માટે પાણીમાં તરતી મળી આવેલી કે કચરાપેટીમાં ત્યજી દેવાયેલી હજારો ડોલ્સ એકઠી કરી અને વૃક્ષો, દીવાલો અને ટાપુ પર બાંધેલી ઝૂંપડીઓ પર લટકાવી. આ કામ આશરે પાંચ દાયકા સુધી ચાલતુ રહ્યું! આ દરમિયાન સ્વાભાવિક રીતે જ ડોલ્સ આઈલૅન્ડ ઠેર-ઠેર લટકતી હજારો ઢીંગલીઓથી ઊભરાઈ ગયો.

નાગણેશ્વરી માતાજીનું મંદિર

શ્રદ્ધા-શિલ્પકલા ને ઐતિહાસિક વિરાસતનો અનોખો સંગમ છે

ભારતનાં લોકપ્રિય પ્રવાસન સ્થળોમાં રાજસ્થાનનું આગવું સ્થાન છે. જેસલમેરના પીળા પથ્થરો તેને 'ગોલ્ડન સિટી' તરીકે ઓળખ અપાવે છે

રાજસ્થાન એટલે રાજા-મહારાજાઓની શૌર્યગાથા, ભવ્ય કિલ્લાઓ, ઐતિહાસિક મહેલો અને કલાત્મક મંદિરોની ધરતી. આ પવિત્ર ભૂમિ પર અનેક રાજવંશોએ પોતાની કુળદેવી પ્રત્યેની અતૂટ શ્રદ્ધા વ્યક્ત કરવા માટે ભવ્ય મંદિરોનું નિર્માણ કરાવ્યું છે. આજે પણ આ મંદિરો રાજસ્થાનના ગૌરવશાળી ઈતિહાસ અને અદ્ભુત સ્થાપત્યકલાની સાક્ષી પૂરે છે.

ભારતનાં લોકપ્રિય પ્રવાસન સ્થળોમાં રાજસ્થાનનું આગવું સ્થાન છે. જેસલમેરના પીળા પથ્થરો તેને 'ગોલ્ડન સિટી' તરીકે ઓળખ અપાવે છે, તો જોધપુર, જયપુર, બિકાનેર, અજમેર, ઉદયપુર, કોટા, ભીલવાડા અને અન્ય શહેરો પોતાની આગવી સ્થાપત્યકલા અને સાંસ્કૃતિક વિરાસત માટે જાણીતા છે. અહીંનાં પથ્થરોની મજબૂતાઈ અને રંગોની વિવિધતા મંદિરો તથા મહેલોની સુંદરતામાં ચાર ચાંદ લગાવે છે.

રાજસ્થાનની ધરતી પર પાકિસ્તાન સરહદ નજીક આવેલું વિશ્વવિખ્યાત તનોટ માતાજીનું મંદિર પણ ભાટી સહિતની અનેક શાખાઓની અતૂટ આસ્થાનું કેન્દ્ર છે. બીજી તરફ, લોકદેવતા બાબા રામદેવજી મહારાજ પ્રત્યેની શ્રદ્ધા માત્ર રાજસ્થાનમાં જ નહીં, પરંતુ સમગ્ર દેશમાં અને વિશ્વભરમાં ફેલાયેલી છે.આવી જ પવિત્ર અને ઐતિહાસિક ધરતી પર આજે આપણે રાઠોડ વંશનાં કુળદેવી શ્રી નાગણેશ્વરી માતાજીના પાવન ધામની વાત કરીશું. રાજસ્થાનના નાગાણા ગામે આવેલું માતાજીનું આ ભવ્ય મંદિર આરસપહાણની કલાત્મક કોતરણી, વિશાળ પરિસર અને અદ્ભુત ધાર્મિક મહત્ત્વ ધરાવે છે.રાજસ્થાનના બાડમેર જિલ્લાના પંચપદ્રા તાલુકામાં નાગાણા ગામ આવેલું છે. અહીં શ્રી નાગણેશ્વરી માતાજીનું મુખ્ય પ્રાગટ્ય સ્થાન અને પવિત્ર પાટસ્થાન આવેલું છે. આ મંદિર જોધપુરથી આશરે ૭૦ કિલોમીટર અને બાલોતરાથી આશરે બાવન કિલોમીટરના અંતરે આવેલું છે.સમયાંતરે મંદિરનું ભવ્ય નવનિર્માણ કરવામાં આવ્યું છે. તેમ છતાં, માતાજીની મૂળ મૂર્તિ જે સ્થિતિમાં અને જે સ્થાને બિરાજમાન હતી, તે જ સ્થિતિમાં આજે પણ સ્થાપિત છે. આ બાબત ભક્તો માટે વિશેષ આસ્થાનું કેન્દ્ર છે. પરંપરા મુજબ માતાજીની પૂજા-અર્ચના ધૂહડજી રાઠોડના વંશજો દ્વારા કરવામાં આવે છે.

જોધપુરના રાજવંશનો વંશવેલો ગુજરાત સુધી પણ વિસ્તરેલો છે. રાઠોડ અને તેમની પેટા શાખાઓ જોધા, કુંપાવત, જેતાવત, ચંપાવત સહિતના રાજપૂત પરિવારોમાં માતાજી પ્રત્યે અખૂટ શ્રદ્ધા જોવા મળે છે. ખુમાપુર, ભવાનગઢ, વાગડી, મઉ વાસણ સહિતનાં ગામોમાં પણ નાગણેશ્વરી માતાજીનાં મંદિરો આવેલાં છે.નાગણેશ્વરી માતાજી પ્રત્યેની શ્રદ્ધાનો ઉલ્લેખ દેવી ભાગવત પુરાણના દસમા સ્કંધના સંદર્ભમાં પણ કરવામાં આવે છે. શ્રી મનુજી રાઠોડના જણાવ્યા મુજબ રણબંકા રાઠોડોની કુળવર્ધિની તરીકે નાગણેશ્વરી મૈયાનું વિશેષ સ્થાન છે. પરંપરાગત વંશાવળી મુજબ રાઠોડ વંશનું ગૌત્ર ગૌતમ, કુળગુરુ વસિષ્ઠ, નદી સરયુ, ક્ષેત્ર અયોધ્યા, વેદ શુક્લ યજુર્વેદ અને શાખા માંધ્યંદિની તરીકે ઓળખાય છે. ધર્મ સંન્યાસ, ઈક્ષ્વાકુ કુળ, સૂર્યવંશ, ઈષ્ટદેવ મહાદેવ, ભૈરવ મંડોવર, ગણપતિ ડાબા, ચારણ રોહડિયા, વર્ણ અગ્નિ અને શસ્ત્ર ભાલો જેવી પરંપરાગત ઓળખ પણ આ વંશ સાથે જોડાયેલી છે.સૂર્યવંશી રાઠોડોની કુલ ૨૪ શાખાઓ હોવાનું મનાય છે. તેમાં ચંદુરગઢના અજાવત રાઠોડોનો પણ ગૌરવશાળી ઈતિહાસ છે. તેમના આદ્યપુરુષ સિંહાજી રાઠોડના ત્રણ પુત્રો આસ્થાનજી, અજાજી અને સોનંગજી હતા. તે પૈકી અજાજીના પુત્ર કાન્હડદેવજી રાઠોડે સંવત ૧૩૦૪ એટલે કે ઈ.સ. ૧૨૪૭માં ચંદુરગઢની ગાદીની સ્થાપના કરી હોવાનું વંશપરંપરાગત ઈતિહાસમાં જણાવાય છે.અજાજીના વંશજો અજાવત રાઠોડ તરીકે ઓળખાયા. આજના સમયમાં પણ લોલાડા, નાની ચંદુર, કુંવર, સુરેલ, ખીજડીયારી, નાયકા, પાનવા, દુદખા, ઉપરીયાળા, કોકતા, રાફુ, દેલાલા, ગોધાણા, બોલેરા, મેમણા, કુરેજા, ચંદ્રુમાણા, પરવડી અને જાખેલ સહિતનાં ગામોમાં રાઠોડ પરિવારો વસવાટ કરે છે. રાઠોડ ચોવીસીનાં કેટલાંક ગામો આજે અસ્તિત્વમાં નથી, તેમ છતાં આશરે ૩૫૦થી વધુ અજાવત રાઠોડ પરિવારો નાગણેશ્વરી મૈયાને પોતાની આરાધ્ય કુળદેવી માને છે. આ માત્ર ધાર્મિક માન્યતા નથી, પરંતુ પેઢી દર પેઢી જળવાતી આવેલી વંશપરંપરા, સંસ્કૃતિ અને માતાજી પ્રત્યેની અતૂટ શ્રદ્ધાનું પ્રતીક છે.નાગણેશ્વરી માતાજીના આ પવિત્ર ધામમાં સતી મૈયા, વીરદાદા અને નાગદેવતાનાં સ્થાનકો પણ આવેલાં છે. વિશાળ મંદિર પરિસરમાં ધર્મશાળા, તળાવ, પીવાના પાણીની સુવિધા, લાઈટિંગ, બાગ-બગીચા અને ભોજનાલય જેવી વ્યવસ્થાઓ કરવામાં આવી છે.અહીં બારેમાસ સદાવ્રત ચાલે છે, જે દર્શાવે છે કે આ ધામ માત્ર પૂજા-અર્ચનાનું જ નહીં, પરંતુ સેવા, સમર્પણ અને માનવતાનું પણ કેન્દ્ર છે. દર પૂનમે સેંકડો શ્રદ્ધાળુઓ માતાજીનાં દર્શનાર્થે ઊમટી પડે છે. આસો સુદ નવરાત્રિની દુર્ગાષ્ટમીના પવિત્ર દિવસે માતાજીનો પાટોત્સવ ભક્તિભાવ અને ધાર્મિક ઉત્સાહ સાથે ઉજવવામાં આવે છે.

નાગાણા ગામે આવેલું નાગણેશ્વરી માતાજીનું મંદિર માત્ર એક ધાર્મિક સ્થળ નથી. તે રાઠોડ વંશની ઐતિહાસિક ઓળખ, પેઢીઓથી ચાલી આવતી કુળદેવી પ્રત્યેની શ્રદ્ધા, રાજસ્થાનની સમૃદ્ધ સંસ્કૃતિ અને ભારતીય શિલ્પકલાનું જીવંત પ્રતીક છે. આરસપહાણની અદ્ભુત કોતરણી, મંદિરની ભવ્યતા, પવિત્ર વાતાવરણ અને ભક્તોની અતૂટ આસ્થા દરેક મુલાકાતીને મંત્રમુગ્ધ કરી દે છે. જે કોઈ રાજસ્થાનની ઐતિહાસિક અને ધાર્મિક સફર કરવા ઈચ્છે છે, તેમના માટે નાગણેશ્વરી માતાજીનું આ પવિત્ર ધામ અવશ્ય દર્શન કરવા જેવું છે.



યશરાજ ફિલ્મ્સની પહેલી હોરર ફિલ્મમાં જોવા મળશે વરુણ ધવન

૩૧ માર્ચ ૨૦૨૮ના રોજ થશે રિલીઝબોલિવૂડનું જાણીતું પ્રોડક્શન હાઉસ યશરાજ ફિલ્મ્સ (YRF) હવે હોરર ફિલ્મોનાં જોનરમાં પ્રવેશ કરવા જઈ રહ્યું છે. બેનરની પહેલી હોરર ફિલ્મમાં અભિનેતા વરુણ ધવન મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. નિર્માતાઓએ આ ફિલ્મની વિશ્વભરમાં થનારી થિયેટર રિલીઝ માટે ૩૧ માર્ચ ૨૦૨૮ની તારીખ જાહેર કરી છે. જોકે, ફિલ્મનું નામ અને વાર્તા અંગેની વિગતો હજુ જાહેર કરવામાં આવી નથી.

યશરાજ ફિલ્મ્સ અત્યાર સુધી રોમાન્સ, એક્શન, ડ્રામા, કોમેડી અને થ્રિલર જેવી વિવિધ શૈલીઓની ફિલ્મો રજૂ કરી ચૂક્યું છે. હવે પ્રથમ વખત હોરર જોનરમાં ફિલ્મ બનાવીને પ્રોડક્શન હાઉસ પોતાની ફિલ્મી સફરમાં નવો પ્રયોગ કરવા જઈ રહ્યું છે. આ ફિલ્મને મોટા પડદા માટે વિશેષ રીતે તૈયાર કરવામાં આવશે, જેમાં યશરાજ ફિલ્મ્સની ભવ્ય નિર્માણશૈલી અને સિનેમેટિક અભિગમ જોવા મળશે.

'રોકેટ બોયઝ' વેબ સિરીઝથી ઓળખ મેળવનાર ફિલ્મ ડિરેક્ટર અભય પન્નુ આ ફિલ્મનું લેખન અને દિગ્દર્શન બંને કરશે. ખાસ વાત એ છે કે આ પ્રોજેક્ટ સાથે તેઓ થિયેટર ફિલ્મના દિગ્દર્શક તરીકે ડેબ્યુ કરશે. ફિલ્મનું નિર્માણ યશરાજ ફિલ્મ્સના સીઈઓ અક્ષય વિધાની કરશે, જ્યારે આદિત્ય ચોપરા તેને માર્ગદર્શન આપવા ખાતર પ્રોજેક્ટ સાથે જોડાયેલા રહેશે.વરુણ ધવન માટે પણ આ ફિલ્મ ખાસ છે. યશરાજ ફિલ્મ્સ સાથે તેની આ બીજી ફિલ્મ હશે. અત્યાર સુધી કોમેડી, રોમાન્સ અને એક્શન જેવી શૈલીઓમાં જોવા મળેલો વરુણ હવે હોરર જોનરમાં પોતાની અભિનયક્ષમતા દર્શાવશે. ફિલ્મની અન્ય કાસ્ટ અને નામ અંગેની જાહેરાતની રાહ જોવાઈ રહી છે.



'સ્ટુડન્ટ ઓફ ધ યર'ની સફળતાનો ભાર મન પર રાખવા નથી માગતી : શનાયા કપૂર

શનાયા સામે 'સ્ટુડન્ટ ઓફ ધ યરઃ આફ્ટર ડાર્ક'માં ડબલ રોલ ભજવવાનો પડકાર

કરણ જોહરની લોકપ્રિય ફિલ્મ ફ્રેન્ચાઈઝી 'સ્ટુડન્ટ ઓફ ધ યર'ની નવી સિરીઝ 'સ્ટુડન્ટ ઓફ ધ યરઃ આફ્ટર ડાર્ક'માં લીડ રોલ ભજવી રહેલી શનાયા કપૂરે જણાવ્યું કે આ ફ્રેન્ચાઈઝીની સફળતાને આગળ ધપાવવાની જવાબદારી મોટી છે, પરંતુ તેણે તેનો ભાર અનુભવવાને બદલે નવી વાર્તા પર ધ્યાન કેન્દ્રિત કરવાનું પસંદ કર્યું હતું. આ સિરીઝમાં શનાયા ડબલ રોલમાં જોવા મળે છે.


કરણ જોહરની આ ફ્રેન્ચાઈઝીએ અગાઉ આલિયા ભટ્ટ, વરુણ ધવન અને સિદ્ધાર્થ મલ્હોત્રા જેવા કલાકારોને ઓળખ અપાવી હતી. આ વારસાનો ભાગ બનવા અંગે શનાયાએ કહ્યું હતું, ''જ્યારે મેં 'સ્ટુડન્ટ ઓફ ધ યર'નું નામ સાંભળ્યું ત્યારે સ્વાભાવિક રીતે વિચાર આવ્યો કે આપણે એક મહત્ત્વની ફ્રેન્ચાઈઝીને આગળ ધપાવી રહ્યાં છીએ. આ કરણ જોહરની ફ્રેન્ચાઈઝી છે, તેમનું પોતાનું બાળક છે. આલિયા ભટ્ટ, વરુણ ધવન અને સિદ્ધાર્થ મલ્હોત્રા જેવા કલાકારો આ ફ્રેન્ચાઈઝીમાંથી મળ્યા છે. હું મોટી થઈ ત્યારે તેમને જોતી હતી અને આજે પણ કલાકાર, મિત્ર તથા માર્ગદર્શક તરીકે તેમની પાસેથી ઘણું શીખું છું. આ શો દ્વારા આ વારસાને આગળ લઈ જવો મારા માટે મોટી વાત છે.''

જોકે, આ જવાબદારીનું દબાણ પોતાના પર હાવી ન થાય તે માટે તેણે સ્ક્રિપ્ટને એક નવા પ્રોજેક્ટ તરીકે જોવાનો નિર્ણય કર્યો હતો. શનાયાએ કહ્યું, ''જ્યારે મેં સ્ક્રિપ્ટ વાંચી ત્યારે હું આ જવાબદારીનો ભાર મન પર રાખવા માગતી નહોતી. મેં તેને રીમાએ આપેલી એક સ્ક્રિપ્ટ તરીકે જોઈ અને વિચાર્યું કે તેની તૈયારી કેવી રીતે કરવી તથા તેને પોતાની ઓળખ કેવી રીતે આપવી. અમે સૌએ આ જ રીતે કામ કર્યું. જૂની ઓળખથી અલગ થઈને ૨૦૨૬ માટે કંઈક નવું અને અલગ બનાવવું સહેલું નહોતું. આ સિરીઝમાં ડાર્ક ટોન અને નવો વળાંક છે, જેણે મારા માટે આ પ્રોજેક્ટને વધુ રસપ્રદ બનાવ્યો.''

કારકિર્દીની શરૂઆતમાં જ ડબલ રોલ ભજવવો શનાયા માટે બીજો મોટો પડકાર હતો. શનાયાએ કહ્યું, ''મારી અભિનયની સફર હમણાં જ શરૂ થઈ છે અને હું હજી શીખી રહી છું. બંને પાત્રો કેવી રીતે ભજવવાં તે અંગે રીમાએ મને માર્ગદર્શન આપ્યું. કેટલીકવાર એક જ દિવસે બંને પાત્રો ભજવવાનાં હોવાથી શૂટિંગ પડકારજનક હતું. જોકે, અમે બંને પાત્રોના દેખાવ, સ્વભાવ, શારીરિક હાવભાવ, બોડી લેંગ્વેજ, બોલવાની ઢબ અને અવાજ પર ખૂબ તૈયારી કરી હતી. રિહર્સલ દરમિયાન જ બધું યોગ્ય રીતે ગોઠવાઈ ગયું હતું.''



અક્ષયની 'સમુક'માં એલિયનનો ખતરો, ૨૮ મે ૨૦૨૭ના રોજ થિયેટરમાં થશે રિલીઝ



મોશન પોસ્ટરમાં મિલિટરી અવતારમાં જોવા મળ્યો અક્ષય કુમાર

અક્ષય કુમાર હવે સાયન્સ ફિક્શનની દુનિયામાં પ્રવેશ કરવા જઈ રહ્યો છે. ફિલ્મ નિર્માતા વિપુલ અમૃતલાલ શાહ સાથેની તેની આગામી ફિલ્મ 'સમુક'નું મોશન પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યું છે. પોસ્ટરમાં ફિલ્મની એલિયન આધારિત કહાનીની પ્રથમ ઝલક જોવા મળે છે. સાથે જ ફિલ્મની રિલીઝ ડેટ પણ જાહેર કરવામાં આવી છે. આ સાયન્સ ફિક્શન એક્શન થ્રિલર ૨૮ મે, ૨૦૨૭ના રોજ દુનિયાભરના સિનેમાઘરોમાં રિલીઝ થશે.

મોશન પોસ્ટરમાં અક્ષય કુમાર લશ્કરી અંદાજના રફ લૂકમાં જોવા મળે છે. તેના હાથમાં રાઈફલ છે અને તેની સામે કોઈ અજાણી પરગ્રહવાસી શક્તિના વિશાળ હાથની ભયાનક આકૃતિ દેખાય છે. પોસ્ટર સાથે 'ધ મિશન ઈઝ હ્યુમન બટ ધ એનિમી ઈઝન્ટ' ટૅગલાઈન પણ રજૂ કરવામાં આવી છે. આ ટૅગલાઈન પરથી સ્પષ્ટ થાય છે કે ફિલ્મમાં માનવજાતનો સામનો કોઈ અજાણી પરગ્રહવાસી શક્તિ સાથે થવાનો છે. ફિલ્મમાં માનવ અસ્તિત્વ અને બચાવ માટેના સંઘર્ષને રજૂ કરવામાં આવશે.

જોકે, આ જાહેરાત ફિલ્મની કાસ્ટ, પાત્રો કે વાર્તા અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. આગામી અપડેટમાં ફિલ્મ વિશે વધુ વિગતો સામે આવે તેવી શક્યતા છે. 'સમુક'માં અક્ષય કુમાર અને વિપુલ અમૃતલાલ શાહ ફરી એકવાર સાથે કામ કરી રહ્યા છે. આ અગાઉ બંનેએ 'આંખેં', 'વક્તઃ ધ રેસ અગેઇન્સ્ટ ટાઇમ', 'નમસ્તે લંડન', 'સિંગ ઇઝ કિંગ' અને 'એક્શન રિપ્લે' જેવી ફિલ્મોમાં સાથે કામ કર્યું છે. કોમેડી, ડ્રામા, રોમાન્સ અને એક્શન બાદ આ જોડી હવે સાયન્સ ફિક્શન જોનરમાં હાથ અજમાવી રહી છે.

એશિયામાં સૌથી વધુ ઇન્સ્ટાગ્રામ ફોલોઅર્સ ધરાવતી હસ્તીઓમાં વિરાટ કોહલી પ્રથમ ક્રમે

શ્રદ્ધા કપૂર, પ્રિયંકા ચોપરા, આલિયા ભટ્ટ અને કેટરિના કૈફનો પણ યાદીમાં સમાવેશ

૨૦૨૬માં એશિયામાં ઇન્સ્ટાગ્રામ પર સૌથી વધુ ફોલોઅર્સ ધરાવતી હસ્તીઓની યાદીમાં ભારતીય ક્રિકેટર વિરાટ કોહલી પ્રથમ સ્થાને છે. માર્કેટિંગ માઇન્ડ્સ દ્વારા પ્રકાશિત આ રેન્કિંગમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી બીજા અને બ્લેકપિંકની લિસા ત્રીજા ક્રમે છે. ભારતીય મનોરંજન જગતમાંથી શ્રદ્ધા કપૂર, પ્રિયંકા ચોપરા જોનાસ, આલિયા ભટ્ટ અને કેટરિના કૈફ પણ યાદીમાં સ્થાન મેળવ્યું છે. કેટરિના આશરે ૭૮.૬ મિલિયન ફોલોઅર્સ સાથે એશિયાની ટોચની ૧૦ હસ્તીઓમાં સામેલ છે.બોલિવૂડની હસ્તીઓમાં શ્રદ્ધા કપૂર સૌથી વધુ આશરે ૯૪થી ૯૪.૭ મિલિયન ફોલોઅર્સ ધરાવે છે. ત્યારબાદ પ્રિયંકા ચોપરા જોનાસના ૯૨થી ૯૪.૩ મિલિયન, આલિયા ભટ્ટના ૮૫થી ૮૬.૭ મિલિયન અને દીપિકા પાદુકોણના આશરે ૮૦.૩થી ૮૦.૪ મિલિયન ફોલોઅર્સ છે. કેટરિના કૈફના ફોલોઅર્સની સંખ્યા અંદાજે ૭૮.૨થી ૮૦.૨ મિલિયન છે. જોકે, આ આંકડા અંદાજિત છે અને અલગ-અલગ સ્ત્રોતોમાં થોડો તફાવત જોવા મળે છે.એશિયાની ટોચની યાદીમાં બ્લેકપિંકના અન્ય સભ્યો જેની, રોઝી અને જિસુનો પણ સમાવેશ થાય છે. ભારતીય મનોરંજન જગતની લોકપ્રિય હસ્તીઓમાં નેહા કક્કર, સલમાન ખાન, જેકલીન ફર્નાન્ડિસ, ઉર્વશી રૌતેલા અને અક્ષય કુમાર પણ સામેલ છે.

પ્રિયંકા ચોપરા જોનાસનો યાદીમાં સમાવેશ અભિનેત્રી ઉપરાંત ઉદ્યોગસાહસિક અને રોકાણકાર તરીકેની તેની વૈશ્વિક ઓળખને પણ દર્શાવે છે. તાજેતરમાં તેણે લંડનની બે મિશેલિન સ્ટાર ધરાવતી ભારતીય રેસ્ટોરાં જિમખાનાથી પ્રેરિત હોમ-ડાઇનિંગ બ્રાન્ડ 'જિમખાના ફાઇન ફૂડ્સ'માં રોકાણ કર્યું છે. આ બ્રાન્ડ દ્વારા રેસ્ટોરાંનાં ખાસ સ્વાદને વિશ્વભરના ઘરો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરાશે.

બીજી તરફ, કેટરિના કૈફ તાજેતરમાં વોગ ઇન્ડિયાનાં નવેમ્બર-ડિસેમ્બર ૨૦૨૬ના અંકના કવર પર જોવા મળી હતી. આ મેગેઝિન માટે આઠ વર્ષ બાદ તેનું પ્રથમ કવર શૂટ હતું. રિયા કપૂરનાં સ્ટાઇલિંગ અને અબુ જાની-સંદીપ ખોસલાના કસ્ટમ આઉટફિટ્સમાં સજ્જ કેટરિનાની આ તસવીરોમાં એક્ટર, આન્ત્રપ્રિન્યોર અને માતા તરીકેની તેની સફરને રજૂ કરવામાં આવી હતી.માર્કેટિંગ માઇન્ડ્સના જણાવ્યા અનુસાર, ક્રિકેટના મેદાનથી લઈને બોલિવૂડ, વર્લ્ડ મ્યુઝિક અને રાજકીય ક્ષેત્ર સુધીની જાણીતી હસ્તીઓએ ઇન્સ્ટાગ્રામ પર વિશાળ ફોલોઅર્સ વર્ગ ઊભો કર્યો છે. આ રેન્કિંગ એશિયામાં ભારતીય અને આંતરરાષ્ટ્રીય હસ્તીઓની ડિજિટલ લોકપ્રિયતાની ઝલક આપે છે.

ચાર દિવસ જીમમાં કસરત કરું તો પણ જલેબી અને ચીઝકેક જેટલી કેલરી બર્ન ન કરી શકું : રકુલપ્રીત



ફિટનેસ અને મનપસંદ ભોજન વચ્ચે સંતુલન જાળવવું સરળ નથી. અભિનેત્રી રકુલ પ્રીત સિંહ પોતાની શિસ્તબદ્ધ ફિટનેસ દિનચર્યા અને ખાનપાન અંગેની સજાગતા માટે જાણીતી છે. તાજેતરમાં એક પોડકાસ્ટમાં વાતચીત દરમિયાન તેણે એવી પાંચ લોકપ્રિય ભારતીય વાનગીઓ વિશે ખુલાસો કર્યો હતો, જે વાનગીઓ બનાવવાની રીત જોયા બાદ તેણે તે ખાવાનું બંધ કર્યું છે.

પોતાની પસંદગી વિશે વાત કરતાં રકુલે જણાવ્યું હતું કે તે લગભગ દરેક વાનગીનો સ્વાદ ચાખવા તૈયાર હોય છે, પરંતુ તેનો અર્થ એ નથી કે તેને દરેક વાનગી ભાવતી હોય. તેણે મજાકમાં કહ્યું હતું કે તેની એક આદત છે કે તે કોઈપણ વાનગીની ઓછામાં ઓછી એક બાઇટ તો જરૂર લે છે.

રકુલની યાદીમાં સૌથી પહેલાં જલેબીનું નામ આવે છે. લોકપ્રિય ભારતીય મીઠાઈ હોવા છતાં તેને જલેબી ખાસ પસંદ નથી. આ અંગે તેણે કહ્યું હતું કે, 'મને જલેબી સમજાતી નથી, ભલે તે મારી માતાને બહુ ભાવતી હોય.' દિલ્હીમાં ઉછરેલી રકુલને છોલે ભટૂરે પણ ખાસ પસંદ નથી. જોકે, તે છોલે ખાય છે, પરંતુ તેની સાથે પીરસાતા તળેલા ભટૂરા ખાવાનું ટાળે છે.

તેની યાદીમાં પકોડા અને બ્રેડ પકોડાનો પણ સમાવેશ થાય છે. ખાસ કરીને વરસાદની મોસમમાં ચા સાથે ખવાતા આ તળેલા નાસ્તા રકુલને પસંદ નથી. તેણે સ્પષ્ટ કહ્યું હતું કે તેને સામાન્ય પકોડા હોય કે બ્રેડ પકોડા, તળેલી વાનગીઓ ખાવાનો ખાસ શોખ નથી. તેણે મજાકમાં કહ્યું હતું કે, 'ચાર દિવસ જીમમાં કસરત કરું તો પણ આટલી કેલરી બર્ન ન

કરી શકું.' આ જ કારણથી તે ખાવાનું ટાળું છું.

ચીઝકેક પણ તેની નાપસંદ વાનગીઓમાં સામેલ છે. એક વખત ચીઝકેક બનતી જોયા બાદ તેણે આ ડેઝર્ટ ન ખાવાનો નિર્ણય લીધો હતો. આ અનુભવ યાદ કરતાં રકુલે કહ્યું હતું કે ચીઝકેક બનાવવાની રીત જોયાં પછી તેણે ફરી ક્યારેય તે ન ખાવાની પ્રતિજ્ઞા લીધી હતી.

વેલિંગ્ટન ટેસ્ટના પહેલા દિવસે ન્યૂઝીલેન્ડે ૨૪૩ રન બનાવ્યા

હેનરી નિકોલ્સની સદી, ગ્લેન ફિલિપ્સે નોટઆઉટ ૯૪ રન ફટકાર્યા; બુમરાહે 3 વિકેટ ઝડપી

વેલિંગ્ટન ટેસ્ટનો પહેલો દિવસ ઠીક-ઠાક રહ્યો. સવારે પહેલા સેશનમાં ભારતીય પેસર્સનો દબદબો રહ્યો. ત્યારબાદ ન્યૂઝીલેન્ડના બેટર્સે કમબેક કર્યું.

ગુરુવારે પહેલા દિવસની રમત સમાપ્ત થાય ત્યાં સુધીમાં કિવીઝે ૫ વિકેટે ૨૪૩ રન બનાવ્યા. હેનરી નિકોલ્સ ૧૧૩ અને ગ્લેન ફિલિપ્સ ૯૪ રન પર નોટઆઉટ પરત ફર્યા. બંને વચ્ચે ૧૭૩ રનની પાર્ટનરશીપ થઈ.

જસપ્રીત બુમરાહે ટોમ બ્લંડેલ (૫ રન), કેપ્ટન ટોમ લેથમ (૦) અને ડેરીલ મિચેલ (એક રન)ને આઉટ કર્યા. આકાશદીપે રચિન રવીન્દ્ર (૧૫ રન) અને અંશુલ કંબોજે ડેવોન કોનવેની વિકેટ લીધી.



પહેલા દિવસની છેલ્લી ઓવરમાંથી ૩ રન આવ્યા. ૮૨મી ઓવરમાં અંશુલ કંબોજે કોઈ બાઉન્ડરી નહીં આપી. દિવસની રમત સમાપ્ત થવા પર ન્યૂઝીલેન્ડે ૫ વિકેટ પર ૨૪૩ રન બનાવી લીધા.

૮૦ ઓવરની રમત પૂરી થઈ ગઈ છે. ભારતીય કેપ્ટન શુભમન ગિલે નવા બોલની માગ કરી છે. કોઈ ઈનિંગ્સમાં ૮૦ ઓવરની રમત થયા બાદ નવો બોલ ઉપલબ્ધ થાય છે. જોકે, તેને લેવો કે નહીં તેનો નિર્ણય ફિલ્ડિંગ ટીમના કેપ્ટનનો હોય છે.

પ્રસિદ્ધ કૃિષ્નાએ ૭૮મી ઓવરમાં ૫ રન ખર્ચ કરી દીધા. તેના ત્રીજા બોલ પર હેનરી નિકોલ્સે બાઉન્ડરી ફટકારી. પ્રસિદ્ધે ૧૬ ઓવરની બોલિંગમાં ૫૮ રન ખર્ચ કરી દીધા છે.

૭૪મી ઓવરમાં હેનરી નિકોલ્સને લાઈફ લાઈન મળી. પ્રસિદ્ધ કૃિષ્નાના શોર્ટ બોલ પર નિકોલ્સે પુલ શોટ રમ્યો. બોલ બેટની ટોપ એડ્જ લઈને હવામાં ગયો.

બેકવર્ડ સ્ક્વેર લેગથી દેવદત્ત પડિકલ અને વિકેટકીપર રિષભ પંત કેચ લેવા દોડ્યા. બંને વચ્ચે તાલમેલ ન બન્યો અને પડિકલે સરળ કેચ છોડી દીધો.

૭૦મી ઓવરમાં હેનરી નિકોલ્સે સદી પૂરી કરી. તેણે પ્રસિદ્ધ કૃિષ્નાના બોલ પર સ્ક્વેર લેગ તરફ રમીને એક રન લીધો અને ટેસ્ટ કરિયરની ૧૨મી સદી પૂરી કરી. કમબેક કર્યા પછી આ તેની બીજી સદી અને ભારત સામે પહેલી સદી છે. તેણે પહેલા જ ઓવરમાં કેપ્ટન ટોમ લેથમની વિકેટ પડ્યા બાદ ઈનિંગ્સ સંભાળી અને શાનદાર બેટિંગ કરી.

ઇંગ્લેન્ડે ઓસ્ટ્રેલિયા સામે વન-ડે સિરીઝ જીતી:ત્રીજી મેચમાં ૯૭ રનથી હરાવ્યું

ડકેટે ૧૩૩ રન બનાવ્યા, બેકરે ૪ વિકેટ ઝડપી

ઈંગ્લેન્ડે ઓસ્ટ્રેલિયાને તેના જ ઘરઆંગણે વન-ડે સિરીઝમાં ૨-૧થી હરાવ્યું. બુધવારે હોબાર્ટના બેલેરિવ ઓવલમાં રમાયેલી ત્રીજી વન-ડેમાં ઈંગ્લેન્ડે ૯૭ રનથી જીત મેળવી. પ્રથમ બેટિંગ કરતાં ઈંગ્લેન્ડે ૪૮.૩ ઓવરમાં ૩૨૮ રન બનાવ્યા. જવાબમાં ઓસ્ટ્રેલિયાની ટીમ ૪૬.૫ ઓવરમાં ૨૩૧ રને ઓલઆઉટ થઈ ગઈ.

ઈંગ્લેન્ડની જીતનો હીરો ઓપનર બેન ડકેટ રહ્યો. તેણે ૧૧૫ બોલમાં ૧૩૩ રનની ઈનિંગ્સ રમી. આ તેની વન-ડે કારકિર્દીની સાતમી અને ૨૦૨૬ની ચોથી સદી હતી. બોલિંગમાં સની બેકરે ૪૫ રન આપીને ૪ વિકેટ ઝડપી. લિયામ ડૉસનને ૩ વિકેટ મળી.

ઓસ્ટ્રેલિયાની ઈનિંગ્સ દરમિયાન કમેરન ગ્રીનને ગસ એટકિન્સનની ઝડપી બાઉન્સર હેલ્મેટ પર વાગ્યો. ઈજા બાદ તેના હોઠમાંથી લોહી વહેવા લાગ્યું અને તેને મેદાન છોડવું પડ્યું.

કન્કશનના નિયમો હેઠળ તેમની જગ્યાએ ઓલિવર પીકને ટીમમાં સામેલ કરવામાં આવ્યો. પીકે ૫ રન બનાવ્યા અને બેકરની બોલિંગમાં આઉટ થયો.

ટૉસ જીતીને ઈંગ્લેન્ડના કેપ્ટન હેરી બ્રૂકે પહેલાં બેટિંગ કરવાનો નિર્ણય લીધો. ડકેટ અને ટોમ બેન્ટને પ્રથમ વિકેટ માટે ૮.૪ ઓવરમાં ૭૪ રન જોડ્યા. બેન્ટને ૩૫ બોલમાં ૪૪ રન બનાવ્યા. તેઓ જેક એડવર્ડ્સની બોલિંગમાં મિચેલ માર્શને કેચ આપી બેઠા.

ડકેટે ૩૬ બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી. ઈંગ્લેન્ડ એક સમયે ૧૫ ઓવરની અંદર ૧૧૨ રન સુધી પહોંચી ગયું હતું, પરંતુ ત્યાર બાદ ઓસ્ટ્રેલિયાના સ્પિનરોએ કમબેક કર્યું.

મેટ રેનશૉએ જો રૂટ, જોર્ડન કૉક્સ અને ડકેટને આઉટ કર્યા. કૂપર કોનોલી અને ટ્રેવિસ હેડને પણ એક-એક વિકેટ મળી. ઈંગ્લેન્ડનો સ્કોર ૧૧૨/૧થી ૧૯૫/૫ થઈ ગયો.

ડકેટે ૯૪ બોલમાં સદી પૂરી કરી. ૧૧૫ બોલની પોતાની ઈનિંગ્સમાં તેણે ૧૫ ચોગ્ગા અને ૩ છગ્ગા ફટકાર્યા. ૩૯મી ઓવરમાં રેનશૉની બોલ પર તેઓ જોશ ઈંગ્લિસના હાથે કેચ આઉટ થયો.

ત્યાર બાદ વિલ જેક્સે ઝડપથી રન બનાવ્યા. તેમણે ૪૮ બોલમાં ૫૯ રનની ઈનિંગ્સ રમી. ડકેટ અને જેક્સ વચ્ચે ૫૬ રનની ભાગીદારી થઈ.

જેક્સે સેમ કરન સાથે પણ ૪૪ રન જોડ્યા. ઈંગ્લેન્ડની ટીમ ૪૮.૩ ઓવરમાં ૩૨૮ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ. ઓસ્ટ્રેલિયાના જેક એડવર્ડ્સે ૩૧ રન આપીને ૪ વિકેટ ઝડપી. રેનશૉને ૩ વિકેટ મળી.

૩૨૯ રનને ચેઝ કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયાની શરૂઆત ખરાબ રહી. ગસ એટકિન્સને ટ્રેવિસ હેડને આઉટ કર્યો. ત્યાર બાદ સની બેકરે મિચેલ માર્શ અને જોશ ઈંગ્લિસને પેવેલિયન મોકલી દીધા. આઠમી ઓવર સુધીમાં ઓસ્ટ્રેલિયાનો સ્કોર ૩૪ રનમાં ૩ વિકેટ થઈ ગયો હતો.

બેકરે શરૂઆતના સ્પેલમાં ૫ ઓવરમાં ૨૦ રન આપીને ૨ વિકેટ ઝડપી. તેણે ૧૦ ઓવરમાં ૪૫ રન આપીને કુલ ૪ વિકેટ મેળવી. એટકિન્સને પણ નવા બોલથી સારી બોલિંગ કરી.

શરૂઆતના ઝટકાઓ બાદ મેટ રેનશો અને એલેક્સ કેરીએ ચોથી વિકેટ માટે ૭૪ રનની ભાગીદારી કરી. રેનશોએ ૭૦ બોલમાં ૫૫ રન બનાવ્યા. લિયામ ડૉસનને તેને આઉટ કરીને આ ભાગીદારી તોડી. ત્યારબાદ કેરી પણ ૩૭ રન બનાવીને રનઆઉટ થયો.



કોનોલી, ઓલિવર પીક અને જેક એડવર્ડ્સને ડૉસને આઉટ કર્યા. તેણે ૪૨ રન આપીને ૩ વિકેટ ઝડપી. ઓસ્ટ્રેલિયાની ટીમ ૨૦૩ રનમાં ૯ વિકેટ ગુમાવી ચૂકી હતી. છેલ્લી વિકેટ તરીકે હેરી બ્રૂકે સ્પેન્સર જૉનસનને આઉટ કર્યો. ઓસ્ટ્રેલિયાનો દાવ ૨૩૧ રનમાં સમેટાઈ ગયો.

ત્રણ મેચોની સિરીઝની પ્રથમ વન-ડે ઈંગ્લેન્ડ હારી ગયું હતું. ત્યારબાદ તેણે એડિલેડમાં બીજી મેચ ૧૩૫ રનથી જીતી અને નિર્ણાયક મુકાબલામાં ૯૭ રનથી જીત નોંધાવી.

બેનક્રોફ્ટનો ખુલાસો- બોલ ટેમ્પરિંગમાં આખી ઓસ્ટ્રેલિયન ટીમ સામેલ હતી

સેન્ડપેપરનો વિચાર વોર્નરનો હતો, માત્ર સ્ટીવ સ્મિથે ના પાડી

૨૦૧૮માં સાઉથ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા વચ્ચે કેપટાઉનમાં રમાયેલી ત્રીજી ટેસ્ટમાં બોલ ટેમ્પરિંગનો વિવાદ થયો હતો. આ મેચમાં ઓસ્ટ્રેલિયાના ઓપનર કેમરૂન બેનક્રોફ્ટને સેન્ડપેપરથી બોલની સપાટી ઘસતા કેમેરામાં પકડવામાં આવ્યો હતો. તે સમયે સ્ટીવ સ્મિથે કેપ્ટનપદ છોડી દીધું હતું, જ્યારે બેનક્રોફ્ટ અને ડેવિડ વોર્નર સામે પણ કાર્યવાહી કરવામાં આવી હતી.

૮ વર્ષ બાદ બેનક્રોફ્ટે આ વિવાદને લઈને નવો ખુલાસો કર્યો છે. તેણે દાવો કર્યો કે બોલ સાથે છેડછાડની જાણકારી માત્ર તેમને, સ્ટીવ સ્મિથ અને ડેવિડ વોર્નરને જ નહીં, પરંતુ સમગ્ર ઓસ્ટ્રેલિયન ટીમને હતી.

ESPN અનુસાર, બેનક્રોફ્ટે એ પણ જણાવ્યું કે તેમણે મેદાન પર લગભગ દરેક ઓવરમાં સેન્ડપેપરથી બોલ ઘસ્યો હતો. બોલ રિવર્સ સ્વિંગ થવા લાગ્યો ત્યારે ટીમના ખેલાડીઓ તેમની પ્રશંસા કરવા લાગ્યા. સેન્ડપેપરથી બોલ ઘસવાનો વિચાર વોર્નરે આપ્યો હતો, જ્યારે કેપ્ટન સ્ટીવ સ્મિથે આવું કરવાની ના પાડી હતી.

બેનક્રોફ્ટના જણાવ્યા મુજબ, ઓસ્ટ્રેલિયન ટીમમાં બોલની સ્થિતિ બદલવા અને રિવર્સ સ્વિંગ મેળવવા અંગે પહેલેથી જ ચર્ચા થતી હતી. ૨૦૧૭-૧૮ એશિઝ સિરીઝમાં પોતાની પ્રથમ ટેસ્ટ રમતી વખતે તેને અને અન્ય ખેલાડીઓને વિકેટ પડ્યા બાદ બોલની સીમ એટલે કે ક્વાર્ટર સીમને દબાવવા માટે કહેવામાં આવ્યું હતું. તેનાથી બોલની સપાટી ખરબચડી બની શકતી હતી અને રિવર્સ સ્વિંગમાં મદદ મળી શકતી હતી.

બેનક્રોફ્ટે કહ્યું કે ડેવિડ વોર્નર લાંબા સમયથી ટીમમાં બોલની સંભાળ રાખવાની જવાબદારી સંભાળી રહ્યો હતો. તેને રિવર્સ સ્વિંગ અને બોલની સ્થિતિ જાળવી રાખવાની સારી સમજ હતી. બેનક્રોફ્ટે શરૂઆતમાં આ રીતોને ટીમની સામાન્ય પ્રેક્ટિસ માની હતી.

દક્ષિણ આફ્રિકાના પ્રવાસની પ્રથમ ટેસ્ટમાં ડરબનમાં સેન્ડપેપરનો ઉપયોગ થયો નહોતો. પરંતુ બીજી ટેસ્ટમાં પરિસ્થિતિ બદલાઈ ગઈ. પોર્ટ એલિઝાબેથમાં ઓસ્ટ્રેલિયા પ્રથમ ઈનિંગ્સમાં ૨૪૩ રન પર ઓલઆઉટ થઈ ગયું.

બીજા દિવસે ટી-બ્રેક સુધી દક્ષિણ આફ્રિકાએ ૨ વિકેટે ૧૫૩ રન બનાવી લીધા હતા. બોલિંગથી ઓસ્ટ્રેલિયાના બોલરોને વધુ મદદ મળી રહી નહોતી અને ટીમ દબાણમાં હતી.

ટી-બ્રેકની ૨૦ મિનિટ દરમિયાન ડ્રેસિંગ રૂમમાં ખેલાડીઓ અને કોચ મેચની સ્થિતિ અંગે ચર્ચા કરી રહ્યા હતા. બેનક્રોફ્ટ અનુસાર, આ જ વાતચીતમાં બોલને રિવર્સ સ્વિંગ કરાવવાનો મુદ્દો ઉઠ્યો. સામાન્ય રીતે બોલને ચમકાવવાથી અને લાળનો ઉપયોગ કરવાથી ફાયદો થઈ રહ્યો નહોતો.



બેનક્રોફ્ટના જણાવ્યા મુજબ, આ જ ચર્ચા દરમિયાન ડેવિડ વોર્નરે બોલની એક બાજુ પર સેન્ડપેપર ઘસીને તેને ખરબચડી બનાવવાની સલાહ આપી હતી. વોર્નરે કહ્યું હતું કે તે પોતે આ કામ કરી શકે તેમ નહોતો, કારણ કે સિરીઝમાં ટીવી કેમેરાની નજર સતત તેના પર હતી. બેનક્રોફ્ટનો દાવો છે કે ડ્રેસિંગ રૂમમાં આ પ્રસ્તાવ પર અન્ય ખેલાડીઓએ પણ પોતાના મત વ્યક્ત કર્યા હતા અને કેટલાકે સહમતિ દર્શાવી હતી.

બોલિંગ કોચ ડેવિડ સેકર અને મુખ્ય કોચ ડેરેન લેહમેન પણ ત્યાં હાજર હતા. કેપ્ટન સ્ટીવ સ્મિથ પણ વાતચીતમાં જોડાયો હતો. બેનક્રોફ્ટના જણાવ્યા મુજબ, સ્મિથે સ્પષ્ટ કરી દીધું હતું કે તે આ કામનો હિસ્સો બનવા માંગતો નથી અને ત્યાર બાદ વાતચીતથી અલગ થઈ ગયા હતા. બેનક્રોફ્ટે સ્વીકાર્યું કે તેને ખબર હતી કે સેન્ડપેપરનો ઉપયોગ કરવો ખોટું અને છેતરપિંડી છે. તેમ છતાં તેણે આ જવાબદારી સ્વીકારી લીધી. તે સમયે તે પોતાની સાતમી ટેસ્ટ રમી રહ્યો હતો અને ટીમમાં પોતાનું સ્થાન મજબૂત કરવા માંગતો હતો.

ન્યૂઝીલેન્ડ સામે ભારત પર દંડ લાગ્યો

સ્લો ઓવર રેટ માટે મેચ ફીમાંથી ૩૫% કપાશે; નિર્ધારિત સમયમાં ૭ ઓવર ઓછી ફેંકાઈ



ન્યૂઝીલેન્ડ સામેની વનડે શ્રેણી જીત્યા બાદ પણ ભારતીય ટીમ પર દંડ ફટકાર્યો છે. ICCએ ૧૫ નવેમ્બરે માઉન્ટ માઉંગાનુઈમાં રમાયેલી પાંચમી વન-ડેમાં સ્લો ઓવર રેટ માટે ખેલાડીઓની મેચ ફીના ૩૫% કાપવાનો નિર્ણય લીધો છે. ICC મુજબ, સમયની છૂટ મળ્યા છતાં ભારત નિર્ધારિત સમયમાં ૭ ઓવર ઓછા ફેંકી શક્યું. ICCની આચારસંહિતાની કલમ ૨.૨૨ હેઠળ દરેક ઓછા ઓવર માટે ખેલાડીની મેચ ફીના ૫%નો દંડ ફટકારવામાં આવે છે.

ભારતના સ્ટેન્ડ-ઈન વનડે કેપ્ટન શ્રેયસ અય્યરે મેચ રેફરી રંજન મદુગલે દ્વારા લાદવામાં આવેલી સજા સ્વીકારી લીધી. તેથી આ મામલે ઔપચારિક સુનાવણીની જરૂર પડી નહીં.

ભારતે શ્રેણીની છેલ્લી મેચમાં ન્યૂઝીલેન્ડને ૨૨ રને હરાવ્યું હતું. પ્રથમ બેટિંગ કરતાં ભારતીય ટીમે ૨૦૯ રન બનાવ્યા હતા. શરૂઆતના ઝટકાઓ બાદ ઈશાન કિશન અને અક્ષર પટેલે ૪૬-૪૬ રનની ઈનિંગ્સ રમીને ટીમને સંભાળી હતી.

જવાબમાં ભારતીય બોલરોએ ન્યૂઝીલેન્ડની ટીમને ૧૮૭ રનમાં ઓલઆઉટ કરી દીધી હતી. આ જીત સાથે ભારતે સિરીઝ ૩-૧થી પોતાના નામે કરી.

વૈભવ સૂર્યવંશી વિના બિહારે દિલ્હીને હરાવ્યું:મુશ્તાક અલી ટ્રોફીમાં સતત બીજી જીત; બંગાળે ઝારખંડને હરાવ્યું

કેપ્ટન વૈભવ સૂર્યવંશીની ગેરહાજરીમાં બિહારે સૈયદ મુશ્તાક અલી ટ્રોફીની એલીટ ગ્રુપ-B મેચમાં દિલ્હીને ૨ વિકેટે હરાવ્યું.

બુધવારે ઈન્દોરના ડેઈલી કોલેજ મેદાન પર બિહારે ૨૨૫ રનનો ટાર્ગેટ ૧૯.૫ ઓવરમાં ચેઝ કરી લીધો. ટીમને છેલ્લી ઓવરમાં જીત માટે ૧૦ રનની જરૂર હતી. તેણે એક બોલ બાકી રહેતા જ મેચ પોતાના નામે કરી લીધી.



વૈભવે પ્રથમ મેચમાં બિહારની કેપ્ટનશિપ કરી હતી. પરંતુ રાઈઝિંગ એશિયા કપ માટે ભારતીય ટીમમાં પસંદગી થયા બાદ તેઓ ટીમ સાથે જોડાઈ ગયા. તેમના વિના બિહારે આ મેચ રમી.

ટોસ હારીને બેટિંગ કરી રહેલી દિલ્હી તરફથી યશ ધુલે સદી ફટકારી. તેમણે ૫૯ બોલમાં ૧૨૫ રનની ઈનિંગ્સ રમી. ધુલે ૧૬ ચોગ્ગા અને ૭ છગ્ગા ફટકાર્યા.

યશે તેજસ્વી દહિયા સાથે ચોથી વિકેટ માટે ૧૨૬ રનની ભાગીદારી કરી. દહિયાએ ૨૫ બોલમાં ૫૧ રન બનાવ્યા. બંનેની ઈનિંગ્સના આધારે દિલ્હીએ ૨૦૦થી વધુનો સ્કોર બનાવ્યો.

૨૨૫ રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી બિહારની ટીમે આક્રમક શરૂઆત કરી. આયુષ લોહરુ?કાએ ૨૨ બોલમાં ૫૦ રન બનાવ્યા, જ્યારે બિપિન સૌરભે ૧૯ બોલમાં ૪૯ રનની ઈનિંગ્સ રમી. બંનેએ બીજી વિકેટ માટે ૯૨ રન જોડ્યા અને ટીમને મજબૂત સ્થિતિમાં પહોંચાડી.

તે પછી રઘુવેન્દ્ર પ્રતાપ સિંહે ૧૫ બોલમાં ૨૫ રન બનાવ્યા. અંતિમ ઓવરોમાં મયંક કુમારે ૧૩ બોલમાં અણનમ ૨૪ અને પ્રશાંત સિંહે ૮ બોલમાં અણનમ ૧૩ રન બનાવીને ટીમને જીત અપાવી.

ભારતે પેલેસ્ટાઇનને ૪-૧થી હરાવ્યું

ભારતીય અંડર-૧૭ ફૂટબોલ ટીમે એએફસી અંડર-૧૭ એશિયન કપ ૨૦૨૭ ક્વોલિફાયર્સમાં પેલેસ્ટાઈનને ૪-૧થી હરાવ્યું. મંગળવારે મલેશિયાની રાજધાની કુઆલાલંપુરમાં મળેલી આ જીત સાથે ભારતે ગ્રુપ-ઈમાં સતત ત્રીજી મેચ જીતી લીધી. ટીમના હવે ૯ અંક થઈ ગયા છે અને તે મુખ્ય ટુર્નામેન્ટમાં સ્થાન મેળવવાની નજીક પહોંચી ગઈ છે.

મુકાબલામાં પેલેસ્ટાઈનને શરૂઆતની ૧૦ મિનિટમાં જ રેડ કાર્ડ મળ્યું. બીજી તરફ, ભારતીય કેપ્ટન વિરુદ્ધ કરવામાં આવેલા એક વિવાદાસ્પદ ઈશારાને લઈને જાતિવાદના આરોપો પણ લાગ્યા. ભારે વરસાદને કારણે બીજા હાફની શરૂઆતમાં રમત થોડા સમય માટે રોકવી પડી.

ભારત અને પેલેસ્ટાઈન બંનેએ પોતાની શરૂઆતની બે મેચ જીતી હતી અને તેમના ૬-૬ અંક હતા. આ જીત સાથે ભારતના ૯ અંક થઈ ગયા છે. જો ગ્રુપની બીજી મેચમાં મલેશિયાની ટીમ ગ્વામને હરાવવામાં નિષ્ફળ રહે છે, તો ભારતનું ક્વોલિફિકેશન નિશ્ચિત થઈ જશે.

ભારતે મેચની શરૂઆત આક્રમક અંદાજમાં કરી. આઠમી મિનિટે પેલેસ્ટાઈનના મોહમ્મદ જમ્હૂરની ભૂલનો ઋષિકેશ માનવથે લાભ લીધો. તેમના પાસ પર કામગોહાઓ ડોંગેલે ગોલ કરીને ભારતને ૧-૦ની સરસાઈ અપાવી.

બે મિનિટ બાદ જ જમ્હૂરને રેડ કાર્ડ બતાવવામાં આવ્યું. તેમણે ભારતીય ખેલાડી રાજ વાહેનબામને કિક મારી હતી અને તેમના હાથ પર પગ મૂકી દીધો હતો. ત્યારબાદ પેલેસ્ટાઈનને બાકીનો મુકાબલો ૧૦ ખેલાડીઓ સાથે રમવો પડ્યો.

જોકે, એક ખેલાડી ઓછો હોવા છતાં પેલેસ્ટાઈને ૩૩મી મિનિટે બરાબરી કરી લીધી. બોક્સમાં અબ્દેલરહમાન શરીફે હને પાડવામાં આવ્યા બાદ મળેલી પેનલ્ટીને યાજન ખલીફાએ ગોલમાં ફેરવી દીધી.

મેચ દરમિયાન ભારતીય કેપ્ટન અને પેલેસ્ટાઈનની જર્સી નંબર-૧૯ પહેરેલા ખેલાડી વચ્ચે બોલાચાલી થઈ. આ દરમિયાન પેલેસ્ટિનિયન ખેલાડીએ કથિત રીતે એવો ઈશારો કર્યો, જેના પરથી લાગ્યું કે તે ભારતીય કેપ્ટનના શરીરમાંથી દુર્ગંધ આવતી હોવાની વાત કહી રહ્યો હતો.

આ ઘટનાની સોશિયલ મીડિયા પર ટીકા થઈ. આ ઈશારાને ભારત અને દક્ષિણ એશિયાના લોકો વિરુદ્ધ પ્રચલિત વંશીય સ્ટીરિયોટાઇપ સાથે જોડીને જોવામાં આવ્યો.

ફર્સ્ટ હાફ બાદ કુઆલાલંપુરમાં ભારે વરસાદ શરૂ થયો. તેના કારણે સેકન્ડ હાફની શરૂઆતમાં રમત થોડા સમય માટે રોકવી પડી. ફરી રમત શરૂ થયા બાદ ભારતે મેચ પર નિયંત્રણ મેળવી લીધું અને ત્રણ ગોલ કર્યા.




સેન્ડપેપરગેટ પર ક્રિકેટ ઓસ્ટ્રેલિયા સ્વતંત્ર ફોરમ બનાવશે

ક્રિકેટ ઓસ્ટ્રેલિયા (CA)એ ૨૦૧૮ના સેન્ડપેપરગેટ કાંડ સાથે જોડાયેલા ખેલાડીઓ અને સ્ટાફને પોતાનો પક્ષ રજૂ કરવાની તક આપવા માટે સ્વતંત્ર ફોરમ બનાવવાનો નિર્ણય લીધો છે. CAના વચગાળાના અધ્યક્ષ ડેવિડ બૂન અને મુખ્ય કાર્યકારી ટોડ ગ્રીનબર્ગે ઓસ્ટ્રેલિયા-ઈંગ્લેન્ડ વચ્ચેની ત્રીજી વનડેના લગભગ એક કલાક પહેલાં આ અંગે માહિતી આપી હતી.

બૂને સ્પષ્ટ કર્યું કે આ ફોરમનો હેતુ જૂની ઘટનાની ફરી તપાસ કરવાનો નથી. તેના માધ્યમથી ઘટનાથી જોડાયેલા લોકો પોતાના અનુભવો અને દૃષ્ટિકોણ રજૂ કરી શકશે, જેથી ઓસ્ટ્રેલિયન ક્રિકેટ આ વિવાદથી આગળ વધી શકે.

આ વિવાદ ફરી ચર્ચામાં છે અને તેનું કારણ છે ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ક્રિકેટર ઉસ્માન ખ્વાજા. તેમણે પોતાની જીવનકથા 'સબ્ર'માં દાવો કર્યો છે કે ૨૦૧૮ના દક્ષિણ આફ્રિકા પ્રવાસ દરમિયાન સમગ્ર ઓસ્ટ્રેલિયન ટીમને બોલ સાથે ચેડાં કરવાની જાણકારી હતી.



ખ્વાજાએ સિડની મોર્નિંગ હેરાલ્ડને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું- 'આમાં બેટર, બોલર અને સપોર્ટ સ્ટાફ સૌ કોઈ સામેલ હતા.' તેમણે એમ પણ કહ્યું કે પોર્ટ એલિઝાબેથ ટેસ્ટ એટલે કે બીજી ટેસ્ટ મેચ દરમિયાન પણ સેન્ડપેપરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

ખ્વાજાએ આ પણ કહ્યું કે કેપટાઉન ટેસ્ટ દરમિયાન તેઓ કેમરન બેનક્રોફ્ટની પાસે બેઠા હતા, પરંતુ ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ તપાસ દરમિયાન તેમનું નિવેદન પણ લીધું ન હતું.

ખ્વાજાનો આ દાવો ૨૦૨૧માં પેટ કમિન્સ, મિચેલ સ્ટાર્ક, જોશ હેઝલવુડ અને નાથન લાયનની સંયુક્ત રજૂઆતથી અલગ છે. આ ચારેય બોલરોએ તે સમયે બોલ સાથે છેડછાડની જાણકારી હોવાનો ઈનકાર કર્યો હતો.

ખ્વાજાના આરોપો બાદ ઓસ્ટ્રેલિયાના કેપ્ટન પેટ કમિન્સે ગયા શુક્રવારે ૬૮ મિનિટની પ્રેસ કોન્ફરન્સ કરી હતી. તેમણે ખ્વાજાના દાવાઓને સંપૂર્ણપણે ખોટા અને પાયાવિહોણા ગણાવ્યા હતા. આ પહેલાં ફાસ્ટ બોલર મિચેલ સ્ટાર્ક પણ બોલ પર સેન્ડપેપરના ઉપયોગની જાણકારી હોવાનો ઈનકાર કરી ચૂક્યા હતા.

બારડોલી ટાઉન હોલ ખાતે જનજાતીય ગૌરવ સપ્તાહના સમાપન અવસરે મહિલા સંમેલન યોજાયું

સુરત, તા.૧૯

ધરતી આબા ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિની ઉજવણી અંતર્ગત સુરત જિલ્લામાં ચાલી રહેલા 'જનજાતીય ગૌરવ સપ્તાહ'ની ઉજવણીના અંતિમદિને બારડોલી ટાઉન હોલ ખાતે મહિલા સંમેલન યોજાયું હતું. જેમાં નવસારી યુવા મોરચાના પ્રમુખ ડૉ. વિશાલ પટેલ, ડૉ. રવિના વેકરિયાએ મહિલાઓને પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું. આ સંમેલનમાં મહિલા સશક્તિકરણ, દીકરીઓનું શિક્ષણ, આરોગ્ય, પોષણ, પ્રાકૃતિક ખેતી અને સરકારની વિવિધ મહિલાલક્ષી યોજનાઓ અંગે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. આ પ્રસંગે વ્હાલી દીકરી યોજના સહિતની વિવિધ યોજનાઓના સાત લાભાર્થીઓને યોજનાકીય લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ અવસરે ડૉ.વિશાલ પટેલે ભગવાન બિરસા મુંડાના જીવનસંઘર્ષ અને આદિવાસી સમાજના અધિકારો માટે આપેલા યોગદાનને યાદ કરતાં જણાવ્યું હતું કે, ભગવાન બિરસા મુંડાએ નાની વયે જ અન્યાય અને શોષણ સામે અવાજ ઉઠાવી સમાજના ઉત્થાન માટે સંઘર્ષ કર્યો હતો. તેમના બલિદાન અને સંઘર્ષને



નવસારી યુવા મોરચાના પ્રમુખ ડૉ. વિશાલ પટેલની ઉપસ્થિતિ, મહિલા મુખ્ય વક્તા ડૉ. રવિના વેકરિયાએ મહિલાઓને આપ્યું પ્રેરક માર્ગદર્શન

યાદ કરીને નવી પેઢીએ તેમના આદર્શોને જીવનમાં ઉતારવા જોઈએ. તેમણે મહિલાઓની કાર્યક્ષમતા અને સામર્થ્યનું ઉદાહરણ આપતાં જણાવ્યું હતું કે, મહિલાઓ દરેક ક્ષેત્રમાં પોતાની ક્ષમતા સાબિત કરી રહી છે. મહિલાઓને યોગ્ય તક અને પ્રોત્સાહન મળે તો તેઓ સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે.

આ પ્રસંગે ડૉ.રવિના વેકરિયાએ 'નારી તું ન હારી' વિષય પર વકતવ્ય આપતા જણાવ્યું હતું કે, મહિલાઓ પહેલેથી જ સશક્ત છે. મહિલાઓએ પોતાની શારીરિક અને માનસિક સમસ્યાઓ અંગે પરિવારજનો કે વિશ્વાસુ વ્યક્તિઓ સાથે નિઃસંકોચ વાત કરવી જોઈએ. સમાજ શું કહેશે તેવા ડર કે સંકોચથી પોતાની સમસ્યાઓ વ્યક્ત કરતાં અચકાવું ન જોઈએ. મહિલાઓ અનેક પારિવારિક અને સામાજિક જવાબદારીઓ નિભાવવાની સાથે વિવિધ ક્ષેત્રોમાં પણ શ્રેષ્ઠ કામગીરી કરી રહી છે. એક મહિલા બીજી મહિલાને સાથ અને સહકાર આપે તો મહિલા સશક્તિકરણની દિશામાં વધુ મજબૂત પરિવર્તન લાવી શકાય છે. એક મહિલા સ્વસ્થ હશે તો સમગ્ર સમાજ સ્વસ્થ અને સશક્ત બનશે.

માંડવી પ્રાયોજના વહીવટદરશ્રી સિધ્ધાર્થ ગઢવીએ જણાવ્યું હતું કે, ભગવાન બિરસા મુંડાનું જીવન આઝાદીની લડત, સામાજિક સુધારણા અને ધાર્મિક જાગૃતિનું પ્રેરણાદાયી ઉદાહરણ છે. તેમણે મહિલાઓના સ્થાનને સમાજની પ્રગતિનું માપદંડ ગણાવતાં જણાવ્યું હતું કે, જે સમાજમાં મહિલાઓને ઊંચું સ્થાન અને સમાન તકો મળે છે, તે સમાજ પ્રગતિના માર્ગે આગળ વધે છે.

ડુમસ નવી કોલોની પાસે જુગાર રમતા સાત ઝડપાયા

રોકડા રૂપિયા અને પાંચ મોબાઈલ સહિતનો મુદ્દામાલ જપ્ત

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯

સુરતના ડુમસ વિસ્તારમાં જાહેરમાં ગંજીપાનાથી હારજીતનો જુગાર રમતા સાત શખ્સોને પોલીસે ઝડપી પાડ્યા હતા. ડુમસ પોલીસને નવી કોલોની સામે સ્મશાન જવાના રસ્તે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમતા હોવાની માહિતી મળતા પોલીસે દરોડો પાડ્યો હતો. જેમાં સાત શખ્સો જુગાર રમતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, તા.૧૮ નવેમ્બરના રોજ રાત્રે ૧૨.૨૫થી ૧.૨૫ વાગ્યા દરમિયાન નવી કોલોની સામે સ્મશાન જવાના રસ્તા પર ખુલ્લી જગ્યામાં આશીષ સતીશકુમાર પટેલ (ઉં.વ.૩૬), આકાશ સતીશભાઈ પટેલ (ઉં.વ.૩૩), બાદલ રત્નાકર બેહરા (ઉં.વ.૩૬), દિશન પ્યારેલાલ પટેલ (ઉં.વ.૩૫), આયુષ નિલેષભાઈ ચૌધરી (ઉં.વ.૧૮), મનોજ ધનસુખભાઈ રાઠોડ (ઉં.વ.૩૭) અને જયવદન પરસુરામ ખલાસી (ઉં.વ.૪૦) ગોળ કુંડાળું વળીને ગંજીપાનાથી હારજીતનો જુગાર રમી રહ્યા હતા. આ દરમિયાન પોલીસે તમામને ઝડપી પાડી તેમની પાસેથી અંગઝડતીના રૂ.૨૭,૩૫૦ અને દાવ પરના રૂ.૨,૯૫૦ મળી કુલ રૂ.૩૦,૩૦૦ રોકડા કબજે કર્યા હતા. આ ઉપરાંત ગંજીપાનાનાં પર પત્તાં અને પાંચ મોબાઈલ ફોન, જેની કિંમત રૂ.૨૦,૦૦૦ થાય છે, તે પણ જપ્ત કર્યા હતા. પોલીસે રોકડ, મોબાઈલ અને અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ.૫૦,૩૦૦નો મુદ્દામાલ કબજે કરી સાતેય આરોપીઓ સામે જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી હતી.

મહુવા ખાતે ભગવાન બિરસા મુંડા જન્મજયંતિ સપ્તાહ અંતિમદિને મહિલા સંમેલન યોજાયું

પ્રાકૃતિક ખેતી, સ્વચ્છતા, વ્યસનમુક્તિ અને સંસ્કૃતિના જતન માટે ધારાસભ્યનો અનુરોધ

મહુવા અને અંબિકા તાલુકાના સંયુક્ત ઉપક્રમે ભગવાન બિરસા મુંડા જન્મજયંતિ સપ્તાહના સમાપન અવસરે મહુવાના અસ્મિતાભવન ખાતે ધારાસભ્યશ્રી મોહનભાઈ ઢોડીયાના અધ્યક્ષસ્થાને ભવ્ય મહિલા સંમેલન યોજાયું હતું.

આ અવસરે ધારાસભ્યશ્રી મોહનભાઈ ઢોડીયાએ પોતાની બોલી, સંસ્કૃતિ અને ધર્મ પર ગૌરવ રાખવા નવી પેઢીને હાકલ કરીને પોતાના મૂળ અને સંસ્કારો સાથે જોડી રાખવા અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે, નારી શક્તિ ધારે તો ઘર અને સમાજમાં મોટું પરિવર્તન લાવી શકે છે. આ ઉપરાંત, વધતા જતા રોગો સામે રક્ષણ મેળવવા અને લાંબા, નિરોગી આયુષ્ય માટે રાસાયણિક ખાતરો છોડીને 'પ્રાકૃતિક ખેતી' તરફ વળવા અને શુદ્ધ ખોરાક અપનાવવા પર ખાસ ભાર મૂક્યો હતો. તેમણે આંગણવાડી અને આશા વર્કર બહેનોની સેવાઓને બિરદાવી હતી. સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવા બહેનોને વાહક બનવા અપીલ કરી હતી. પોતાની સફળતાની સફર વિશે વિગતો આપતા મોસમીબેને જણાવ્યું હતું કે, તેમનો જન્મ અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના એક નાનકડા ગામમાં થયો હતો. ધોરણ ૧ થી ૧૨ સુધીનું સમગ્ર શિક્ષણ તેમણે પોતાના ગામની સરકારી શાળામાં ગુજરાતી માધ્યમમાં મેળવ્યું હતું. ગામની સરકારી શાળામાં અભ્યાસ કરીને ઉચ્ચ શિક્ષણનું સપનું સાકાર કરવાની દિશામાં તેમણે આગળ ડગલાં ભર્યાં હતાં. ગાંધીનગર ખાતે બી.ટેક. એન્જિનિયરિંગમાં પ્રવેશ મેળવ્યા બાદ શરૂઆતમાં અંગ્રેજી ભાષા અને મોટા વર્ગખંડના વાતાવરણને કારણે સંકોચ અને મુશ્કેલીનો અનુભવ થયો હતો. જોકે, સતત અભ્યાસ, પ્રશ્નો પૂછવાની હિંમત, આત્મવિશ્વાસ અને શિક્ષકોના માર્ગદર્શનના સહારે તેમણે આ પડકારોને સફળતાપૂર્વક પાર કર્યા હતા. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીના સંઘર્ષને યાદ કરતાં તેમણે જણાવ્યું હતું કે, યુપીએસસીની પરીક્ષામાં બે વખત નિષ્ફળતા મળવા છતાં તેમણે પોતાના લક્ષ્ય પ્રત્યેની પ્રતિબદ્ધતા છોડી નહોતી. નિષ્ફળતાને અંત નહીં, પરંતુ વધુ સારી તૈયારી કરવાની તક માનીને તેમણે પ્રયત્નો ચાલુ રાખ્યા હતા. આ દરમિયાન રાજ્ય સરકારની સંસ્થા 'સ્પીપા'ની પ્રવેશ પરીક્ષા પાસ કરી ત્યાં નિઃશુલ્ક તાલીમ તેમજ રહેવા-જમવાની સુવિધાનો લાભ લીધો હતો.

સુરત જિલ્લાના ખેડૂતો પોતાનું ખાતર એડવાન્સ બુકિંગ કરી મેળવી શકશે

સુરત, તા.૧૯

સુરત જિલ્લાના ખેડૂતોને રવિ પાકની સિઝન દરમિયાન રાસાયણિક ખાતર સમયસર, સરળતાથી અને કોઈપણ જાતની હાલાકી વગર મળી રહે તે હેતુસર રાજ્ય સરકારશ્રીના માર્ગદર્શન હેઠળ એક પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે. જેમાં સમગ્ર સુરત જિલ્લામાં ગત તા.૧૩ નવેમ્બર-૨૦૨૬થી ક્કજી (ફેમવર્ક ફોર ફર્ટિલાઇઝર સેલ) એપ્લિકેશન મારફતે "ટોકન સિસ્ટમ" થી ખાતર વિતરણની કામગીરીનો વિધિવત પ્રારંભ કરી દેવામાં આવ્યો છે.

આ નવતર પહેલ અંતર્ગત હવે ખેડૂતો પોતાના મોબાઈલથી જ ખાતરનું એડવાન્સ બુકિંગ કરાવી શકશે. જેના કારણે ખાતર ડેપો કે મંડળી ઉપર લાગતી લાંબી લાઈનોમાંથી મુક્તિ મળશે. ક્કજી એપ્લિકેશનના માધ્યમથી દરેક જરૂરિયાતમંદ ખેડૂતોને તેમની જમીન અને પાકની જરૂરિયાત મુજબ યોગ્ય અને પુરતા જથ્થામાં ખાતર મળી રહેશે. તદઉપરાંત, ગણોત/ભાડૂઆત/ભાગીયાથી ખેતી કરતા, વન અધિકારપત્ર ધરાવતા, મંદિર/ટ્રસ્ટ/સંસ્થાની જમીનમાં ખેતી કરતા તેમજ રાજસ્વ પત્રધારકો (નદી/ડેમની જમીનમાં ખેતી કરતા વગેરે) આ તમામ ખેડૂતો પણ એપ્લિકેશનનો ઉપયોગ કરી ખાતર ખરીદી શકશે. આ સિસ્ટમ હેઠળ ટોકન મેળવવા કે એપ્લિકેશનના ઉપયોગ અંગે કોઈપણ પ્રકારની મુંઝવણ હોય તો નજીકના ખાતર ડેપો/મંડળી, તાલુકા ખેતીવાડી અધિકારી/નોડલ અધિકારીશ્રી અથવા ગ્રામ્ય કક્ષાએ ગ્રામસેવક, વિસ્તરણ અધિકારીશ્રીનો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવે છે. હાલમાં સુરત જિલ્લામાં પૂરતા પ્રમાણમાં ખાતરનો જથ્થો ઉપલબ્ધ હોવાથી કોઈપણ ખેડૂતે ગભરાટ રાખવાની કે બિનજરૂરી સંગ્રહ કરવાની જરૂર નથી તેમ સુરત નાયબ ખેતી નિયામક(વિસ્તરણ)ની યાદીમાં જણાવાયું છે.



જનજાતિય ગૌરવ દિવસ ઉજવણી સપ્તાહના અંતિમ દિને માંડવીમાં મહિલા સંમેલન યોજાયું

સ્ત્રી સશક્તિકરણ અને મહિલાઓને શિક્ષિત-દીક્ષિત કરવાનું ભગીરથ કાર્ય વડાપ્રધાનશ્રી દ્વારા કરવામાં આવી રહ્યું છેઃ વલસાડ જિ.પં. પ્રમુખ હેતલબેન પટેલ

સુરત, તા.૧૯

ધરતી આબા ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે સુરત જિલ્લામાં ચાલી રહેલા 'જનજાતિય ગૌરવ સપ્તાહ'ના અંતિમ દિને માંડવી ઓડિટોરિયમ ખાતે આદિજાતિ મહિલા સંમેલન યોજાયુ હતું. જેમાં મહાનુભાવોને હસ્તે વ્હાલી દીકરી, ગંગા સ્વરૂપા વિધવા સહાય અને ૅ ઝક્કજી હેઠળની બાળશક્તિ સહિતની યોજનાના લાભાર્થીઓને સહાયનું વિતરણ તેમજ મહિલા સશક્તિકરણ, કન્યા કેળવણી, મહિલા સુરક્ષા, પોષણ અને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે મહિલાઓને માહિતગાર કરવામાં આવી હતી.

આ પ્રસંગે મુખ્ય વક્તા વલસાડ જિ.પં. પ્રમુખશ્રી હેતલબેન પટેલે જણાવ્યું કે,ભારત જેવી પૂણ્ય ભૂમિમાં જન્મ લેવાનું ગૌરવ દરેક સ્ત્રીને હોવું જોઈએ. જ્યાં સ્ત્રીને દૈવત્વ સમાન સ્થાન અપાયું છે. સ્ત્રી સશક્તિકરણ અને મહિલાઓને શિક્ષિત-દીક્ષિત કરવાનું ભગીરથ કાર્ય વડાપ્રધાનશ્રી દ્વારા કરવામાં આવી રહ્યું છે. મહિલાઓ સ્વાભિમાન અને ગૌરવભેર જીવન વ્યતિત કરી શકે તે માટે તેઓને આર્થિક પગભર બનાવવા કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અનેક સહાયલક્ષી યોજનાઓ અમલી બનાવવામાં આવી છે. તેમણે મહિલાઓને પોતાની કળા કૌશલ્યને પારખી તેને ઉજાગર કરવા રાજ્ય સરકાર દ્વારા અપાતી વિવિધ યોજનાનો લાભ લઈ આત્મનિર્ભર બનવા પ્રોત્સાહન આપ્યું હતું. તેમણે કહ્યું કે, રાજ્ય સરકાર દ્વારા ગર્ભસ્થ શિશુથી લઈને તેના જન્મ બાદ પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણ, આરોગ્ય, લગ્ન, રહેઠાણ, આર્થિક સશક્તિકરણની અનેક યોજનાઓ અમલી બનાવાઈ છે. આર્થિક સ્વાવલંબનની સાથે જ સ્ત્રીઓના આરોગ્યની દરકાર કરીને મહિલાઓના સર્વાંગી વિકાસને પ્રાધાન્ય અપાયું છે. પુર્ણા શક્તિ, ટેક હોમ રાશન અને માતૃવંદના યોજનાથી કિશોરીઓ, સગર્ભા અને ધાત્રી માતાઓના પોષણ અને આરોગ્યની કાળજી કરવામાં આવે છે. જેથી સુપોષિત અને સશક્ત સ્ત્રી સમાજ અને દેશના વિકાસમાં મહત્વનું યોગદાન આપી શકે. વધુમાં તેમણે દરેક મહિલાઓને કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ચલાવાતી સ્વચ્છતા, પર્યાવરણ જાળવણી અને પ્રાકૃતિક ખેતી સહિતની દેશહિતની મુહિમમાં જાગૃત નાગરિક તરીકે ભાગ લેવા અને ૨૦૪૭ના વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવામાં ફાળો આપવા આહવાન કર્યું હતું.

ધારાસભ્યશ્રી કુંવરજીભાઈ હળપતિએ જણાવ્યું કે, ગુજરાતના તત્કાલીન મહિલા મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલે સૌ પ્રથમ વાર સ્થાનિક સ્વરાજ્યમાં મહિલાઓને અનામત અપાવી સમાજમાં તેમનું સ્થાન સુનિશ્ચિત કર્યું હતું. કેન્દ્ર અને રાજ્ય સરકારે દીકરીઓને કન્યા કેળવણી, સુરક્ષા, સ્વાસ્થ્ય અને રોજગારીમાં પુરૂષ સમોવડી બનાવી છે. તેમણે કહ્યું કે, રાષ્ટ્રપતિ જેવા દેશના સર્વોચ્ચ પદ પર બિરાજી શ્રીમતી દ્રોપદી મૂર્મુએ સમગ્ર આદિજાતિ મહિલાઓને ગૌરવ અપાવ્યું છે. તેમણે 'એક ભારત,શ્રેષ્ઠ ભારત' તેમજ 'વિકસિત ભારત'ની પરિકલ્પનામાં નારી શક્તિને વિશિષ્ટ સ્થાન આપ્યું છે. વધુમાં ધારાસભ્યશ્રીએ ભગવાન બિરસા મુંડાના સંઘર્ષ અને યોગદાન, સામાજિક કુરિવાજો સામેની તેમની લડતને યાદ કરી સૌ કોઈને સમાજ અને દેશના અવિરત વિકાસ માટે સમર્પિત થવા આહવાન કર્યું હતું.

પહેલા પાનાનું ચાલુ
સાઉદીની રાજધાની રિયાધ

દરમિયાન સૌદી વિમાનો અને મિસાઈલોએ યમનાના વિભિન્ન હિસ્સાઓમાં ૮૭ હુમલા કર્યા. તેમના અનુસાર, આ હુમલાઓમાં રાજધાની સના અને આઠ પ્રાંતોમાં નાગરિક ઠીકાનોને નિશાન બનાવવામાં આવ્યા.

હૂતી સંચાલિત અલ-મસીરા ટીવીએ જણાવ્યું કે બુધવારે યમનના મધ્યવર્તી ઈબ્બ પ્રાંતમાં સૌદી હવાઈ હુમલાઓમાં એક બાળક સહિત ઓછામાં ઓછા ત્રણ લોકોનાં મોત થયાં અને પાંચ અન્ય ઘાયલ થયા.

આ દરમિયાન, યમનમાં સૌદી નેતૃત્વવાળા ગઠબંધને કહ્યું કે તેણે હૂતીઓની તરફથી રિયાધ અને સૌદી અરેબિયાના દક્ષિણી ક્ષેત્રો તરફ મોકલવામાં આવેલા બે ડ્રોનને રોકીને નષ્ટ કરી દીધા. ગઠબંધનના પ્રવક્તાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર જારી કરેલા નિવેદનમાં આ જાણકારી આપી. જોકે, નિવેદનમાં કોઈપણ પ્રકારના નુકસાન કે જાનહાનિ વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવી નથી.આ ઘટનાક્રમ હૂતીઓ અને સૌદી નેતૃત્વવાળા ગઠબંધનના સમર્થનવાળી યમનની સરકારી સેનાઓ વચ્ચે વધી રહેલા સૈન્ય ઘર્ષણો વચ્ચે સામે આવ્યા છે. હૂતી આના પહેલાં પણ સૌદી અરેબિયાના તેલ પ્રતિષ્ઠાનો અને સૈન્ય ઠીકાનો પર મિસાઈલ તેમજ ડ્રોન હુમલાઓના દાવા કરતા રહ્યા છે.યમનમાં સંઘર્ષ ૨૦૧૪ના અંતમાં શરૂ થયો હતો, જ્યારે હૂતીઓએ રાજધાની સના અને દેશના ઉત્તરી હિસ્સાના મોટા ક્ષેત્ર પર કબજો કરી લીધો હતો. આના પછી આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત યમન સરકારના સમર્થનમાં સૌદી નેતૃત્વવાળા ગઠબંધને ૨૦૧૫માં સૈન્ય હસ્તક્ષેપ કર્યો હતો.

ભારતમાં લોકશાહી

કર્યો હતો કે ચૂંટણી પ્રક્રિયામાં કથિત-ખામી-ગરબડો છેવટે બહાર આવી જશે વિપક્ષી કાર્યકરોને ચૂંટણી ન લડવાનું બહિષ્કાર કરવાનું કહેવામાં આવે તો તેઓનું શુ થશે?

ચૂંટણી ન લડવામાં આવે તો તે જ ક્ષણે ભારતીય લોકશાહીનાં પાયાને ખતમ નહિં થવા દે વિપક્ષની રણનીતિ પીછેહઠ કરવાની છે.ચૂંટણી ગેરરીતિને જનતા સમક્ષ લઈ જવામાં આવશે અને સમગ્ર વ્યવસ્થા ધ્વસ્ત થઈ ચુકી હોવાનો અહેસાસ કરાવવામાં આવશે.

લોકશાહીમાં વિપક્ષની ભૂમિકા વિશે તેમણે કહ્યું કે ચૂંટણી સીસ્ટમને તોડવા કે ખોરવવા માંગતા નથી વિપક્ષ ચૂંટણી બહિષ્કાર જાહેર કરશે તો સમગ્ર પ્રક્રિયા જ ગેરકાયદે બની જશે વિપક્ષ આવુ નહિં કરે વિપક્ષને ચૂંટણી પંચમાંથી જ માહીતી મળી રહી છે અને ગેરરીતી જાહેર થતાં સંસ્થામાં બદલાવ આવશે.

તેઓએ ૨૦૨૪ ની ચૂંટણીની કાયદેસરતા સામે પણ સવાલ ઉઠાવ્યા હતા. આ સિવાય કયારેય ભારત નહિં આવેલી બ્રાઝીલની મહિલાના નામે પડેલા ૨૩ વોટનો ઉલ્લેખ કર્યો હતો. ૨૦૧૪ ની ચૂંટણીમાં પણ ગરબડ થયાની શંકા હતી.

ડાક પરિક્ષેત્રના
પેજ-૨ પાનાનું ચાલુ

પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે સુરત હેડ પોસ્ટ ઓફિસ કેમ્પસ ખાતે આવેલા નવરચિત ક્ષેત્રીય કાર્યાલયનું નિરીક્ષણ કરી જરૂરી નિર્દેશો આપ્યા હતા. તા.૧લી નવેમ્બર, ૨૦૨૬થી નવા બનેલા સુરત ડાક પરિક્ષેત્રમાં સુરત, ભરૂચ, નર્મદા, ડાંગ, નવસારી, તાપી અને વલસાડ સહિતના ૭ જિલ્લાઓ ઉપરાંત કેન્દ્રશાસિત પ્રદેશ દમણ અને દાદરા-નગર હવેલીનો સમાવેશ થાય છે. આ પરિક્ષેત્રમાં ૬ મંડળો, ૬ હેડ પોસ્ટ ઓફિસો, ૨૩૮ સબ પોસ્ટ ઓફિસો અને ૧૫૬૧ બ્રાંચ પોસ્ટ ઓફિસો મળી કુલ ૧૮૦૫ પોસ્ટ ઓફિસોનો સમાવેશ થાય છે. સુરતમાં પોસ્ટલ સેવાઓના વિસ્તરણને ધ્યાનમાં રાખીને તેને સુરત પૂર્વ અને સુરત પશ્ચિમ એમ બે મંડળોમાં વિભાજિત કરવામાં આવ્યું છે.

શ્રી યાદવે પોસ્ટલ સેવાઓમાં નવીનતા સાથે તેની કાર્યક્ષમતા અને વ્યાપ વધારવા, નાણાકીય સમાવેશને પ્રોત્સાહન આપવા, પોસ્ટ ઓફિસ કાઉન્ટર્સ પર ડિજિટલ વ્યવહારો, આધાર સેવાઓનો વિસ્તાર કરવા, પોસ્ટમેન દ્વારા ડિલિવરી મોબાઈલ એપના માધ્યમથી પોસ્ટની ડિલિવરી કરવા તેમજ ડી પ્લસ ઝીરો અંતર્ગત સ્પીડ પોસ્ટ અને પાર્સલનું ઝડપી વિતરણ સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું. વધુમાં સેવાઓના અસરકારક માર્કેટિંગ માટે વ્યૂહરચના ઘડવા તેમજ ફરિયાદોનો ઝડપી નિકાલ કરવા પર પણ ભાર મૂક્યો હતો. સુરતમાં વ્યવસાયની અપાર સંભાવનાઓને ધ્યાનમાં રાખીને સ્થાનિક ઉદ્યોગસાહસિકો અને વેપારીઓને ઈન્ટરનેશનલ બિઝનેસ સેન્ટર તથા ડાકઘર નિર્યાત કેન્દ્રના માધ્યમથી પોતાના ઉત્પાદનોની આંતરરાષ્ટ્રીય સ્તરે નિકાસ કરવા માટે પ્રોત્સાહિત કરવા પર પણ ભાર મૂક્યો હતો.

તેમણે તમામ અધિકારીઓને આ નાણાકીય વર્ષના નિર્ધારિત લક્ષ્યાંકો સમયમર્યાદામાં હાંસલ થાય તે સુનિશ્ચિત કરવા માટે નિષ્ઠા, પ્રેરણા અને સમર્પણભાવ સાથે કાર્ય કરવા પ્રેરિત કર્યા હતા.

આ બેઠકમાં સુરત પશ્ચિમ મંડળના પ્રવર અધિક્ષક યશકુમાર જૈન, સુરત પૂર્વના અધિક્ષક આઈ. એન. ખ્રિસ્તી, વલસાડના અધિક્ષક જે. આર. વશી, ભરૂચના અધિક્ષક બી. વાય. તહેસીલદાર, નવસારીના અધિક્ષક એસ. આર. મિસ્ત્રી, સહાયક નિદેશક (લોજિસ્ટિક્સ) એસ. વી. પરમાર, બારડોલીના સહાયક અધિક્ષક સી. આર. પટેલ, સહાયક અધિક્ષક દિનેશ મોરે, ડાક નિરીક્ષક મયૂર ચૌધરી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

દિકરાના શૈક્ષણિક
પેજ-૨ પાનાનું ચાલુ

કરતાં અંકલેશ્વરની પ્રેમ એન્ટરપ્રાઈઝ સાથે સચીનકુમાર સેવંતીભાઈ પટેલનું નામ સામે આવ્યું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. પુત્રના દસ્તાવેજોનો દુરુપયોગ કરી પેઢી શરૂ કરી છેતરપિંડી કરનાર સચીનકુમાર પટેલ સામે કાયદેસરની તપાસ અને કાર્યવાહી કરવાની માંગ સાથે દિલીપભાઈ પરમારે ફરિયાદ નોંધાવી છે.

નવી સિવિલ હોસ્પિટલ
પેજ-૨ પાનાનું ચાલુ

એન્ટિબાયોટિક્સના યોગ્ય અને જવાબદારીપૂર્વક ઉપયોગ અંગે શપથ લેવામાં આવ્યા હતા.

માઈક્રોબાયોલોજી અને ફાર્માકોલોજી વિભાગના સંયુક્ત ઉપક્રમે કિડની બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર ખાતે આવેલા ૈૈ કોરિડોરમાં સારવાર અર્થે આવેલા દર્દીઓ અને તેમના પરિવારજનોની વચ્ચે વિશેષ નાટક અને પ્લેકાર્ડ્સ દ્વારા જનજાગૃતિનો સંદેશ પહોંચાડવામાં આવ્યો હતો. આ માધ્યમથી લોકોને સમજાવવામાં આવ્યું હતું કે તબીબની સલાહ વિના સીધા મેડિકલ સ્ટોર પરથી એન્ટિબાયોટિક દવાઓ ન લેવી જોઈએ તેમજ તબીબે સૂચવેલો દવાનો પૂરો ડોઝ અને કોર્સ નિયમિતપણે પૂર્ણ કરવો અત્યંત જરૂરી છે.

આ સમગ્ર આયોજન તબીબી અધિક્ષકશ્રીના માર્ગદર્શન હેઠળ માઈક્રોબાયોલોજી વિભાગના એસોસિયેટ પ્રોફેસર ડૉ.સંગીતાબેન રાજદેવ, ફાર્માકોલોજી વિભાગના એસોસિયેટ પ્રોફેસર ડૉ. ચેતનાબેન પટેલ અને પી.એસ.એમ.વિભાગના એસોસિયેટ પ્રોફેસર ડૉ. વિપુલ ચૌધરીની વિશેષ જહેમતથી સફળ બનાવવામાં આવ્યું હતું.

તદુપરાંત, ઈન્ચાર્જ ઈર્ઙ્મ ડૉ. લક્ષ્મણ ટહેલિયાણી, કિડની બિલ્ડિંગના નોડલ ઓફિસર ડૉ. ભરત ચાવડા, નર્સિંગ સુપ્રિન્ટેન્ડેન્ટ નીરજાબેન પટેલ તેમજ નર્સિંગ એસોસિએશનના સેક્રેટરી ઇકબાલ કડીવાલા અને હોસ્પિટલ સ્ટાફના સંકલન અને સહકારથી આ કાર્યક્રમ યોજાયો હતો. આગામી તા. ૨૪ નવેમ્બર સુધી હોસ્પિટલ ખાતે વિવિધ શૈક્ષણિક અને જનજાગૃતિના કાર્યક્રમો યોજાશે. સપ્તાહ દરમિયાન હાથની સ્વચ્છતા અને ક્વિઝ, પ્રિસ્ક્રિપ્શન ઓડિટ અને સ્પર્ધા હેઠળ દર્દીઓને અપાતી એન્ટિબાયોટિક્સના પ્રિસ્ક્રિપ્શનનું ઓડિટ થશે. ફાર્મસી કાઉન્ટર પર દર્દીઓને દવાનો કોર્સ પૂરો કરવા અંગે કાઉન્સેલિંગ આપવામાં આવશે અને ફાર્માસિસ્ટ માટે વિશેષ સત્ર યોજાશે. આ ઉપરાંત ઓરિએન્ટેશન વર્કશોપ, જનજાગૃતિ વાર્તાલાપ, ૈૈ અને ૈૈ વેઇટિંગ એરિયામાં દર્દીઓ, સગા-સંબંધીઓ અને સ્ટાફને હાથ ધોવાની સાચી પદ્ધતિ અને ઈના ઉપયોગનું પ્રત્યક્ષ નિદર્શન બતાવાશે.

અંકલેશ્વર તાલુકાના
પેજ-૨ પાનાનું ચાલુ

સ્થાનિક સિઝન ઉપરાંત, આખા વર્ષ દરમિયાન બહારની આશરે ૧૩૮ જેટલી ટીમો દ્વારા પણ અહીં ભવ્ય ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે, જે આ ગ્રાઉન્ડની લોકપ્રિયતા દર્શાવે છે. સરપંચ જુનેદ વાડિયા અને તેમની આખી ટીમ દ્વારા આ સમગ્ર આયોજન પાછળ ઉત્સાહભેર જહેમત ઉઠાવવામાં આવે છે. આ સફળ આયોજનમાં પ્રોલાઈફ ગ્રૂપ ઓફ ઈન્ડસ્ટ્રીઝના એમડી કરણ જોલી અને માતોશ્રી ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ સંદીપ પટેલનો પણ સહયોગ સાંપડ્યો હતો.

એક પણ બાળક
પેજ-૨ પાનાનું ચાલુ

આપો. ૩. બાળકને ફરી શાળામાં દાખલ કરવા માટે કચેરી સંપૂર્ણ મદદ કરશે. ૪. સરપંચશ્રી, તલાટીશ્રી, આંગણવાડી કાર્યકર, આશા વર્કરબહેન, શિક્ષકશ્રીઓને સહકાર આપવા વિનંતી છે. મોનિટરીંગ વ્યવસ્થા : સર્વે અસરકારક બને અને એક પણ બાળક રહી ન જાય તે માટે જિલ્લા કક્ષાના કો-ઓર્ડીનેટરશ્રીઓને તાલુકાવાર મોનિટરીંગની જવાબદારી સોંપવામાં આવેલ છે તાલુકામાં મોનિટરીગ કરશે. જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, સુરત દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ૦"શિક્ષણ એ દરેક બાળકનો અધિકાર છે. કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે આપણી સૌની સહિયારી જવાબદારી છે. સર્વેમાં મળેલા તમામ બાળકોને નજીકની શાળામાં પ્રવેશ અપાવી, જરૂરી સહાય આપવામાં આવશે.

પાના નં.૮નું શરૂ
ઉધના રોડ

ઘટનાની જાણ થતાં ઉધના પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને સમગ્ર મામલે તપાસ શરૂ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.સુરતમાં બેફામ દોડતા ભારે વાહનો સામે કડક કાર્યવાહી થાય અને નિર્દોષ લોકોના જીવ બચાવવા ટ્રાફિક નિયમોનું કડક પાલન કરાવવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

કામરેજમાં ૪૪

રહેતો હોવાનું જાણવા મળ્યું છે. પોલીસ તપાસમાં આરોપી ગાંજાનો જથ્થો ખરીદી છૂટક વેચાણ કરવાના ઈરાદે પોતાની મોપેડ પર લઈ જઈ રહ્યો હોવાની વિગતો સામે આવી હતી. પોલીસે ગાંજાના જથ્થા ઉપરાંત એક કાળા રંગની પ્લાસ્ટિકની કોથળી, કથ્થઈ રંગની સેલોટેપ અને તેમાં વીંટાળેલું ન્યૂઝપેપર પણ કબજે કર્યું હતું. આ ઉપરાંત મોપેડની કિંમત રૂ.૩૦ હજાર આંકવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં આરોપીને

સચીનની માસ્ટર માઈન્ડ ઈંગ્લિશ સ્કૂલના લીઝ એગ્રીમેન્ટમાં ગોલમાલ

સરદાર વલ્લભભાઈ પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના નામનો દુરૂપયોગ કરનાર ત્રણ સ્કૂલ સંચાલકો વિરૂદ્ધ ફોજદારી ગુનો દાખલ

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯

સુરતના સચીન કનકપુર વિસ્તારમાં આવેલી માસ્ટર માઈન્ડ ઈંગ્લિશ સ્કૂલના લીઝ એગ્રીમેન્ટમાં ચેડાં કરી બનાવટી દસ્તાવેજો તૈયાર કરી શિક્ષણ વિભાગમાં રજૂ કર્યાનો ગંભીર આક્ષેપ સામે આવ્યો છે. આ મામલે વડોદરાના વેપારીએ નવસારીના ત્રણ શખ્સો સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.


ફરિયાદી ગુરવિન્દરસિંગ જસપાલસિંગ (ઉં.વ.૫૧), રહે. વડોદરા,એ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની માતા ઈન્દરબિર કૌરે હજીરા સબ રજિસ્ટ્રાર કચેરીમાં તા.૧ જૂન, ૨૦૨૨ના રોજ રજિસ્ટર્ડ દસ્તાવેજ નં.૪૨૫૨/૨૦૨૨થી સચીન કનકપુર સ્થિત માસ્ટર માઈન્ડ ઈંગ્લિશ સ્કૂલના મકાન માટે વર્ષ ૨૦૨૨થી ૨૦૩૧ સુધી એટલે કે નવ વર્ષનો લીઝ એગ્રીમેન્ટ કરી આપ્યો હતો. આક્ષેપ મુજબ, નવસારીના પ્રાંજલકુમાર અશોકકુમાર, રિદ્ધિ નરેશ સોની અને નરેશ ટી. સોનીએ એકબીજાની મદદગારીથી ગુનાહિત કાવતરું રચી લીઝ એગ્રીમેન્ટના પેજ નંબર-૮માં ચેડાં કર્યા હતા. નવ વર્ષના બદલે ૧૫ વર્ષનો ખોટો અને બનાવટી લીઝ એગ્રીમેન્ટ તૈયાર કરી શિક્ષણ વિભાગમાં રજૂ કરીને ખોટી રીતે પરવાનગી મેળવી હતી. વધુમાં, આરોપીઓ સરદાર વલ્લભભાઈ પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ કે ટ્રસ્ટી ન હોવા છતાં ટ્રસ્ટના નામે ખોટું લેટરપેડ બનાવી તેનો અસલ તરીકે ઉપયોગ કર્યો હોવાનો પણ ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે. આ અંગે ૧૮ નવેમ્બર, ૨૦૨૬ના રોજ ફરિયાદ નોંધાતાં પોલીસે ત્રણેય આરોપીઓ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

કુલવાડીમાંથી બે કિલો ગાંજા સાથે અરબાઝ અંસારી ઝબ્બે

રાજવીર શેખાવતે હારૂન સંઘવાણી પાસેથી ગાંજાનો જથ્થો છૂટક વેચાણ માટે અરબાઝ અન્સારીને આપ્યો હતો

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯

સુરત શહેરમાં નશીલા પદાર્થોના ગેરકાયદે વેચાણ સામે પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે ચોકબજાર પોલીસ સ્ટેશનની હદમાં કુલવાડી ભરીમાતા રોડ પર આવેલી રેલ રાહત કોલોનીમાં પોલીસે દરોડો પાડી ૨.૦૬૫ કિલો ગ્રામ ગાંજાના જથ્થા સાથે એક યુવકને ઝડપી પાડ્યો હતો. જ્યારે ગાંજાનો જથ્થો પૂરો પાડનારા બે આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર, તા.૧૭ નવેમ્બરના રાત્રે ૯.૫૫ વાગ્યાથી તા.૧૮ નવેમ્બરના વહેલી સવારે ૧.૩૦ વાગ્યા દરમિયાન કુલવાડી ભરીમાતા રોડ પર સુલેમાની મસ્જિદ પાસે આવેલી રેલ રાહત કોલોનીના પ્લોટ નં.૨૬૧ના પહેલા માળે આવેલા મકાનમાં કાર્યવાહી કરવામાં આવી હતી. આ દરમિયાન અરબાઝ હુશૈન નિમાઝુદ્દીન અંસારી (ઉં.વ.૨૩)ને ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો.પોલીસે તેની પાસેથી ૨.૦૬૫ કિલો ગ્રામ ગાંજો, જેની કિંમત રૂ.૧,૦૩,૨૫૦ થાય છે, ઉપરાંત ગાંજો ભરવાનો કોથળો, નવ નાની કોથળીઓ, વજનકાંટો અને વિવો કંપનીનો મોબાઈલ ફોન મળી કુલ રૂ.૧,૦૮,૪૫૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પ્રાથમિક તપાસમાં ગાંજાનો જથ્થો હારૂન સંઘવાણી પાસેથી રાજવીર શેખાવતે મેળવી અરબાઝને આપ્યો હોવાનું સામે આવ્યું છે. પોલીસે અરબાઝની ધરપકડ કરી હારૂન સંઘવાણી અને રાજવીર શેખાવતને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.



(તસવીર : પ્રદીપ ગોહિલ)

સચીન હોઝીવાલા ખાતે ત્રણ માળનું ગોડાઉન અને કારખાનું આગમાં સ્વાહા

ગોડાઉન માલિકો અને કારખાનેદારને આગથી ભારે આર્થિક નુકસાન

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯

સુરતના સચીન GIDC વિસ્તારમાં હોજીવાલા રોડ પર આવેલી એક કાપડ ફેક્ટરીમાં ભીષણ આગ લાગવાની ઘટના સામે આવી છે. આગ એટલી વિકરાળ હતી કે ફાયર બ્રિગેડની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચે તે પહેલાં જ આગે ગંભીર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. જોતજોતામાં ચાર માળની આખી બિલ્ડિંગ આગની લપેટમાં આવી જતાં આસપાસના ઔદ્યોગિક વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. આગના ધુમાડા અને જ્વાળાઓ જોઈ આજુબાજુના લોકો અને કામદારો મોટી સંખ્યામાં રસ્તા પર દોડી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ ભેસ્તાન, ઉન અને ઉધના ફાયર સ્ટેશનની કુલ પાંચ ગાડીઓ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફાયર જવાનોએ તાત્કાલિક પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવાના પ્રયાસો શરૂ કર્યા હતા. જોકે, ફેક્ટરીમાં મોટા પ્રમાણમાં કાપડનો જથ્થો હોવાથી આગ વધુ ભડકી હતી અને તેને ઓલવવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો. આગ ચારેય માળમાં પ્રસરી જતાં આખી બિલ્ડિંગમાં આગની જવાળાઓ જોવા મળી હતી. પ્રાથમિક અનુમાન મુજબ, ફેક્ટરીમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું માનવામાં આવી રહ્યું છે. સચીન GIDC અને હોજીવાલા વિસ્તાર ઔદ્યોગિક એકમોથી ધમધમતો હોવાથી આગને પગલે આસપાસના એકમોના કામદારોમાં પણ ભયનો માહોલ ફેલાયો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસ અને સ્થાનિક તંત્રની ટીમો પણ સ્થળ પર પહોંચી હતી. સુરક્ષાના ભાગરૂપે આસપાસનો વિસ્તાર ખાલી કરાવવા અને ટ્રાફિક નિયંત્રિત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

ઉધના રોડ પર ડમ્પરની અડફેટે ધો.૧૦ના વિદ્યાર્થીનું કરૂણ મોત

કાળ મુખા ડમ્પરે સાયકલ લઈને ટ્યુશને જવા નીકળેલા છોકરાને કચડી માર્યો

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯

સુરતમાં બેફામ દોડતા ભારે વાહનોના કારણે વધુ એક કરુણ અકસ્માતની ઘટના સામે આવી છે. ઉધના-નવસારી રોડ પર પૂરપાટ ઝડપે આવી રહેલા ડમ્પરે ટ્યુશન જવા નીકળેલા ધોરણ ૧૦ના એક વિદ્યાર્થીને અડફેટે લેતાં તેનું કરુણ મોત નીપજ્યું હતું. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે.



મળતી માહિતી મુજબ, પ્રિન્સ રાણા સાઇકલ પર ટ્યુશન માટે જઈ રહ્યો હતો. તે દરમિયાન ઉધના-નવસારી રોડ પર એક બેફામ ડમ્પરે તેને અડફેટે લીધો હતો. અકસ્માત એટલો ગંભીર હતો કે વિદ્યાર્થીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં આસપાસના લોકો મોટી સંખ્યામાં એકત્ર થઈ ગયા હતા.અકસ્માત બાદ સ્થાનિક લોકોએ ડમ્પરચાલકને પકડીને પોલીસને હવાલે કર્યો હતો. બીજી તરફ, પરિવારજનોમાં ભારે શોકનો માહોલ છવાઈ ગયો છે. મૃતક વિદ્યાર્થીના પરિવારે જવાબદાર ડમ્પરચાલક સામે કડકમાં કડક કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે.

અનુસંધાન પાના ૭ પર

પાંડેસરાના ફ્લેટમાંથી ૧.૫૭ લાખના ઘરેણા-રોકડની ચોરી

કબાટમાં રાખેલા બે મંગળસૂત્ર, સોનાની ચેઈન, ચાંદીની મૂર્તિઓ પણ ચોરાઈ ગઈ

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯

સુરતના પાંડેસરા વિસ્તારમાં ચોરોએ બંધ ફ્લેટને નિશાન બનાવી રૂ.૧.૫૭ લાખથી વધુની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બમરોલી રોડ પર આવેલા ઓમ કોમ્પ્લેક્સના ત્રીજા માળે આવેલા ફ્લેટના રૂમમાં રાખેલા કબાટમાંથી સોના-ચાંદીના દાગીના, ચાંદીની મૂર્તિઓ, સિક્કા અને રોકડ રકમની ચોરી થતાં પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. મળતી માહિતી મુજબ, ફરિયાદી નીરજભાઈ ગોવિંદભાઈ પટેલ (ઉં.વ.૩૩) વેપાર કરે છે અને પાંડેસરા-બમરોલી રોડ પર મીલન પોઈન્ટ પાસે આવેલા ઓમ કોમ્પ્લેક્સના સી-૨-૩૦૪ નંબરના ફ્લેટમાં રહે છે. તા.૨૭ ઓક્ટોબર, ૨૦૨૬ના સવારે ૧૧ વાગ્યાથી તા.૫ નવેમ્બર, ૨૦૨૬ના સવારે ૧૦ વાગ્યા દરમિયાન કોઈ અજાણ્યો ચોર ફ્લેટમાં પ્રવેશી રૂમમાં આવેલા કબાટમાં રાખેલા દાગીના અને રોકડની ચોરી કરી ગયો હતો. ચોરે બે સોનાના મંગળસૂત્ર, એક સોનાની ચેઈન, બે સોનાની વીટી, સોનાની એક જોડી કડલી, ચાંદીની પાંચ જોડી પાયલ, ચાંદીની લક્ષ્મીજી અને ગણેશજીની એક-એક મૂર્તિ, પાંચ ચાંદીના સિક્કા તેમજ રૂ.૮ હજાર રોકડા મળી કુલ રૂ.૧,૫૭,૯૩૦ની મત્તા ચોરી કરી હતી. આ બનાવ અંગે નીરજભાઈ પટેલે ૧૮ નવેમ્બરના રોજ પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા ચોર વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જુનુ લેપટોપ વેચવા નિકળેલી મહિલા સાથે ૧.૭૪ લાખની ઠગાઈ

ઓલેક્સ પર ભેટી ગયેલો ગઠિયો મહિલાના ભાણેજના ક્રેડિટ કાર્ડમાંથી રૂપિયા તફડાવી ગયો

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯

સુરતના અમરોલી વિસ્તારમાં OLX પર લેપટોપ વેચવા મૂકનાર મહિલાને જૂનું લેપટોપ ખરીદવા અને નવું HP કંપનીનું લેપટોપ સસ્તામાં અપાવવાની લાલચ આપી રૂ.૧.૭૪ લાખથી વધુની છેતરપિંડી કરવામાં આવી હોવાની ફરિયાદ નોંધાઈ છે. આરોપીએ મહિલાનો વિશ્વાસ કેળવી તેમના ભાણેજના SBI ક્રેડિટ કાર્ડની વિગતો અને OTP મેળવી અલગ-અલગ ટ્રાન્ઝેક્શન કરી નાણાં પડાવી લીધા હતા. મળતી માહિતી મુજબ, અમરોલીની આત્મીય પાર્ક સોસાયટીમાં રહેતાં સંધ્યાબેન ભરતભાઈ મોરે (ઉં.વ.૪૮)એ પોતાના ડેલ કંપનીના લેપટોપને OLX પર વેચવા મૂક્યું હતું. આ દરમિયાન તોફીક ગફાર કાસમાની નામના શખ્સે તેમનો સંપર્ક કરી લેપટોપ ખરીદવાની તેમજ નવું HP લેપટોપ સસ્તામાં અપાવવાની વાત કરી હતી. ત્યારબાદ આરોપી મહિલાના ઘરે પહોંચ્યો હતો અને વિશ્વાસમાં લઈ તેમના ભાણેજ અભિષેક અશોકભાઈ દુધાણીના SBI ક્રેડિટ કાર્ડની વિગતો અને OTP મેળવી લીધા હતા. આરોપીએ ત્રણ અલગ-અલગ ટ્રાન્ઝેક્શન મારફતે રૂ.૮૬,૫૨૦ મેળવ્યા હતા. ઉપરાંત GST સહિત ક્રેડિટ કાર્ડમાંથી રૂ.૮૭,૫૪૦નું ટ્રાન્ઝેક્શન કરાવ્યું હતું. આમ કુલ રૂ.૧,૭૪,૦૬૦ની રકમ મેળવી લીધી હતી. જોકે, ન તો લેપટોપ અપાવ્યું કે ન તો પૈસા પરત કર્યા હતા. આ અંગે સંધ્યાબેને તા.૧૮ નવેમ્બરે અમરોલી પોલીસમાં તોફીક ગફાર કાસમાની વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સુરત જિલ્લા વકીલ મંડળની ૧૮ ડિસેમ્બરે ચૂંટણી યોજાશે

મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે કમલ અસારાવાલાની ફરી વરણી

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯

સુરત જિલ્લા વકીલ મંડળની આગામી ચૂંટણીની તૈયારીઓ તેજ બની છે. આગામી ૧૮ ડિસેમ્બરના રોજ યોજાનારી ચૂંટણી પ્રક્રિયા માટે ચૂંટણી કમિશનર તરીકે સિનિયર વકીલ કમલનયન અસારાવાલાની નિમણૂક સાથે વકીલ મંડળમાં ચૂંટણીનો માહોલ જામ્યો છે.

સુરત જિલ્લા વકીલ મંડળની વર્ષ ૨૦૨૬ માટેની આગામી ચૂંટણી આગામી તારીખ ૧૮/૧૨/૨૦૨૬ના રોજ યોજાનાર છે. આ ચૂંટણી પ્રક્રિયાને સુચારુ રીતે પાર પાડવા માટે સુરત જિલ્લા વકીલ મંડળના પ્રમુખ ઉદય પટેલ અને મંત્રી મુકુંદ રામાણી અને તેમની ટીમ દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.ગુજરાત બાર એસોસીએશનોના નિયમો, ૨૦૧૫ના નિયમ ૪૯ (સી અને ડી) મુજબ આગામી ચૂંટણી પ્રક્રિયા માટે ચૂંટણી કમિશનરની નિમણૂક કરવામાં આવી છે.આ ઉપરાંત, ચૂંટણી કાર્યક્રમ અને તેની આનુષાંગિક પ્રક્રિયા અંગેની તમામ સત્તા ચૂંટણી કમિશનરને સોંપવામાં આવી છે, જેમાં મદદનીશ ચૂંટણી અધિકારીઓ તથા અન્ય સહાયક ચૂંટણી અધિકારીઓની નિમણૂક અને સંકલનની સત્તાનો પણ સમાવેશ થાય છે.

પાંડેસરામાં શેરી કૂતરાએ છ વર્ષના બાળક પર હુમલો કરતા લોહીલુહાણ

ત્રિપુરાનગરમાં ઘર આંગણે રમતા છોકરાના ગાલ પર રખડતા શ્વાને બચકાં ભરી લીધા

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯

સુરત શહેરમાં રખડતા શ્વાનનો ત્રાસ યથાવત્ છે. ત્યારે પાંડેસરા વિસ્તારમાં વધુ એક માસૂમ બાળક શ્વાનના હુમલાનો ભોગ બન્યું છે. પાંડેસરાના ત્રિપુરી નગરમાં શેરીમાં રમી રહેલા છ વર્ષના સાહિલ કુમાર પર અચાનક રખડતા શ્વાને હુમલો કરી તેના ગાલ પર બચકાં ભરી લીધાં હતાં. શ્વાનના હુમલામાં બાળક લોહીલુહાણ થઈ જતાં પરિવારજનોમાં દોડધામ મચી ગઈ હતી. બાળકને તાત્કાલિક સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ, આંગણવાડીમાં અભ્યાસ કરતો સાહિલ શેરીમાં રમી રહ્યો હતો ત્યારે અચાનક એક રખડતો શ્વાન તેના પર તૂટી પડ્યો હતો. શ્વાને બાળકના ગાલ પર બચકાં ભરતાં તેની ચીસોથી આસપાસના વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. બાળકના પિતા પ્રેમ સાગર મૂળ ઉત્તર પ્રદેશના વતની છે અને સુરતની એક કંપનીમાં નોકરી કરે છે. તેમણે જણાવ્યું હતું કે, તેમનો દીકરો ગલીમાં રમી રહ્યો હતો ત્યારે શ્વાને અચાનક હુમલો કર્યો હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ, ત્રિપુરી નગરમાં મોટી સંખ્યામાં રખડતા શ્વાન ફરી રહ્યા છે. જેના કારણે નાના બાળકોને ઘરની બહાર રમવા મોકલતાં પણ વાલીઓમાં ભયનો માહોલ છે. જોકે, બાળકના પિતાએ અગાઉ શ્વાનના ત્રાસ અંગે મહાનગરપાલિકામાં કોઈ ફરિયાદ કરી ન હોવાનું જણાવ્યું હતું. આ ઘટના બાદ સ્થાનિક રહીશોએ તંત્ર સમક્ષ રખડતા શ્વાનને પકડવાની અને વિસ્તારમાં શ્વાનના ત્રાસને નિયંત્રિત કરવાની માગ કરી છે.

સ્વામી નારાયણ મંદિરના નિર્માણના બહાને કરોડોની ઠગાઈ અંગે પોલીસ ફરિયાદ

અંકલેશ્વરના એમ.પી.સ્વામી, સુરતના લાલજીભાઈ ઢોલા સહિત પાંચ આરોપીઓ ભેગા મળીને નિવૃત શિક્ષણ અધિકારીને શીશામાં ઉતારી દીધા

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯

વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયના માધવપ્રિય ઉર્ફે એમ. પી. સ્વામી તથા દર્શન પ્રકાશ ઉર્ફે ડી. પી. સ્વામી ફરી એક વખત વિવાદમાં આવ્યા છે. રાજકોટના ભૂપેન્દ્ર રોડ મંદિર ખાતે બન્નેએ સાથે મળી નિવૃત શાસનાધિકારીને ડાકોરમાં ૩૦૦થી ૪૦૦ વીઘા જગ્યામાં સ્વામિનારાયણ મંદિર બનાવવાનું હોવાથી જમીન ખરીદ કરવાનું કહી છેતરપિંડી આચરી છે. જેમાં આફ્રિકાથી દાન આવવાનું છે કહી પૂર્વઆયોજિત કાવતરૂ રચી વધુ કમિશન અને ઓછી કિંમતે જમીન આપવાના બહાને રોકડા રૂ.૧.૨૫ કરોડ મેળવી લઈ આજ દિવસ સુધી પરત ન આપી છેતરપિંડી આચરી છે, જેને લઈ રાજકોટ શહેર આર્થિક ગુના નિવારણ શાખા દ્વારા અમદાવાદના આરોપી ચિંતન અશ્વિનભાઈ પરમાર, અંકલેશ્વરના માધવપ્રિય સ્વામી ઉર્ફે એમ.પી.સ્વામી, આણંદના દર્શન પ્રકાશ સ્વામી ઉર્ફે ડી. પી. સ્વામી, સુરતના લાલજી બાવભાઈ ઢોલા અને ડાકોરના જેકીકુમાર શરદભાઈ રામી વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

ચોટીલાના નિવૃત શાસનાધિકારી નરસિંહ લધરભાઈ વાઢેરે ફરિયાદમાં જણાવ્યું કે, હું ૨૦૦૪-૦૫માં મોરબી એજ્યુકેશન ડિપાર્ટમેન્ટમા નોકરી કરતો હતો. ત્યારે હું રાજકોટથી મોરબી અપડાઉન કરતો હતો. આ સમયે મારી સાથે બસમાં ભાવેશ પરમાર નામના વ્યક્તિ અપડાઉન કરતા હતા. ભાવેશ મોરબી નાની બજાર ખાતે કાપડની દુકાન ચલાવતા હતા. તેઓ મિત્ર હોવાથી દુકાને બેસવા જતો હતો. ત્યાં ચિંતન અશ્વિનભાઈ પરમાર પણ બેસવા આવતા હતા, તેમની સાથે ભાવેશે મારો પરિચય કરાવ્યો હતો. ચિંતન જમીન મકાન દલાલીનું કામ કરતો હતો.

મે, ૨૦૨૦માં ચિંતને ફોનમાં કહ્યું કે, ડાકોરમાં સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો આશરે ૪૦૦ વીઘા જમીનમાં સ્વામિનારાયણનું ભવ્ય મંદિર બનાવવા માગે છે, જો તમારે આ પ્રોજેક્ટમાં રૂપિયાનું રોકાણ કરવું હોય તો તમને સારૂ વળતર મળશે. તમને આમાં રસ હોય તો હું તમને સંતોની સાથે મુલાકાત કરાવું. જેથી મેં તેઓની પાસે થોડો સમય માંગ્યો હતો અને ત્યારબાદ બે ત્રણ દિવસ પછી ચિંતનનો ફરીવાર ફોન આવ્યો, જેથી ડાકોરવાળા મંદિરના પ્રોજેક્ટમાં રૂપિયા રોકાણ કરવાની વાત કરી હતી. જેમાં મારી સાથે ભાગીદારમાં મારા મિત્ર વિપુલ મનસુખભાઈ કાપડીયા પણ સાથે રહેશે તેમ કહ્યું હતું.

આ પછી ચિંતને મને રાજકોટ ભૂપેન્દ્ર રોડ ખાતે આવેલા સ્વામિનારાયણ મંદિર ખાતે સંતોને મળવા માટે બોલાવ્યો હતો. આ સમયે મારી સાથે મારો દીકરો પિયુષ તથા મારા ભત્રીજા જગદિશ વાઢેર હતા અને ચિંતન પણ ત્યાં મંદિરે હાજર હતો. તેણે અમને મંદિરમા સંતોના ઉતારા આવેલા છે, ત્યાં માધવપ્રીય સ્વામી (એમ.પી.સ્વામી) તથા દર્શનપ્રકાશ સ્વામી (ડી.પી.સ્વામી) તથા લાલજી બાવભાઈ ઢોલા સાથે મુલાકાત કરાવી હતી.

આ વખતે માધવપ્રીય સ્વામી તથા દર્શનપ્રકાશ સ્વામીએ મને વાત કરી હતી કે, ડાકોરમાં અમે સ્વામિનારાયણ ભગવાનનું ભવ્ય મંદિર તથા ગૌશાળા ૩૦૦થી ૪૦૦ વીઘા જમીનમાં બનાવવાના છીએ. જેના માટે અમે ડાકોરના સૂઈ તથા સૈયત ગામમાં મહુધા

અનુસંધાન પાના ૭ પર

અડાજણની મહિલાને ૧૩ દિવસ ડિજિટલ એરેસ્ટ કરી રૂા.૧૪.૫૦ લાખ પડાવાયા

નાસિક પોલીસના ઈન્સ્પેક્ટર તરીકે ઓળખ આપી મની લોન્ડરિંગ કેસમાં ફસાવવાની ધમકી આપી મહિલા પાસે બેંક એકાઉન્ટમાં રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯

સુરતના અડાજણ વિસ્તારમાં રહેતી મહિલાને સાયબર ઠગોએ પોલીસ અધિકારી હોવાની ખોટી ઓળખ આપી ડિજિટલ અરેસ્ટમાં રાખી રૂ.૧૪.૫૦ લાખની છેતરપિંડી આચરી હોવાનો બનાવ સામે આવ્યો છે. વોટ્સએપ પર વોઇસ અને વીડિયો કોલ કરી નાસિક પંચવટી પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર તરીકે ઓળખ આપનાર શખ્સે મહિલાને મની લોન્ડરિંગ અને ફ્રોડ કેસમાં સંડોવાયેલી હોવાનું જણાવી ધરપકડ કરવાની ધમકી આપી હતી.

ફરિયાદ મુજબ, અડાજણના આનંદ મહેલ રોડ પર સરોજ પાર્કમાં રહેતાં દક્ષાબેન બાલકૃષ્ણ મહંતને તા.૨૧ ઓક્ટોબરથી વોટ્સએપ પરથી ફોન આવવા લાગ્યા હતા. ફોન કરનારે પોતાનું નામ ઈન્સ્પેક્ટર વજેસિંહ પાટીલ અને નાસિક પંચવટી પોલીસ સ્ટેશનના અધિકારી તરીકે ઓળખ આપી હતી. આરોપીએ પોલીસ યુનિફોર્મ પહેરી વીડિયો કોલ કર્યો હતો. ત્યારબાદ મહિલાના નામે કેનેરા બેંકનું ડેબિટ કાર્ડ ઇશ્યૂ થયું હોવાનું અને તેના મારફતે મોટા નાણાકીય વ્યવહારો થયા હોવાનું જણાવ્યું હતું. આ ઉપરાંત મુંબઈ પોલીસ, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ, રિઝર્વ બેંક અને ભારત સરકારના નામે બનાવટી પત્રો મોકલી મહિલાને મની લોન્ડરિંગ કેસમાં ફસાવવાની તથા ધરપકડ વોરંટ નીકળ્યું હોવાની ધમકી આપી હતી. તપાસમાં સહકાર નહીં આપે તો ધરપકડ કરવામાં આવશે તેમ કહી ૨૧ ઓક્ટોબરથી ૩ નવેમ્બર સુધી ડિજિટલ અરેસ્ટના નામે માનસિક દબાણ ઊભું કર્યું હતું. ત્યારબાદ બેંક ખાતામાં રહેલી રકમ વેરિફિકેશન માટે ટ્રાન્સફર કરવાનું કહી ૨૬ ઓક્ટોબરે યુનિયન બેંકમાંથી IDFC ફર્સ્ટ બેંકના ખાતામાં રૂ.૮.૫૦ લાખ અને ૨૯ ઓક્ટોબરે બેંક ઓફ ઇન્ડિયામાંથી યસ બેંકના ખાતામાં રૂ.૬ લાખ RTGS કરાવ્યા હતા. આમ કુલ રૂ.૧૪.૫૦ લાખ પડાવી લીધા હતા. આ અંગે દક્ષાબેને ૧૮ નવેમ્બરે ફરિયાદ નોંધાવતાં પોલીસે વોટ્સએપ કોલ કરનાર અને બંને બેંક ખાતાના ધારકો સહિત સંડોવાયેલા શખ્સો સામે તપાસ હાથ ધરી છે.

ગોડાદરામાં સુમન આવાસમાં આવેલા હનુમાન મંદિરમાં ચોરી

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯

સુરતના ગોડાદરા વિસ્તારમાં આવેલા સુમન સંકલ્પ આવાસના હનુમાન મંદિરમાં તસ્કરોએ ચોરીની ઘટનાને અંજામ આપ્યો હતો. અજાણ્યા ચોરોએ મંદિરની લોખંડની ગ્રીલ કટરથી કાપી અંદર પ્રવેશ કર્યો હતો અને ગર્ભગૃહમાં મૂકેલી દાનપેટી રોકડ રકમ સહિત ચોરી કરી ફરાર થઈ ગયા હતા. મળતી માહિતી મુજબ, ગોડાદરા સુમન સંકલ્પ આવાસમાં રહેતા ભરતભાઈ કાળુભાઈ ગોહિલ (ઉં.વ.૪૫) કડિયાકામ કરે છે. તા.૧૬ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૧૧થી સાંજે ૫.૩૦ વાગ્યાના સમયગાળા દરમિયાન અજાણ્યા તસ્કરોએ હનુમાન મંદિરને નિશાન બનાવ્યું હતું. મંદિરના પાછળના ભાગે આવેલી લોખંડની ગ્રીલ કટરથી કાપી તસ્કરો અંદર ઘૂસ્યા હતા. ત્યારબાદ ગર્ભગૃહમાં રાખેલી દાનપેટી રોકડ રકમ સાથે ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ અંગે ભરતભાઈ ગોહિલે તા.૧૮ નવેમ્બરના રોજ પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા ચોરો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કામરેજમાં ૪૪ હજારના ગાંજા સાથે બિહારનો યુવક ઝડપાયો

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯

સુરત જિલ્લાના કામરેજ તાલુકાના ઉંભેળ ગામની સીમમાં મહાદેવ હોટલ પાછળ ઓમ ઈન્ડસ્ટ્રીયલ તરફ જતા કેનાલ ચાર રસ્તા પાસે કામરેજ પોલીસે ગાંજાના જથ્થા સાથે એક યુવકને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની પાસેથી ૮૯૪ ગ્રામ ગાંજો, જેની કિંમત રૂ.૪૪,૭૦૦ થાય છે, તેમજ ગાંજાની હેરાફેરીમાં વપરાતી નંબર પ્લેટ વગરની સુઝુકી બર્ગમેન મોપેડ કબજે કરી કુલ રૂ.૭૪,૭૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.પોલીસે ઝડપેલા આરોપીની ઓળખ સત્યમકુમાર ઉર્ફે પંકજ રણજીત દુબે (ઉં.વ.૨૪) તરીકે થઈ છે. તે મૂળ બિહારના વૈશાલી જિલ્લાના બથના ગામનો રહેવાસી છે અને હાલ બારડોલીના મોતા ગામે આરાધના અંબેલી સોસાયટીમાં

અનુસંધાન પાના ૭ પર

ડિંડોલીના પ્રયોશા વર્લ્ડમાં બંધ ઘરમાં રૂા.૧.૯૮ લાખની ચોરી

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯

સુરતના ડિંડોલી વિસ્તારમાં તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવી રૂ.૧.૯૮ લાખની કિંમતના સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી હતી. સણીયા કણદે રોડ પર આવેલી પ્રયોશા વર્લ્ડ સોસાયટીના મકાનમાં તસ્કરો પ્રવેશ્યા હતા અને બેડરૂમમાં રાખેલા કબાટનું લોક તોડી કે કોઈ સાધન વડે ખોલી અંદરથી દાગીના ચોરી કરી ફરાર થઈ ગયા હતા. મળતી માહિતી મુજબ, પ્રયોશા વર્લ્ડના મકાન નં.૩૬માં રહેતી નંદિતા તપન કાલીપ્રસાદ ભટ્ટાચાર્ય (ઉં.વ.૨૬) નોકરી કરે છે. તા.૨૦ ઓગસ્ટ, ૨૦૨૬ના વહેલી સવારે ૪થી ૬.૩૦ વાગ્યા દરમિયાન કોઈ અજાણ્યો ચોર મકાનમાં પ્રવેશ્યો હતો. તસ્કરે બેડરૂમમાં આવેલા કબાટને નિશાન બનાવી અંદર રાખેલા

અનુસંધાન પાના ૭ પર

